ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

દ્વિતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર - ૦૪

# સલ્તનત કાલીન ઈતિહાસ

(ઈ.સ.૧૩મી થી ઈ.સ.૧૫મી સદી સુધી)

(મુખ્ય વિષય તથા ગૌણ)

વિભાગ

# 4

## પ્રાદેશિક સત્તાઓ : 13મીથી 15મી સદી સુધીની
## (The Regional Powers : 13th-15th Century)


એકમ 23

મધ્ય અને પૂર્વ ભારત (Central and Eastern India) 7

એકમ 24

ઉત્તર તથા પશ્ચિમ ભારત (Northern and Western India) 16

એકમ 25

ઉત્તર ભારતમાં રાજ્ય, વહીવટ અને અર્થવ્યવસ્થા (State, Administration and Economy in North India) 26

એકમ 26

દખ્ખણ અને દક્ષિણ ભારતની પ્રાદેશિક સત્તાઓ (Regional Powers in South India and Deccan) 35

એકમ 27

વિજયનગર સામ્રાજ્ય (The Vijaynagar Empire) 42

એકમ 28

બહમની રાજ્ય (The Bahmanis) 57

કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books) 67

## Expert Committee


Prof. K.N. Panikkar *(Chairman)*

Prof. B.D. Chattopadhyaya
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic
History and Culture
Calcutta University
Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University, Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. A.R. Khan
Prof. Kapil Kumar *(Convenor)*
IGNOU, New Delhi


## Course Preparation Team


Prof. Kapil Kumar
Ms. Mira Rai
Ms. Sangeeta Pandey
Dr. Ahmad Raza Khan } Course Co-ordinators
Dr. Abha Singh }


## Block Preparation Team

| Unit No. | Contributors | Faculty Members |
|---|---|---|
| 23 | Dr. Firdaus Ahmad<br>K.M. College<br>Delhi | Dr. Ahmad Raza Khan |
| 24 | Dr. Sunita Zaidi<br>Jamia Milia Islamia<br>New Delhi | Dr. Abha Singh |
| 25 | Dr. Abha Singh<br>School of Social Sciences<br>IGNOU | Dr. Ahmad Raza Khan |
| 26 | Dr. Ahmad Raza Khan<br>School of Social Sciences<br>IGNOU | Dr. Abha Singh |
| 27 | Ms. Sangeeta Pandey<br>School of Social Sciences<br>IGNOU | Dr. Abha Singh |
| 28 | Ms.Sangeeta Pandey &<br>Dr. Abha Singh<br>School of Social Sciences<br>IGNOU | Dr. Ahmad Raza Khan |

## Course Editor


Prof. A. Jan Qaiser
Centre of Advanced
Study in History
Aligarh Muslim University
Aligarh



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.



*© Indira Gandhi National Open University.*

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

**અનુવાદ :**

| | |
|---|---|
| પ્રો. પી. જી. કોરાટ | અધ્યક્ષ,<br>ઇતિહાસ અનુસ્નાતક ભવન,<br>ભાવનગર યુનિવર્સિટી,<br>ભાવનગર |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| પ્રો. કે. સી. બારોટ | એલ. ડી. આર્ટ્સ કૉલેજ<br>નવરંગપુરા, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. એન. એસ. પઢિયાર | એલ. ડી. આર્ટ્સ કૉલેજ<br>નવરંગપુરા, અમદાવાદ |


**પ્રકાશક**
**કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
**"જ્યોતિર્મય" પરિસર, શ્રી બાલાજી મંદિર સામે, સરખેજ-ગાંધીનગર હાઈ-વે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧**


**શ્ર સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર**
**મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.**

# પ્રાદેશિક સત્તાઓ : 13મીથી 15મી સદી સુધીની
# (The Regional Powers : 13th-15th Century)

વિભાગ 4, 5 તથા 6માં તમે જોઈ ગયા કે આ વિભાગો દિલ્હી સલ્તનતમાં મુખ્યત્વે રાજકીય, વહીવટી તેમ જ આર્થિક બાબતોનું વિવરણ રજૂ કરે છે. આ વિભાગ 7માં ભારતમાં પ્રાદેશિક રાજ્યોના ઉદય અંગે પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ સ્થિતિનું નિર્માણ દિલ્હીની કેન્દ્રીય સત્તા નબળી પડતાં થવા પામ્યું હતું.

આ વિભાગના તમામ એકમોમાં ભારતના જુદા જુદા ભાગોમાં પ્રાદેશિક રાજ્યો - સત્તાઓના વિકાસનું વિવેચન કરવામાં આવ્યું છે. પ્રત્યેક એકમમાં દેશના એક ભાગનું વિવરણ છે. આ રીતે એકમ 23માં મધ્ય અને પૂર્વ ભારત, એકમ 24માં ઉત્તર તથા પશ્ચિમ ભારત અને એકમ 26માં દખ્ખણ તથા દક્ષિણ ભારતની પ્રાદેશિક સત્તાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. એકમ 25માં સંપૂર્ણ ઉત્તર ભારતનાં રાજ્યોના સ્વરૂપની સાથોસાથ ટૂંકમાં તે રાજ્યોના વહીવટ તેમ જ અર્થવ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી છે.

છેલ્લા બે 27 અને 28 એકમોમાં અનુક્રમે વિજયનગર સામ્રાજ્ય તથા બહ્મની રાજ્યની સ્થાપના તેમ જ તેના ઇતિહાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

આ એકમોનાં શીર્ષકોનું વિવેચન લગભગ એકસરખું છે. આ એકમોમાં પ્રાદેશિક રાજ્યો-સત્તાઓના ઉદ્ભવની પ્રક્રિયાઓ, તેનો પ્રાદેશિક વિસ્તાર, પડોશી રાજ્યો તથા દિલ્હી સલ્તનત સાથેના તેના સંબંધો અને આ રાજ્યોની વહીવટી પ્રણાલીઓનું વિવેચન કરવામાં આવ્યું છે.

# એકમ 23 મધ્ય અને પૂર્વ ભારત (Central and Eastern India)

**રૂપરેખા**


23.1 પ્રાસ્તાવિક
23.2 માળવા
23.3 જૌનપુર
23.4 બંગાળ
23.5 આસામ
23.5.1 કમાટા-કામરૂપ
23.5.2 અહોમ
23.6 ઓરિસ્સા
23.7 સારાંશ
23.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 23.1 પ્રાસ્તાવિક

તુઘલક વંશના અંત સાથે ''ભારતના રાજકીય આકાશમાં અમાસની અંધારી રાતે ચમકતા નાનામોટા તારલાઓ''ની હકીકત જોવાનો સમય હવે આવી લાગ્યો છે. તુઘલક વંશના સુલતાનોના શાસન દરમિયાન જ દિલ્હી સલ્તનતના વિઘટનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી અને સૈયદ તેમ જ લોદી વંશના રાજ્યકાળ દરમિયાન આ પરિસ્થિતિ વધારે વણસતી ગઈ હતી. પરિણામે ચૌદમી સદીના ઉત્તરાર્ધમાં અને ખાસ કરીને તો તૈમૂરના આક્રમણ પછી કેન્દ્રીય સત્તા નબળી પડતાં ઉત્તર અને દક્ષિણ ભારતમાં અનેક સ્વતંત્ર પ્રાંતીય-પ્રાદેશિક રાજ્યોનો ઉદય થયો. દિલ્હીનું 'રાજ્ય' છે, 'સલ્તનત' નથી. સલ્તનત તો હવે ઉત્તર તથા દક્ષિણ ભારતનાં નાનાંમોટાં સ્વતંત્ર હિંદુ તેમ જ મુસ્લિમ રાજ્યોમાં વિઘટિત થઈ ગઈ હતી અને એ સાથે ભારતીય સંસ્કૃતિની જ્યોતિ પણ હવે એક જ સ્થળે ઝગમગવાને બદલે આ બધી જગ્યાએ જુદા જુદા સ્વરૂપે ઝગમગવા લાગી હતી. એ દૃષ્ટિએ મધ્યયુગનાં આ બધાં સ્વતંત્ર હિંદુ-મુસ્લિમ રાજ્યોનું ઘણું મહત્ત્વ આંકી શકાય.

આ એકમમાં આપણે મધ્ય તથા પૂર્વ ભારતમાં માળવા, જૌનપુર, બંગાળ, આસામ તથા ઓરિસાનાં પ્રાદેશિક રાજ્યોના ઉદયનો અભ્યાસ કરીશું. આ રાજ્યોની રાજકીય પ્રણાલીની સ્થાપના અને તેના પ્રસાર તથા તેના વિઘટન પર પણ દૃષ્ટિપાત કરીશું.

તમે જોઈ શકશો કે કેવી રીતે આ રાજ્યોનો ઉદ્ભવ થયો અને કેવી રીતે તેઓએ તેનું નેતૃત્વ સ્થાપિત કરવામાં સફળતા મેળવી. ઈ.સ. 1300 થી 1500 સુધીની સદીઓ દરમિયાન મધ્ય અને પૂર્વ ભારતમાં બે પ્રકારનાં રાજ્યોનો ઉદય થયો. એક તો એ રાજ્યો હતાં જેનો ઉદય અને વિકાસ સલ્તનતથી સ્વતંત્ર રીતે થયો, જેમ કે આસામ અને ઓરિસ્સાનાં રાજ્યો. બીજાં, બંગાળ, જૌનપુર તથા માળવા જેવાં રાજ્યો, જે પોતાના અસ્તિત્વ માટે સલ્તનતનાં ઋણી હતાં. આ બધાં રાજ્યો સતત એકબીજા સાથે યુદ્ધ કરતાં રહેતાં હતાં. આ સંઘર્ષોમાં રાજાઓ, અમીર-ઉમરાવોના બનેલા ઉચ્ચ કુલીન વર્ગોએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.


આ એકમનો અભ્યાસ કર્યા બાદ મધ્ય અને પૂર્વ ભારતમાં પ્રાદેશિક રાજ્યોના ઉદય, તેનો પ્રાદેશિક વિસ્તાર, પડોશી રાજ્યો, અન્ય પ્રાદેશિક રાજ્યો તથા દિલ્હી સલ્તનતની સાથેના તેના સંબંધો અંગેની જાણકારી મળી રહેશે.

## 23.2 માળવા (Malwa)

ખિલજી સુલતાન અલાઉદ્દીને ઈ.સ. 1305માં માળવા જીત્યું ત્યારથી ઈ.સ. 1398 સુધી તે સલ્તનતના કબજા નીચે રહ્યું. તૈમૂરના આક્રમણ પછી તેના સુબા દિલાવરખાન ઘોરીએ ઈ.સ. 1406માં દિલ્હીની ધૂંસરી ફગાવી દીધી અને માળવાના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી પરંતુ સ્વતંત્ર સુલતાનપદ ધારણ કરવાનું ઉચિત માન્યું ન હતું. તેણે નિજાર, સૌયાર, દમોહ તથા ચંદેરી પર અધિકાર પ્રાપ્ત કરી પોતાના રાજ્યના સીમાડાઓમાં વધારો કર્યો.

ઈ.સ. 1407માં તેના અવસાન પછી તેનો પુત્ર અલ્પખાન હોશંગ શાહનું પદ ધારણ કરીને માળવાનો પ્રથમ સ્વતંત્ર સુલતાન બન્યો. એ ઘણો બહાદુર અને મહત્ત્વાકાંક્ષી રાજવી હતો. ઈ.સ. 1422માં તેણે 'વેપારીના વેશમાં' અચાનક ઓરિસ્સા પર આક્રમણ કરી, 75 હાથી સહિત પુષ્કળ લૂંટ લઈ આવ્યો હતો; એ જ રીતે તે ખેરલા પર ચઢાઈ કરીને તેના રાજાને પણ કેદ પકડી લાવ્યો હતો. હોશંગ શાહે દિલ્હી, જૌનપુર, ગુજરાત અને દક્ષિણના બહમની સુલતાનો સાથે પણ યુદ્ધો કરેલાં, પરંતુ આ પ્રકારનાં યુદ્ધોનું પરિણામ તેના પોતાના જ અંતમાં આવ્યું. ઈ.સ. 1435માં તેના મૃત્યુ પછી ગાદીએ આવેલો તેનો પુત્ર ગાઝીખાન (મુહમ્મદ શાહ નામ ધારણ કર્યું હતું.) ઘણો નબળો અને અયોગ્ય સાબિત થયો. તેના ટૂંકા શાસનકાળમાં માળવાનો દરબાર આંતરિક ષડ્યંત્રોનો અખાડો બની ગયો અને તેનાં ગંભીર પરિણામો પણ આવ્યાં. અંતમાં ઈ.સ. 1436માં તેના જ અમીર વર્ગના એક સભ્ય મહમૂદ ખિલજી દ્વારા તેની હત્યા કરવામાં આવી અને ગાદી હસ્તગત કરી લેવામાં આવી.

માળવાની ગાદી પર મહમૂદ શાહની સાથે નવા ખલલુ વંશનો પ્રારંભ શરૂ થયો. મહમૂદ શાહ ઘણો જ બહાદુર સુલતાન સાબિત થયો. આગળના સુલતાન મુહમ્મદ પક્ષના અમીરો તથા તેમને મદદ કરનાર ખુદ ગુજરાતના સુલતાન અહમદશાહ પહેલાને પણ તેણે હરાવ્યો હતો. આ ઉપરાંત દિલ્હીના મુહમ્મદ શાહ, બહમની સુલતાન મહમ્મદશાહ -3જો અને મેવાડના રાણા કુંભા સાથે પણ તેને યુદ્ધો થયેલાં. આ રીતે જોઈએ તો સુલતાન મહમૂદ માળવાનો સૌથી શક્તિશાળી સુલતાન ગણાય. તેના સમયમાં માળવાના રાજ્યનો વિસ્તાર દક્ષિણે સાતપૂડા પર્વતમાળા, પશ્ચિમે ગુજરાત રાજ્યની સરહદ સુધી. પૂર્વે બુંદેલખંડ અને ઉત્તરે મેવાડ અને બુંદી સુધી વિસ્તર્યો હતો. તેની ખ્યાતિ ભારતની સીમાઓ વટાવી દૂર




નક્શો 1

ઈજિપ્ત સુધી પહોંચી હતી. ઈજિપ્તના ખલીફાએ તેને સ્વતંત્ર સુલતાન તરીકે માન્ય રાખ્યો હતો અને ત્યાંના સુલતાન અબુ સૈઈદ તરફથી તેના દરબારમાં એક પ્રતિનિધિ મંડળ પણ આવ્યું હતું. તવારીખકાર ફરિશ્તા મહમૂદશાહ વિશે નોંધે છે કે ''તે વિવેકી, બહાદુર, ન્યાયી અને વિદ્વાન હતો અને તેના શાસનકાળ દરમિયાન હિંદુ-મુસ્લિમ પ્રજા ઘણી સુખી હતી તથા બંને પ્રજા વચ્ચે મિત્રાચારી-ભર્યા સંબંધો હતા. સુલતાને રણમેદાનમાં પ્રયાણ ન કર્યું હોય એવું તો ભાગ્યે જ એકાદ વરસ પસાર થયું હશે. એટલે તંબુ એ તેનો મહેલ બન્યો હતો અને રણમેદાન એ એની આરામગાહ હતી. તેનો આરામનો સમય ઐતિહાસિક કથાઓ અને વિશ્વના જુદા જુદા રાજાઓ કે સુલતાનોના દરબારની હકીકતો સાંભળવામાં પસાર થતો.'' આવો આ સુલતાન 34 વરસના લાંબા શાસનકાળ પછી ઈ.સ. 1469માં મૃત્યુ પામ્યો.

મહમૂદ ખિલજીનો પુત્ર તેમ જ ઉત્તરાધિકારી ગિયાસુદ્દીન શાહ (1469-1500) અતિ ધાર્મિક વૃત્તિનો શાસક હતો. તેનો ઘણોખરો સમય પ્રાર્થનામાં પસાર થતો. ધર્મની આજ્ઞા અનુસાર તે મનાઈ કરેલો ખોરાક, ચીજવસ્તુ કે શરાબને અડકતો પણ નહીં. તેણે વિજયોને બદલે સુદૃઢીકરણની નીતિ તરફ વધારે ધ્યાન આપ્યું. ઈ.સ. 1473માં મેવાડના રાણાની સાથેના એક અતિ ટૂંકા સંઘર્ષને બાદ કરતાં ગિયાસુદ્દીન શાહનો શાસનકાળ તેની આ પ્રકારની નીતિને લીધે શાંતિપૂર્ણ રહેવા પામ્યો હતો.

## 23.3 જૌનપુર (Jaunpur)

અફીફના વિવરણ પરથી જાણવા મળે છે કે જૌનપુર શહેરની સ્થાપના સુલતાન ફિરોઝે બંગાળ પરના બીજી વખતના આક્રમણ (ઈ.સ. 1359-60) વખતે પોતાના પિતરાઈ ભાઈ સુલતાન મુહમ્મદ તુઘલકની યાદગીરીમાં કરી હતી. આ શહેર સત્તાનું એક મજબૂત કેન્દ્ર બની ગયું અને ખૂબ જ થોડા સમયમાં તેનો વિકાસ દિલ્હીના એક પ્રતિસ્પર્ધી નગર તરીકે થયો.

મલિક સરવર નામનો બાહોશ ઉમરાવ ખાજસૂરાં તેનો સૂબો હતો અને ફિરોઝ તુઘલકના મૃત્યુ પછી તેના નબળા વારસદારોના સમયમાં તેણે 'મલિક-ઉસ-શર્ક' (પૂર્વનો ઉમરાવ) પદ ધારણ કરી દિલ્હીથી સ્વતંત્ર એવું જૌનપુરનું રાજ્ય ઊભું કરેલું. તે પરથી તેનો વંશ 'શર્કી' વંશ તરીકે ઓળખાય છે. તેની સત્તા ઔંધ તથા દોઆબના કોલ-કોઈલ (અલીગઢ) સુધી વિસ્તરેલી તથા તિરહૂત અને બિહાર પણ તેના કબજામાં હતાં. તેની ઊંચી મહત્ત્વાકાંક્ષાઓને પરિણામે જૌનપુરનો દિલ્હી, બંગાળ, ઓરિસા તથા માળવા સાથે કપરો સૈન્ય સંઘર્ષ થયો. જોકે આ સંઘર્ષોમાં તેને સફળતા ન મળી, પરંતુ તેણે જાજનગર તથા ગ્વાલિયરના શાસકોને પોતાની અધીનતામાં કરી લીધા. તેના ઉત્તરાધિકારી તેમ જ દત્તક પુત્ર કરણફૂલે મુબારકશાહ શર્કી(1399-1401)ને પોતાની સ્થિતિ સુદૃઢ કરવાનો સમય જ મળ્યો નહીં છતાં તેણે સિક્કાઓ પડાવ્યા અને ખુતબાઓ પણ પઢાવ્યા. આમ શર્કી વંશનો ખરા અર્થમાં તે પ્રથમ સુલતાન બન્યો.

મુબારકના અવસાન બાદ તેનો નાનો ભાઈ ઈબ્રાહીમ શાહ શર્કી (1401-1440) ગાદીએ આવ્યો. શર્કી વંશનો તે સૌથી મહાન રાજવી હતો અને તેનો 39 વરસનો શાસનકાળ જૌનપુર માટે 'સુવર્ણયુગ' હતો. તેણે પ્રભાવશાળી રીતે પોતાના રાજ્યનો પ્રસાર કર્યો. કનોજનો વિજય (1406) તેનો સૌથી મહત્ત્વપૂર્ણ વિજય હતો. ઈ.સ. 1407માં દિલ્હી પર આધિપત્ય સ્થાપવાની ઇચ્છાથી આક્રમણ કર્યું, પરંતુ શરૂઆતની સફળતાને બાદ કરતાં તેનો આ પ્રયાસ નિષ્ફળ રહ્યો. જોકે તેણે કાલ્પી (1414) ઉપર પણ અધિકાર સ્થાપિત કરી દીધો હતો, પરંતુ કાલ્પીનો શાસક કાદિરખાન તેના માટે સમસ્યાઓ પેદા કરી રહ્યો હતો. ઈ.સ. 1414માં ઈબ્રાહીમ શાહ શર્કીએ બંગાળના શાસક ગણેશને પણ હરાવ્યો. શાસનકાળનાં અંતિમ વરસોમાં તેણે ફરી ઈ.સ. 1437માં દિલ્હી પર આક્રમણ કર્યું અને તેની આજુબાજુનાં કેટલાંક પરગણાંઓ પર અધિકાર કરી લીધો. સુલતાન મૌહમ્મદ શાહ તુઘલકે આથી તેની સાથે સમજૂતી કરી લીધી. સુલતાન પોતાની પુત્રી બીબી હાજીનો વિવાહ ઈબ્રાહીમ શાહના પુત્ર મહમૂદ ખાન સાથે કરવા સહમત થયો. ઈબ્રાહીમની શક્તિશાળી સફળતાઓએ જૌનપુર રાજ્યની પ્રતિષ્ઠામાં વધારો કર્યો.

આ વિદ્વાન અને સંસ્કારી રાજવીના સમયમાં વિદ્વાનો તથા તત્ત્વજ્ઞાનીઓ અહીં આવીને વસવાટ કરવા લાગ્યા. તેના સમયમાં જૌનપુર શહેરને સુંદર મહાલયો વડે શણગારવામાં આવ્યું. સ્થાપત્યની એક નવી જ હિંદુ અસરયુક્ત શર્કી શૈલી અસ્તિત્વમાં આવી. આ ઉપરાંત સંગીત તથા બીજી લલિતકલાઓનો પણ ઘણો સુંદર વિકાસ થયો. તેના સમયમાં આવી ઉચ્ચ સાંસ્કારિક પ્રવૃત્તિઓને કારણે જૌનપુરને 'શિરાઝ-એ-હિન્દ'નું બિરુદ મળ્યું હતું.

ઈબ્રાહીમના ઉત્તરાધિકારીઓ મહમૂદ શર્કી (1440-54), મોહમ્મદ શર્કી (1457-58) અને હુસેન

શર્કી(1448-1505)ના શાસનકાળ દરમિયાન દિલ્હી સુલતાનો સાથે સતત સંઘર્ષો થતા રહ્યા. અંત બહલોલ લોદીએ ઈ.સ. 1483-84માં જૌનપુર ઉપર અધિકાર કરી લીધો અને તેને મુબારક નોહાનીના આધિપત્ય તળે મૂકી દીધું. હુસેન શાહ શર્કીએ તેને પુનઃ પ્રાપ્ત કરવા માટે અંતિમ પ્રયાસ કર્યા, પરંતુ તે અસફળ રહ્યો. આખરે બહલોલ લોદીએ પોતાના પુત્ર બરબકશાહને જૌનપુરના સિંહાસન પર બેસાડી દીધો અને આ રીતે શર્કી શાસકોના શાસનનો અંત આવ્યો.

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. હોશંગ શાહની મુખ્ય સિદ્ધિઓ વર્ણવો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

2. ઈબ્રાહિમ શાહ શર્કીના શાસનકાળની મુખ્ય ઘટનાઓ વર્ણવો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

3. શર્કી શાસકોનું પતન કેવી રીતે થયું ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................


..................................................................................................

## 23.4 બંગાળ (Bengal)

બંગાળ દિલ્હીથી ઘણું જ દૂર આવેલું હતું અને પોતાની ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિઓને કારણે તેના પર દિલ્હીના સુલતાનો દ્વારા કડક નિયંત્રણ રાખવું એ અત્યંત મુશ્કેલ કાર્ય હતું. બંગાળના સૂબાઓ-શાસકોએ આ સ્થિતિનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો. જેવી કેન્દ્રીય સત્તા નબળી પડતી કે સુલતાનો કોઈ અન્ય સ્થાને રોકાયેલા માલૂમ પડતા ત્યારે આ પ્રદેશના અમીર-ઉમરાવો અર્ધ-સ્વતંત્ર શાસકોના રૂપમાં કાર્ય કરવાનું શરૂ કરી દેતા હતા.

બારમી સદીના અંત ભાગમાં ઈખત્યાર ઉદ્-દીન મુહમ્મદ-બીન-બખત્યાર ખિલજી નામના ઘોરી શાહના સેનાપતિએ બંગાળને ઇસ્લામના નેજા નીચે આણ્યું ત્યારથી તે દિલ્હી સલ્તનતનો એક ભાગ તો બન્યું. પરંતુ તેના સૂબાઓની વહેલામાં વહેલી તકે સલ્તનતમાંથી છૂટવાની પ્રવૃત્તિઓ પણ ચાલુ રહી હતી અને તેમાં તેઓ સફળ પણ થતા. કારણ, પ્રદેશ ફળદ્રુપ હતો. પરંતુ દિલ્હીથી ઘણે દૂર આવેલ હતો અને લોકોમાં એક પ્રકારની સ્થાનિક સ્વતંત્રતા ભોગવવાની વૃત્તિએ હંમેશાં મધ્યસ્થ સત્તાથી સ્વતંત્ર થવા તેમને પ્રેરણા આપ્યા કરી હતી. દિલ્હી સલ્તનતના પ્રથમ સુલતાન કુતુબુદ્દીન ઐબક(1206-1210)ના શાસનકાળ દરમિયાન જ બંગાળ છૂટું પડી ગયું હતું. પરંતુ સુલતાન બલ્બને પુનઃ તેના પર વર્ચસ્વ જમાવ્યું હતું અને પોતાના શાહજાદા બુઘ્રાખાનને સૂબા તરીકે ત્યાં મોકલ્યો હતો પરંતુ બલ્બનનું અવસાન થતાં જ બુઘ્રાખાન પોતે સ્વતંત્ર થયો હતો. આ પછી સુલતાન ગ્યાસુદ્દીન તુઘલકે ફરી પાછો બંગાળને હાથમાં રાખવાનો પ્રયત્ન કર્યો હતો. તેણે બંગાળ પ્રદેશને લક્ષ્મણાવતી (ગૌડ), સટગાંવ અને સોનારગાંવ - એવાં ત્રણ વહીવટી એકમોમાં વિભાજિત કરી દીધો અને પ્રત્યેક પર અલગ અલગ વહીવટી અધિકારીઓ નીમ્યા તથા એ બધા વ્યક્તિગત રીતે સલ્તનતને તાબે રહે તેવી યોજના કરી હતી.

આમ કરવાથી સ્થાનિક પ્રભાવશાળી તત્ત્વોની તાકાત તોડવામાં મદદ મળી અને દિલ્હીના નિયંત્રણમાં વધારો થયો. તોપણ વખતોવખત બંગાળ તરફથી દિલ્હીના પ્રભુત્વને પડકારો મળતા જ રહ્યા.




નકશો-2

સુલતાન મુહમ્મદ તુઘલકના અવસાન પછી તો ઈલિયાસ શાહે (1342-1357) ઈ.સ. 1345માં બંગાળના ત્રણે વિભાગોને પુનઃ એકત્ર કરી બંગાળના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. તેણે તિરહુત તથા ઓરિસા અને દિલ્હી સલ્તનતના દક્ષિણ-પૂર્વના પ્રદેશો પર આક્રમણ કરી વિસ્તારવાદી નીતિ અખત્યાર કરી ત્યારે સુલતાન ફિરોઝ તુઘલકે તેને નમાવવાનો અસફળ પ્રયત્ન કરી જોયો. ઈ.સ. 1357માં તેના અવસાન બાદ તેના પુત્ર સિકંદરના હાથમાંથી બંગાળ પાછું લેવાનો ફિરોઝ તુઘલકે બીજો પ્રયાસ કર્યો પરંતુ આખરે તેને બંગાળની સ્વતંત્રતા સ્વીકારવી પડી.

સિકંદર શાહનો પુત્ર ગ્યાસુદ્દીન આઝમ શાહ (ઈ.સ. 1389-1409) એક લોકપ્રિય શાસક હતો. તેને કમાટા તથા અહોમના રાજાઓના સંયુક્ત લશ્કરનો સામનો કરવો પડયો અને કરાતોય નદીની પારના પ્રદેશો આપવા પડયા. ઈ.સ. 1406માં ચીની શાસકોના દૂતો આવતાં ચીન સાથે કૂટનૈતિક સંબંધો સ્થાપિત થયા.

ઈ.સ. 1409માં ગ્યાસુદ્દીન શાહની હત્યા પછી બંગાળે આંતરિક અરાજકતા તથા સંઘર્ષોના બેવડા સંકટનો સામનો કરવો પડયો. પરંતુ ઈલિયાસ શાહના એક વંશજ નસીરુદ્દીન અબુલ મુજફ્ફર મહમૂદ સત્તાસ્થાને આવતાંની સાથે જ તમામ મામલાઓનું નિરાકરણ થઈ ગયું. તેના પુત્ર રુકનુદ્દીન બારબકે (1459-74) વિસ્તારવાદી નીતિ અપનાવી જેના પરિણામે તેના રાજ્યની સીમાઓ ગંગાની ઉત્તરે બરનર સુધી તથા દક્ષિણમાં જૈસ્સોર-ખુલના સુધી વિસ્તાર પામી. તેમાં એબિસીનિયાના ગુલામ સૈનિકોએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. પરંતુ બારબક દ્વારા આ ગુલામોને સંરક્ષણ આપવાની નીતિ ઘાતક સિદ્ધ થઈ. આ બધાં વર્ષો દરમિયાન બંગાળામાં રાજકીય અંધાધૂંધી અને કાવતરાં તથા ખૂનાં-મરકીની પરંપરા ચાલી. આખરે હબસી શાહોના અત્યાચારી શાસનથી ત્રાસીને ઉમરાવોએ ઈ.સ. 1493માં અલાઉદ્દીન હુસેન શાહને ગાદી આપી.

બંગાળના ઇતિહાસમાં આ હુસેની વંશના શાસન સાથે જાણે કે નવા યુગનો પ્રારંભ થયો. અલાઉદ્દીન હુસેન શાહ (ઈ.સ. 1493-1509) શક્તિશાળી, સંસ્કારી અને પ્રજાકલ્યાણની ભાવનાવાળો શાસક હતો. તેની સત્તા બંગાળના બધા જ પ્રાંતો પર ચાલતી હતી અને તેના શાસનકાળ દરમિયાન કોઈ પણ સ્થળે બળવાનું નામોનિશાન પણ ન હતું. તેણે માત્ર એબિસીનિયન ગુલામો પર નિયંત્રણ સ્થાપિત કરવામાં જ સફળતા મેળવી હતી એટલું જ નહીં બલકે એક ઊંડી પ્રસારવાદી નીતિ પણ અપનાવી હતી. તેના શાસનકાળમાં બંગાળની સીમાઓ ઉત્તર-પશ્ચિમમાં બિહારમાં આવેલા સરન સુધી, દક્ષિણ-પૂર્વમાં સિલહટ તથા ચટગાંવ સુધી, ઉત્તર-પૂર્વમાં હાજી અને દક્ષિણ-પશ્ચિમમાં મન્દરાન સુધી ફેલાયેલી હતી. ઈ.સ. 1495માં તેને સુલતાન સિકંદર લોદીના શક્તિશાળી આક્રમણનો પણ સામનો કરવો પડયો, કારણ કે અલાઉદ્દીન હુસેન શાહે જૌનપુરના શાસકને આશરો આપ્યો હતો. પરંતુ પાછળથી આવા ભાગેડુઓને રાજ્યાશ્રય ન આપવાની શરતે એક સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા.

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિઓએ બંગાળને પોતાની સ્વતંત્રતા ટકાવી રાખવામાં કેવી રીતે મદદ કરી ?

 ..............................................................................................
 ..............................................................................................
 ..............................................................................................
 ..............................................................................................
 ..............................................................................................

2. 15મી સદીના અંતમાં બંગાળની રાજનીતિમાં એબિસીનિયાઈ કુલીનોની શું ભૂમિકા હતી ?

 ..............................................................................................
 ..............................................................................................
 ..............................................................................................
 ..............................................................................................
 ..............................................................................................

## 23.5 આસામ (Assam)

ભૌગોલિક દૃષ્ટિએ મધ્યકાલીન આસામમાં પશ્ચિમમાં કરાતોયા નદીની ખીણની સાથોસાથ સંપૂર્ણ બ્રહ્મપુત્રા નદીની ખીણ તથા ઉત્તર-પૂર્વમાં મિશ્મી પર્વતમાળા તેમ જ પટકાય બૂમના સમગ્ર ઈલાકાનો સમાવેશ થતો હતો. તેની પૂર્વ તરફ બર્મા રાજ્યની સીમા સમાંતરે મળતી હતી. 13મી સદીથી 15મી સદી સુધી આસામમાં ચૂટિયા, અહોમ, કોચ, દિમાસા, ત્રિપુરી, મણિપુરી, ખાસી તેમ જ જૈનતિયા જેવી કબીલાઈ રાજકીય પ્રણાલીઓ અસ્તિત્વમાં હતી. આખરે ચૂટિયા અને અહોમ કબીલાઓ શક્તિશાળી કબીલાઓ તરીકે ઉદય પામ્યા. આ સિવાય આસામમાં કમાટા (કામરુપ) રાજ્ય પણ હતું.

### 23.5.1 કમાટા-કામરુપ (Kamata-Kamrup)

મધ્યકાલીન કમાટા રાજ્યમાં બ્રહ્મપુત્રા નદીના ખીણપ્રદેશ સહિત ભૂતાન, કૂચ-બિહાર, મૈમનસિંહ તથા ગારો પહાડીઓનો વિસ્તાર સામેલ હતો. રાય સંધ્યાના સમય (1250-70) સુધી કામરુપ (આધુનિક ઉત્તરી ગૌહાટી) કમાટા રાજ્યની રાજધાની હતી પરંતુ કચારી રાજ્યના પ્રસારે રાય સંધ્યાને પોતાની રાજધાનીને કામરુપથી કમાટાપુર (અત્યારના કૂચ-બિહાર જિલ્લામાં) લઈ જવા માટે ફરજ પાડી અને ત્યારથી તેને કામરુપ-કમાટા રાજ્ય કહેવાનું શરૂ થયું.

મોહમ્મદ ઘોરીના એક સેનાપતિ બખ્તિયાર ખિલજીએ ઈ.સ. 1206માં કામરુપ પર આક્રમણ કર્યું. પરંતુ તેને માટે આ અભિયાન એક ત્રાસદાયી ઘટના બની રહી કારણ કે તેની સેના સંપૂર્ણપણે નષ્ટ થઈ ગઈ. ઈ.સ. 1227માં સુલતાન ગ્યાસુદ્દીન ઈવાઝે પણ કામરુપ પર અધિકાર કરવાનો પ્રયાસ કર્યો અને તેનો રાય પૃથુના હાથે કારમો પરાજય થયો. આ પછી સુલતાન ઈલ્તુત્મિશના પુત્ર નસીરુદ્દીન મહમૂદને રાય પૃથુની શક્તિને કચડવામાં સફળતા મળી. ઈ.સ. 1255માં મલિક યૂઝબેકે કામરુપ પર આક્રમણ કર્યું અને પાછળથી તેના પણ બખ્તિયાર ખિલજી જેવા હાલ થયા. તેનું લશ્કર તુરત શક્તિહીન બની ગયું, મલિક ઉઝબેક ગંભીરપણે ઘાયલ થયો અને આખરે ઈ.સ. 1257માં તેનું અવસાન થયું સિંહધ્વજના શાસનકાળ(ઈ.સ. 1300-1305)માં બંગાળના સુલતાન શમ્સુદ્દીન

...ઝશાહે (1301-1322) 1303માં બ્રહ્મપુત્રા નદીને પાર કરીને મૈમનસિંહ તેમ જ સિલહટ પર કબજો કરી લીધો.

કામરુપ રાજ્ય કાયમ અહોમ રાજ્યની સામ્રાજ્યવાદી યોજનાઓનો ભોગ બનતું રહ્યું. બુરંજી સાહિત્યમાં કમાટા રાજ્યના શાસક સિંધુરાય(1260-1285)ની વિરુદ્ધ અહોમ રાજા સુકાફા-(1228-1268)ની સફળતા અંગેનું વિવરણ મળે છે. સિંધુરાયે સુકાફાની સર્વોપરિતા સ્વીકારી લીધી. પરંતુ તેના ઉત્તરાધિકારી પ્રતાપ ધ્વજે (1300-1305) અહોમ શાસકોને નજરાણું આપવાનું બંધ કર્યું જેના પરિણામે સુખાંગફા(1293-1332)એ ફરીથી કમાટા રાજ્ય પર આક્રમણ કર્યું. એક લાંબા યુદ્ધ તથા ભારે મોટી નુકસાની પછી અંતે પ્રતાપ ધ્વજે શાંતિ માટે સંધિ કરી અને સુખાંગફાની સાથે પોતાની પુત્રી રજનીનું લગ્ન કર્યું.

14મી સદીના કમાટા રાજ્યની એક મહત્ત્વપૂર્ણ વિશેષતા તેની અસ્થિર પરિસ્થિતિઓનો લાભ ઉઠાવીને તેના ભુયાન સરદારો દ્વારા કરવામાં આવેલ મહાન બળવા અંગેની હતી. ધર્મ નારાયણ તથા દુર્લભ નારાયણ વચ્ચે ઉત્તરાધિકારીના પ્રશ્ને ગૃહયુદ્ધ થયું. શરૂઆતમાં ભુયાન સરદારોનો બળવો અસફળ રહ્યો, કારણ કે દુર્લભ નારાયણ (1330-50) તથા અરિમત્તા(1365-85)ની શક્તિ તેનાથી વધારે હતી. પરંતુ અરિમત્તાના અવસાન (1385) પછી તેના ઉત્તરાધિકારી ભુયાન સરદારોના પ્રહારોનો સામનો કરવામાં ... સાબિત થયા અને 15મી સદીના મધ્ય ભાગ સુધીમાં રાય પૃથુના વંશને ભુયાન સરદારોના ખ્યાન વંશ દ્વારા સત્તાસ્થાનેથી હટાવી દેવામાં આવ્યો અને નીલ ધ્વજે (1440-1460)આ નવા વંશની સ્થાપના કરી. નીલામ્બર (1480-1498) ખ્યાન વંશનો સૌથી શક્તિશાળી શાસક સાબિત થયો. તેણે પોતાના રાજ્યના સીમાડાઓને કરાતોયાથી બારનદી સુધી વિસ્તાર્યા. એબિસીનિયાઈ ગુલામોએ બંગાળ(ગૌડ)માં અરાજકતાની જે સ્થિતિ પેદા કરી. નીલામ્બરે તેનો લાભ ઉઠાવીને, બંગાળના ઉત્તર-પૂર્વી ભાગ પર અધિકાર મેળવવામાં સફળતા મેળવી. પછીથી, અલાઉદ્દીન હુસેન શાહે (1493-1519) નીલામ્બરની શક્તિને કચડી નાખી અને એ સાથે જ ખ્યાન વંશના શાસનનો અંત આવ્યો.

### 23.5.2 અહોમ (The Ahoms)

અહોમોનો સંબંધ અગ્નિ એશિયાના તાય કબીલાની પેટા શાખા માઓ-શાન સાથે હતો. ઈ.સ. 1208માં અહોમ ઉપલા બર્મામાં આવેલ મોગૌંગ નામના પ્રદેશ તથા યુનાનનો ત્યાગ કરીને 1223માં ઉપલા આસામની દિખોઉખીણ(આધુનિક સિબસાગર મંડળ)માં અંતે વસી ગયા. તેઓએ ચરાયદેવ(પછીથી 1397માં ચારગુઆને રાજધાની બનાવી)ને પોતાના રાજ્યની રાજધાની બનાવી. માઓ-શાન-કબીલાનો સુકાફા પ્રથમ અહોમ રાજા (1228-68) હતો અને તેણે ચૂટિયોં, મોરાન, બોરહિયોં, નાગોં, કચારિયોં તથા કમાટા(કામરુપ)ને પોતાના અધિકારમાં લઈ લીધા. તેના પુત્ર સુત્યુફા(1268-1281)એ કચારિયોને હરાવીને પોતાના વર્ચસ્વને દક્ષિણ તરફ બ્રહ્મપુત્રા નદીના કિનારે આવેલ કાલંગ (આધુનિક ઉત્તરી કછાર ઉપમંડલ) સુધી વધારી દીધું. સુખાંગફા (1293-1332)ના શાસન તળે અહોમ શાસક સંપૂર્ણપણે બ્રહ્મપુત્રા નદીની ખીણ વિસ્તારની સર્વોચ્ચ શક્તિ બની ગયા. સુખાંગફાના અવસાન પછી એક પ્રકારનો શૂન્યાવકાશ ઊભો થયો અને તેના પરિણામ સ્વરૂપે અહોમ રાજ્ય ત્રણ વાર રાજા વગરનું (ઈ.સ. 1364-69, 1376-80 અને 1389-97) રહ્યું. પરંતુ આખરે સુદંગફાના શાસનકાળમાં (1397-1407) પરિસ્થિતિ થાળે પડતાં સ્થિરતા આવી. તેના શાસનકાળમાં નારા તથા કમાટાના શાસકો સાથે સંઘર્ષ થયો. તેના પરિણામે અહોમ રાજ્યની સીમાઓ ઉત્તરમાં પટકાય તથા ઉત્તર-પૂર્વમાં કરાતોયા નદી સુધી વિસ્તાર પામી. સુદંગફાના શાસનકાળમાં સ્થાપિત સીમાઓ સમગ્રતયા 15મી સદીમાં ટકી રહી. પછીથી સુહેનફા-(1488-93)ને નાગ તથા કચારિયોંના બળવાઓનો સામનો કરવો પડ્યો, પરંતુ એ વિદ્રોહોને કચડી નાખવામાં આવ્યો. 15મી સદીનાં અંતિમ વર્ષોમાં સુપિમ્ફા(1493-97)ના શાસનકાળમાં બુરાગોહિન, ખેનપુંગ જેવા ઉમરાવોએ વિદ્રોહ કર્યો. જોકે આ વિદ્રોહોનું દમન કરવામાં આવ્યું પરંતુ તેણે અમીર-ઉમરાવ વર્ગો વચ્ચે થનાર આંતરિક કલહોને સ્પષ્ટ કરી દીધા. જેનો પ્રારંભ 15મી સદીનાં અંતિમ વર્ષોમાં થઈ ચૂક્યો હતો.

## 23.6 ઓરિસ્સા (Orissa)

તુર્કોના આક્રમણ સમયે ઓરિસા પૂર્વીય ગંગા શાસકોની અધીનતા તળે હતું. તાબકાત-એ-નાસિરીના વૃત્તાંત મુજબ બખતિયાર ખિલજીએ મોહમ્મદ તથા અહમદ ભાઈઓને જાજનગર (આધુનિક ઓરિસ્સા) પર પોતાના અવસાન પૂર્વે (1205) આક્રમણ માટે મોકલેલ હતા. આ સમયે

જાજનગરનો શાસક રાજરાજા-3જો (1197-1211) સત્તાસ્થાને હતો. આગલું આક્રમણ ગ્યાસુદ્દીન ઈવાઝના નેતૃત્વ તળે અનંગભીમ-3જાના રાજ્યારોહણ (1211-38) પછી તુરત જ થયું. જોકે તબકાત-એ-નાસિરીમાં ગ્યાસુદ્દીન ઈવાઝની સફળતાની પ્રશંસા કરવામાં આવી છે, પરંતુ ચાટેશ્વર અભિલેખ મુજબ આ સંઘર્ષમાં અનંગભીમ-3જાનો વિજય થયો હતો. આ પરથી એવું પ્રતીત થાય છે કે ઈવાઝના આક્રમણને કદાચ રોકી રાખવામાં આવ્યું હશે.

નરસિંહમ્-1લાને (1238-64) ઈખ્તિયારુદ્દીન ઉઝબેકના આક્રમણનો સામનો કરવો પડ્યો અને ઉઝબેકને પોતાનાં પ્રથમ બે આક્રમણોમાં સફળતા મળી હતી. પરંતુ પાછળથી નરસિંહમ્-1લાએ તેના આક્રમણને નિષ્ફળ બનાવ્યું હતું. નરસિંહમ્ -1લાએ પોતાના રાજ્યના સીમાડાઓને મિદનાપુર, હાવડા તથા હુગલી સુધી વિસ્તાર્યા હતા. 13મી સદીના અંત સુધીમાં (1296) સતગાંવ દિલ્હી સલ્તનતના વર્ચસ્ નીચે આવી ગયું.

ભાનુદેવ 3જા(1352)ના શાસનકાળથી જ ગંગાના આ રાજ્યની શક્તિ નબળી પડવા લાગી. આ તકનો લાભ લઈને પડોશી રાજ્યોએ આક્રમણ શરૂ કરી દીધાં.

ઈ.સ. 1353માં બંગાળના શાસક શમસુદ્દીન ઈલિયાસે ચિલકા ઝીલને પાર કરીને જાજનગરના શાસકને પરાજય આપ્યો અને તે મોટા પાયા પર લૂંટેલા ધન સાથે અનેક હાથીઓ પણ લઈ ગયો. પછીથી, વિજયનગર, જૈનપુર તથા બહમની રાજ્યના શાસકોએ પણ ઓરિસ્સામાં અવારનવાર લૂંટફાટ કરી.

આ પ્રકારની અવ્યવસ્થા તથા અનિશ્ચિત સ્થિતિમાં ભાનુદેવ-4થા(1414-1435)ના મંત્રી કપિલેન્દ્રે ઈ.સ. 1435માં ઓરિસાના રાજસિંહાસન પર અધિકાર મેળવી લીધો અને ઓરિસામાં ગજપતિ શાસનનો પાયો નાખ્યો. ઈ.સ. 1464-65 સુધીમાં તેના રાજ્યની સીમાઓ દક્ષિણ અરકાટ જિલ્લા તથા દખ્ખણના પૂર્વીય પઠાર પ્રદેશ સુધી ફેલાઈ ગઈ. કપિલેન્દ્રે હુમાયુ બહમનીને એ સમયે અપમાનજનક રીતે હરાવ્યો, જ્યારે હુમાયુએ દેવળકોંડા પર આક્રમણ કરેલ અને કપિલેન્દ્ર દેવળ-કોંડાના સરદારની મદદ માટે આવેલ. આ પછી કપિલેન્દ્ર જ્યાં સુધી જીવતો રહ્યો ત્યાં સુધી બહમની શાસકોએ તેલંગણા પર આક્રમણ કરવાનું સાહસ કર્યું નહીં. ઈ.સ. 1450માં કપિલેન્દ્રે બંગાળના શાસક નસીરુદ્દીન(1442-59)ને હરાવ્યો અને ગૌડેશ્વરની ઉપાધિ ધારણ કરી. ઈ.સ. 1453માં રાજા મુન્દ્રી પણ તેના સામ્રાજ્યનો ભાગ બની ગયું. ઈ.સ. 1462 સુધી તેના રાજ્યની સીમાઓ હુગલીની દક્ષિણે કાવેરી નદી સુધી ફેલાઈ ગઈ પરંતુ તેના શાસનકાળનાં અંતિમ વર્ષોમાં વિજયનગરના શાસક સલૂવા નરસિંહે કાવેરી નદી વિસ્તારના ઓરિસ્સાના લોકોને હાંકી કાઢ્યા. પુરુષોત્તમે 1467માં સિંહાસન મેળવ્યા બાદ તામિલ પ્રદેશો પર આક્રમણ કર્યું, પરંતુ તેના શોષણનું પ્રભાવક્ષેત્ર માત્ર કાંચી સુધી મર્યાદિત રહ્યું. આ સાથે પુરુષોત્તમને બહમની શાસક મૌહમ્મદ શાહ-3જા(1463-1482)ને કોન્ડનીર (કોન્ડા વિડૂ) તથા રાજા મુન્દ્રી આપવા પડ્યા. સલૂવા નરસિંહે પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી ઉદયગિરિ (1476) પર અધિકાર જમાવી દીધો. જ્યાં સુધી મૌહમ્મદ શાહ-3જો હયાત હતો ત્યાં સુધી પુરુષોત્તમે આ પ્રદેશો પર અધિકાર મેળવવા કોઈ પ્રયાસ ન કર્યો. ઈ.સ. 1482માં તેના મૃત્યુ પછી પુરુષોત્તમે રાજા મુન્દ્રી, કોન્ડનીર અને ઉદયગિરિને આશરે 1484માં સલૂવા નરસિંહ પાસેથી છીનવી લીધાં. આ રીતે તેણે પોતાના રાજ્યની સીમાઓને ઉત્તરમાં ભાગીરથીથી દક્ષિણમાં પૈન્નાર નદી સુધી વધારી દીધી. પોતાના પિતાની માફક, તેના પુત્ર પ્રતાપરૂદ્રે (1497-1540) વિસ્તારવાદી નીતિનું અનુકરણ કર્યું. તેના મોટા ભાગનાં લશ્કરી આક્રમણો 16મી સદીના પ્રારંભથી શરૂ થયાં હતાં, જે આપણા અધ્યયન ક્ષેત્રની બહાર છે. તેણે પોતાના શાસનકાળનો મોટા ભાગનો સમય વિજયનગરના શાસક કૃષ્ણદેવરાય તથા બંગાળના શાસક હુસૈન શાહ સાથેના સંઘર્ષમાં વિતાવ્યો. ઈ.સ. 1540માં તેનું મૃત્યુ થયું. આ પછી તેના ઉત્તરાધિકારીઓ રાજ્યની એકતાને ટકાવી રાખી શક્યા નહીં અને તુરત જ સૂર્યવંશી (ગજપતિ) શાસનનો અંત (1542) આવ્યો.

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. કામરુપ રાજ્યની સાથેના બંગાળના શાસકોના સંબંધોની ચર્ચા કરો.

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

2. અહોમ કોણ હતા ? સુખાંગફાની સિદ્ધિ વર્ણવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. વિજયનગર, બહમની તથા બંગાળના શાસકો સાથેના કપિલેન્દ્રના સંબંધોનું વિવેચન કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 23.7 સારાંશ

આ એકમમાં માળવા, જૌનપુર તથા બંગાળનાં સ્વતંત્ર રાજ્યોના ઉદયનો અભ્યાસ કર્યો. આ રાજ્યોનો ઉદય દિલ્હી સલ્તનત નબળી પડતાં થયો હતો. દિલ્હી સલ્તનત તથા પડોશી રાજ્યો સાથેનાં આ રાજ્યોના સંબંધોનું પણ વિવેચન કર્યું. આ રાજ્યો સિવાય આસામ તથા ઓરિસાનાં રાજ્યોનો ઉલ્લેખ પણ કર્યો છે. આ બંને રાજ્યોનો વિકાસ દિલ્હી સલ્તનતથી સ્વતંત્ર રીતે થયો. આસામમાં કમાટા-કામરુપ તથા અહોમ નામનાં બે રાજ્યો અસ્તિત્વમાં હતાં. અહોમ રાજ્ય હજી પણ રાજ્ય નિર્માણની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું હતું અને તે મુખ્યત્વે કબીલાઈ સંગઠન પર નિર્ભર હતું.

## 23.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. જુઓ, ભાગ - 23.2
2. જુઓ, ભાગ - 23.3
3. જુઓ, ભાગ - 23.3

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. જુઓ, ભાગ - 23.4
2. જુઓ, ભાગ - 23.4

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. જુઓ, પેટા વિભાગ 23.5.1
2. જુઓ, પેટા વિભાગ 23.5.2
3. જુઓ, ભાગ 23.6

# એકમ 24 ઉત્તર તથા પશ્ચિમ ભારત
# (Northern and Western India)

રૂપરેખા


24.1 પ્રાસ્તાવિક

24.2 કાશ્મીર

24.3 ઉત્તર-પશ્ચિમ : રાજપૂતાના

24.3.1 મેવાડના ગુહિલ તથા સિસોદિયા

24.3.2 વાગડના ગહલૌત

24.3.3 મારવાડના રાઠોડ

24.3.4 નાનાં રજપૂત રાજ્યો

24.4 ગુજરાત

24.4.1 માળવા સાથેના સંબંધો

24.4.2 રાજપૂતાના સાથેના સંબંધો

24.4.3 બહમની તથા ખાનદેશ સાથેના સંબંધો

24.5 સિંધ

24.6 સારાંશ

24.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

24.8 ચાવીરૂપ શબ્દો


## 24.1 પ્રાસ્તાવિક

આ પૂર્વેના એકમમાં મધ્ય તથા પૂર્વ ભારતમાં પ્રાદેશિક સત્તાઓના ઉદય અંગે અભ્યાસ કરી ગયા. આ એકમમાં ઉત્તર તથા પશ્ચિમ ભારતમાં પ્રાદેશિક સત્તાઓના ઉદય અંગે પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ એકમમાં કાશ્મીર, રાજપૂતાના, સિંધ તથા ગુજરાતનાં પ્રાદેશિક રાજ્યોના પ્રદેશ વિસ્તારનું વિવેચન પણ કરીશું.

આ પ્રાદેશિક સત્તાઓમાંથી કેટલીક દિલ્હી સલ્તનતના પતનના પરિણામે સામે આવી તો વળી કેટલીક સ્વતંત્ર રીતે અસ્તિત્વમાં આવી હતી. કાશ્મીર રાજ્યનો વિકાસ સ્વતંત્ર રીતે થયો. જ્યારે ગુજરાત રાજ્યનો વિકાસ દિલ્હી સલ્તનતના પતનને આભારી હતો. સિંધ તથા રાજપૂતાના સતત દિલ્હી સલ્તનતનાં આક્રમણોથી અસરગ્રસ્ત હતાં. એ ત્યાં સુધી કે તે દિલ્હી સલ્તનતનો એક ભાગ પણ બની રહ્યાં તોપણ સિંધ અને રાજપૂતાના પોતપોતાની પ્રાદેશિક વિશેષતાઓ ટકાવી રાખવામાં સફળ રહ્યા.

## 24.2 કાશ્મીર (Kashmir)

13મી સદીમાં કાશ્મીર એક સ્વતંત્ર રાજ્ય હતું. અહીં સ્વતંત્ર હિંદુ રાજાઓ રાજ્ય કરતા હતા. પરંતુ ત્યાંનો હિંદુ રાજા જગદેવ (ઈ.સ. 1198-1212) એક નબળો શાસક હતો. તેના શાસનકાળ દરમિયાન એક અસંતુષ્ટ એવા સામંતીય સમુદાય દમરાએ વિદ્રોહ કર્યો. આ વિદ્રોહને દબાવી દેવામાં આવ્યો. પરંતુ તેના રાજાદેવ (1212-1235), સંગ્રામદેવ (1235-1252) અને રામદેવ (1252-1256) જેવા ઉત્તરાધિકારીઓ પોતાની સત્તા ટકાવી રાખવા અસમર્થ નીવડ્યા. રામદેવના અવસાન પછી દમરા સામંત સિંહદેવ(1286-1301)ને કાશ્મીરના શાસન પર અધિકાર પ્રાપ્ત કરવાની તક મળી ગઈ. પરંતુ તેના વંશનું શાસન પણ વધુ દિવસો ચાલ્યું નહીં. તુર્કો ભારત આવ્યા બાદ લગભગ બે સદી સુધી કાશ્મીર તેમના પ્રભાવથી અલિપ્ત રહ્યું. જોકે આ પહેલાં મહમૂદ ગઝનીએ ઈ.સ. 1015 તથા 1021માં એમ બે વાર કાશ્મીર પર આક્રમણ કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ હિમાલય તથા હિંદુકુશની દુર્ગમ પર્વતમાળાઓએ તેની ઇચ્છાઓને પૂરી ન થવા દીધી. કાશ્મીરમાં ક્યારેય પણ આક્રમણકારી પ્રવેશ કરી શકે નહીં એવી માન્યતાને ઈ.સ. 1320માં ખંડિત કરવામાં આવી, જ્યારે સેનાપતિ દુલાચાએ કાશ્મીર પર આક્રમણ કરી તેને પરાજિત કરવામાં

સફળતા મેળવી તથા અથાગ ધનસંપત્તિ લૂંટી. પરંતુ ભયંકર તોફાનને કારણે બનિહાલ પાસે તેનું અવસાન થયું.

આ આક્રમણનો ખૂબ જ ઘેરો પ્રભાવ પડ્યો. તેણે કાશ્મીરમાં મુસલમાન શાસનની સ્થાપના માટેનો માર્ગ મોકળો કર્યો. જે ઢબે રાજા સહદેવે મંગોલ સમસ્યાનો સામનો કર્યો તથા મંગોલો દ્વારા કાશ્મીરમાં ભયંકર તબાહીને કારણે કાશ્મીરી પ્રજામાં અસંતોષ વધતો ગયો. આ પરિસ્થિતિનો [illegible]ભ લડાખના ભૌટા રાજકુમાર રિંચને લીધો અને ઈ.સ. 1320માં તેણે સિંહાસન પર અધિકાર પ્રાપ્ત કરી લીધો. તેણે તુરત જ ઇસ્લામનો સ્વીકાર કરી લીધો અને સુલતાન સદ્રુદ્દીનની ઉપાધિ ધારણ કરી. તેની હત્યા બાદ કાશ્મીર રાજ્યમાં એક લાંબા સમય સુધી અરાજકતા, અવ્યવસ્થા અને અંધાધૂંધીની સ્થિતિ પ્રવર્તતી રહી. પછી શહાબુદ્દીને (1356-74) સલ્તનતને મજબૂત બનાવવાનો પ્રયાસ કર્યો. ઈ.સ. 1394માં કુતુબુદ્દીનનો પુત્ર સિકંદર ગાદીએ આવ્યો. તે તેની ધાર્મિક અસહિષ્ણુતા માટે ઘણો જ પ્રખ્યાત છે. ઈ.સ. 1398માં તૈમૂર લંગે ભાર[illegible] પર આક્રમણ કર્યું ત્યારે તેણે ફૌલાદ બહાદુર તથા જૈનુદ્દીનને કાશ્મીરના આ સુલતાન સિકંદર પાસે દૂતના રૂપમાં મોકલ્યા હતા. તેઓએ સુલતાન પાસે અઢળક ધનદોલતની માગણી કરી. આનાથી કાશ્મીરમાં ફરી એક વાર અરાજકતા ફેલાઈ ગઈ. ઈ.સ. 1416માં બાવીસ વરસના [illegible]સનકાળ પછી તેનું અવસાન થયું. ત્યાર પછી તેનો પુત્ર અલી શાહ ગાદીએ આવ્યો, પરન્તુ ઈ.સ. 1[illegible]માં તેને પદભ્રષ્ટ કરી તેનો ભાઈ શાહખાન 'ઝઈન-ઉલ-આબિદિન' ઉપનામ ધારણ કરી કાશ્મીરની ગાદીએ આવ્યો. તેણે ઈ.સ. 1470 સુધી કુલ 50 વર્ષ કાશ્મીરમાં કુશળતાપૂર્વક શાસન કર્યું. ઝઈન-ઉલ-આબિદિનને કાશ્મીરનો સર્વશ્રેષ્ઠ સુલતાન ગણવામાં આવે છે અને તેની ઉદાર, સહિષ્ણુ અને પ્રજાકલ્યાણકારી પ્રવૃત્તિઓને કારણે ઇતિહાસકારોએ તેને 'કાશ્મીરનો અકબર' કહેવાનું ઉચિત માન્યું છે. ટૂંકમાં. તેનો શાસનકાળ કાશ્મીર માટે 'સુવર્ણ યુગ' સમાન હતો.

ઈ.સ. 1470માં ઝઈન-ઉલ-આબિદિનના મૃત્યુ પછી તેનો પુત્ર હૈદર શાહ ગાદીએ આવ્યો. તે ઘણો કાર્યદક્ષ રાજવી હતો, પરંતુ તેના વારસદારો અતિ નબળા સાબિત થયા. તેમના સમયમાં રાજ્યમાં અનેક જૂથો ઊભાં થયાં અને સત્તા માટે ખેંચતાણો થવા લાગી. આ પ્રકારના આંતરિક કલહને કારણે આખરે 16મી સદીના પ્રારંભે સૈયદ શાસકોએ કાશ્મીર રાજ્યની સત્તા હસ્તગત કરી લીધી.

સૈયદ શાસનકાળ સુધી દિલ્હીના સુલતાનો તેમ જ કાશ્મીરના શાસકો વચ્ચે કોઈ સંઘર્ષ થયો નહીં. પરંતુ બહલોલ લોદીના સમયમાં કાશ્મીર તેમ જ દિલ્હી વચ્ચે સંબંધો તણાવપૂર્ણ બની ગયા. તબકાત-એ-અકબરીના વિવરણ મુજબ હૈદર શાહ(1470-72)ના મૃત્યુ પછી ઉત્તરાધિકારીના પ્રશ્ને શરૂ થયેલ સંઘર્ષમાં બહલોલ લોદીના આદેશથી પંજાબના ગવર્નર તાતારખાને સુલતાન હસનના કાકા બહેરામખાનનો પક્ષ લીધો. સુલતાન હસનખાનને બહેરામખાનનો વધ કરવામાં સફળતા મળી. તાતારખાન દ્વારા બહેરામખાનની સહાયતા કરવાથી સુલતાન હસન નારાજ થયો. તેણે મલિક તાજિ બટ્ટને પંજાબ પર આક્રમણ કરવા રવાના કર્યો. તાજિ બટ્ટે માત્ર તાતારખાનને જ પરાજય આપ્યો એટલું જ નહીં બલ્કે સિયાલકોટ ઉપર પણ અધિકાર કરી લીધો. સુલતાન હસનના અવસાન (1484) પછી સૈયદ હસનના પુત્ર સૈયદ મૌહમ્મદના આદેશથી તાતારખાને કાશ્મીર પર ફરી એક વાર આક્રમણ કર્યું. જમ્મુ તેમ જ કાશ્મીરની સંયુક્ત સેનાઓ સામે તાતારખાનને પરાજયનો સામનો કરવો પડ્યો.

**'તમારી પ્રગતિ ચકાસો' : I**

1. કાશ્મીરમાં મુસ્લિમ શાસનનો પ્રારંભ કેવી રીતે થયો ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

2. ઝઈન-ઉલ-આબિદિન કોણ હતો ? તેની સિદ્ધિ પર પ્રકાશ પાડો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

## 24.3 ઉત્તર-પશ્ચિમ : રાજપૂતાના (North-West : Rajputana)

દિલ્હી સલ્તનતના વિઘટન સાથે ઉત્તર-પશ્ચિમ હિંદમાં ઊભાં થયેલાં મુસ્લિમ રાજ્યોની માફક કેટલાંક હિંદુ રાજ્યો તરફ પણ નજર કરવાનું જરૂરી બની રહે છે. આમ તો દિલ્હીના તુર્ક સુલતાનોની મહત્ત્વાકાંક્ષા પાસે લગભગ બધાં જ સ્વતંત્ર હિંદુ રાજ્યો ખતમ થઈ ગયાં હતાં. જે નાનાં નાનાં રાજપૂત રાજ્યો સલ્તનતની સત્તા સ્વીકારી લેતાં તેમને નિયમિત ખંડણી કે નજરાણાં આપવાની શરતે પોતપોતાના મુલક પર શાસન કરવાની છૂટ આપવામાં આવતી. પરંતુ આવી શરત ક્યાં સુધી અને કેટલે અંશે પળાતી તેનો આધાર મુખ્યત્વે સલ્તનતના શાસકોના વ્યક્તિત્વ તથા તેમની સત્તા પર રહેતો. નબળા શાસકોના સમયમાં આ બધા હિંદુ સરદારો કે રાજાઓ સ્વતંત્ર થઈ જતા, ત્યારે તેમને પાછા નમાવવા માટે નવા સુલતાનોને વારંવાર દોડવું પડતું. રાજપૂતાનાનાં રાજપૂત રાજ્યોની આછી રૂપરેખા આ પ્રમાણે જોઈ શકાય.

### 24.3.1 મેવાડના ગુહિલ તથા સિસોદિયા (The Guhils and the Sisodias of Mewar)

ઉત્તર-પશ્ચિમ ક્ષેત્રમાં જે સૌથી શક્તિશાળી રાજ્યનો ઉદય થયો તે મેવાડ(હાલનું ઉદયપુર)નું રાજ્ય હતું. 13મી સદી દરમિયાન જૈત્રસિંહે (1213-61) ગુહિલ સત્તાને સુદૃઢ કરી અને તે તુર્કોનાં આક્રમણોનો સામનો કરવાથી બચી રહ્યો. સુલતાન અલાઉદ્દીન ખિલજીને રાણા રતનસિંહને હરાવવામાં સફળતા મળી અને ઈ.સ. 1303માં મેવાડ પર અધિકાર કરી લીધો, છતાં તેનો થોડોક મુલક સિસોદિયા કુળના ગુહિલોના હાથમાં રહ્યો હતો. 14મી સદી દરમિયાન મેવાડ રાજ્યમાં આંતરિક ઝઘડાઓની બોલબાલા રહી હતી. આના પરિણામે સિસોદિયા રાજા હમીર દ્વારા મેવાડને જીતવામાં સફળતા પ્રાપ્ત થઈ. આ રીતે મેવાડમાં સિસોદિયા રાજ્યનો પાયો નંખાયો. રાણા હમીરે અજમેર, જહાજપુર, મંડલગઉ, છહાપેન, બૂંદી, નાગૌર, જાલોર તથા સામ્ભર પોતાના અધિકારક્ષેત્ર તળે કરી લીધાં. બીજા શબ્દોમાં જોઈએ તો રાણા હમીરે લગભગ સારોયે મુલક હાથ કર્યો અને મેવાડના કીર્તિસૂર્યને ફરી પ્રકાશમાન કર્યો. ઈ.સ. 1382માં કૌટુંબિક ઝઘડામાં તેનું મૃત્યુ થતાં તેના પુત્રો લાખા અને તેની પછી મોકલસિંહ મેવાડની ગ દીએ આવ્યા.

ઈ.સ. 1433માં મોકલસિંહનું ખૂન કરવામાં આવ્યું. ત્યાર પછી ગાદીએ આવનાર રાણો કુંભો મેવાડનો તો મહાન રાણો હતો જ, પણ ઇતિહાસકારો તો તેને ''સમગ્ર દેશનો ખૂબ જ પ્રખ્યાત અને સફળ રાજવીઓમાંનો એક'' ગણવા પ્રેરાય છે. કર્નલ જેમ્સ ટોડ તેની સિદ્ધિઓના સંદર્ભમાં નોંધે છે કે ''કોકેસસના ઢોળાવો પર... જે તોફાનો એકઠાં થઈ રહ્યાં હતાં અને જે તેના પૌત્ર રાણા સંગના માથા પર તૂટી પડવાનાં હતાં, તેનો સામનો કરવા માટે મેવાડને જેની જરૂર હતી તે બધું જ રાણા કુંભાએ મેળવી આપ્યું.'' તેનામાં રાણા હમીરની શક્તિઓ અને લાખાની કલાપ્રિયતાનું મિશ્રણ થયું હતું. રાણા કુંભાના શાસનકાળમાં સિસોદિયા શક્તિ પોતાના ચરમોત્કર્ષ પર પહોંચી હતી. રાણા કુંભાના શાસનકાળમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના એ બની કે સિસોદિયા પર રાઠોડ વંશનો પ્રભાવ વધવા લાગ્યો પરંતુ રાણા કુંભા કોઈ પણ ભોગે રાઠોડો પર નિયંત્રણ ટકાવી રાખવામાં સફળ રહ્યો.

રાણા કુંભાએ મેવાડ રાજ્યની સીમાઓ દૂર દૂરના વિસ્તારો સુધી ફેલાવી. લગભગ સંપૂર્ણ રાજસ્થાન તેના શાસન તળે આવી ગયું. તેણે કોટા, બૂંદી, આમેર, નરવર, દુર્ગાપુર, સામ્ભર, નાગૌર, રણથંભોર તથા અજમેર પર અધિકાર કરી લીધો. રાણા કુંભાએ માળવા, ગુજરાત અને દિલ્હીના સુલતાનો સાથે યુદ્ધો કર્યાં હતાં અને દરેકમાં તે વિજયી નીવડ્યો હતો. રાણા કુંભાએ પોતાની લશ્કરી તાકાત એટલી બધી વધારી દીધી હતી કે સમસ્ત રાજપૂતાનાના રજપૂત સંઘનો તે મોવડી ગણાતો હતો. રાણા કુંભાનો વધ તેના પુત્ર ઉદા દ્વારા કરવામાં આવ્યો અને તે ઈ.સ. 1 '68માં મેવાડની ગાદીએ આવ્યો. ઉદા (1468-1473) અને તેનો ઉત્તરાધિકારી રૈમલ(1473-1508)ના શાસનકાળમાં સતત સત્તા માટેના સંઘર્ષો થતા રહ્યા અને ઈ.સ. 1508માં અંતે રાણા સાંગાએ જ્યારે મેવાડનું રાજસિંહાસન પ્રાપ્ત કર્યું ત્યારે જ આ સંઘર્ષનો અંત આવ્યો.

### 24.3.2 વાગડના ગુહિલોત (The Guhilots of Vagad)

મેવાડના ગુહિલો માત્ર મેવાડની સીમા સુધી જ સીમિત ન રહ્યા. ઈ.સ.ની 12મી સદીના પ્રારંભમાં મેવાડના સામંતસિંહ પોતાના રાજ્યની સ્થાપના માટે વાગડ (આધુનિક ડુંગરપુર તથા વાંસવાડા) સુધી ગયો, પરંતુ ગુજરાતના હસ્તક્ષેપને કારણે તે લાંબા સમય સુધી આ વિસ્તાર પર પોતાનું નિયંત્રણ કાયમી જમાવી શક્યો નહીં. જ્યારે વાગડ પર ગુજરાતનું નિયંત્રણ નબળું પડ્યું ત્યારે સામંતસિંહના એક વંશજ જગતસિંહે 13મી સદીમાં આ પ્રદેશને પોતાની અધીનતામાં કરી લીધો. 14મી અને 15મી સદીઓ દરમિયાન ગુહિલોના નિયંત્રણને સુદૃઢ કરી લેવામાં આવ્યું. ગુજરાતના સુલતાન સાથે અવાર-નવાર તેના સંઘર્ષો થતા રહેતા હતા. માળવાનો સુલતાન પણ તેનો કાયમી દુશ્મન હતો.

[illegible]ની એક બીજી શાખા ખેમસિંહના પુત્ર રાણા મોકલના નેતૃત્વમાં પ્રતાપગઢ ગઈ તથા તેના એક વંશજ સૂરજમલ (1473-1526) દ્વારા 15મી સદીના અંતમાં પ્રતાપગઢમાં એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરવામાં આવી.

## 24.3.3 મારવાડના રાઠોડ (The Rathors of Marwar)

રાજપૂતાના-રાજસ્થાનનું એક અન્ય અગત્યનું રાજ્ય મારવાડનું હતું. ત્યાં પુરાણા રાષ્ટ્રકુટોમાંથી ઊતરી આવેલા રાઠોડોનું શાસન હતું. 13મી સદીના મધ્ય ભાગમાં રાઠોડોએ કનૌજથી પાલી તરફ વિસ્થાપન કર્યું. રાઠોડ સરદાર સિંહાએ પાલીના બ્રાહ્મણોને મેર તથા મીનાઓના આક્રમણોથી મુક્ત કરવામાં મદદ કરી. આ રીતે લગભગ ઈ.સ. 1243ની આસપાસ તેણે આ પ્રદેશ પર આધિપત્ય જમાવી દીધું અને આ પછીથી રાઠોડ સરદારોએ પોતાના રાજ્યને ઈડર, મલ્લાનિ, મંદસૌર, જેસલમેર, બાડમેર, અમરકોટ તેમ જ ભીનમલ સુધી વિસ્તાર્યું. રાઠોડ સત્તા રાજા ચંદ (1384-1423) તથા રાજા જોધા-(1438-89)ના શાસનકાળ દરમિયાન ચરમોત્કર્ષ પર હતી.

ઈ.સ. 1395માં રાજા ચંદે દહેજમાં મંદસૌર મેળવ્યું. પાછળથી તેણે પોતાના પ્રભાવને ખાતુ, ડીડવાના, સામ્ભર, નાગૌર તથા અજમેર સુધી વિસ્તાર્યો. રાજા ચંદની વધતી જતી સત્તાને પડકારવા માટે ભાટિયો, સંખાલો તથા મુલતાનના સૂબાએ એક જૂથ ઊભું કર્યું. તેઓએ નાગૌર ઉપર આક્રમણ કર્યું તથા ઈ.સ. 1423માં રાજા ચંદનો વધ કર્યો. ત્યાર પછી ગાદીએ આવનાર રાજા જોધાના (ઈ.સ. 1438-1489) નેતૃત્વમાં રાઠોડો એક મહત્ત્વપૂર્ણ તાકાત બની ગયા. તેઓએ પોતાના પ્રભાવક્ષેત્રો વધારતાં વધારતાં મેડતા, ફલોદી, પોખરાન, ભદ્રાજૂન, સોજત, જૈતારન સિવાના, ગૌડવડા તથા નાગૌરના કેટલાક વિસ્તારોને પોતાની અધીનતામાં કરી લીધા. રાજા જોધાએ જોધપુર વસાવ્યું તથા ત્યાં કિલ્લો બંધાવ્યો. એવો જ બીજો કિલ્લો તેણે મંદૌરનો બંધાવ્યો હતો. રાજા શુજાના શાસનકાળમાં (ઈ.સ. 1492-1515) રાઠોડ સત્તાના પતનનાં ચિહ્નો દષ્ટિગોચર થવા માંડ્યાં હતાં. બીરનદેવ એવો પ્રથમ સરદાર હતો જેણે પોતાની સ્વતંત્રતા જાહેર કરી દીધી. આ પછી તુરત જ બાડમેર તથા પોખરનના સરદારોએ રાઠોડ રાજ્ય સાથેના સંબંધો તોડી નાખ્યા.

રાઠોડ શક્તિ માત્ર મારવાડ પ્રદેશ પૂરતી મર્યાદિત ન હતી અને રાજા જોધાના પુત્ર બીકાના નેતૃત્વમાં તેના ફેલાવો જંગલ અર્થાત્ આજના બીકાનેર તરફ થયો હતો. બીકાએ લગભગ ઈ.સ. 1465માં જંગલ તરફ વિસ્થાપન કર્યું. તેણે પુંગલના રાજા શેખાની સાથે વૈવાહિક સંબંધો સ્થાપિત કરીને પોતાની સ્થિતિ સુદૃઢ કરી લીધી. રાજા શેખાએ પોતાની પુત્રીનું લગ્ન બીકા સાથે કર્યું. આ વિસ્તારના જાટ લોકોએ પણ આત્મસમર્પણ કરી લીધું. ઈ.સ. 1488માં તેણે બીકાનેર નગરની સ્થાપના કરી, જે સત્તાનું એક મહત્ત્વનું કેન્દ્ર બની ગયું. પોતાના પિતાના મૃત્યુ બાદ બીકાએ પોતાના પૂર્વજોની જોધપુર રાજગાદી પ્રાપ્ત કરવાનો અસફળ પ્રયાસ કર્યો. તેણે પંજાબના પણ કેટલાક પ્રદેશો જીતી લીધા. ઈ.સ. 1504માં તેના મૃત્યુ સમયે તેના કબજા તળેના રાજ્યમાં એક વિશાળ પ્રદેશનો સમાવેશ થતો હતો.

## 24.3.4 નાનાં રાજપૂત રાજ્યો (Minor Rajput Principalities)

ઉપર નિર્દિષ્ટ રાજપૂત રાજ્યો સિવાય રાજપૂતાના-રાજસ્થાનમાં 13મી સદી અને 15મી સદીઓની વચ્ચે અન્ય કેટલાંય નાનાં રાજ્યોનો ઉદય થયો. સૌથી મહત્ત્વપૂર્ણ જેસલમેરના ભાટી હતા. તેઓએ 11મી સદીના પ્રારંભમાં પંજાબમાંથી થાર રણપ્રદેશ તરફ વિસ્થાપન કર્યું. સમગ્ર 14મી તેમ જ 15મી સદીઓ દરમિયાન જેસલમેરના રાજ્યકર્તાઓનો સતત મેવાડ, મુલતાન, અમરકોટ તથા બીકાનેર સાથે સંઘર્ષ થતો રહ્યો.

આમેર-અંબર(જયપુર રાજ્ય)માં સૂર્યવંશી કચ્છવાહ રાજપૂતોનું રાજ્ય હતું. કચ્છવાહોએ મધ્ય ભારતમાંથી ધુન્ધર તરફ વિસ્થાપન કર્યું. તેઓ ગુર્જર પ્રતિહાર શાસકોના સામન્તો હતા. 11મી સદી દરમિયાન કચ્છવાહ સરદાર દુલાહરાયે નરવરથી પૂર્વી રાજસ્થાન તરફ વિસ્થાપન કર્યું તથા ત્યાં તેણે બડાગુજરને પરાજિત કર્યો અને ધુન્ધર રાજ્ય(આમેર-આધુનિક જયપુર)ની સ્થાપના કરી. 15મી સદી દરમિયાન કચ્છવાહોએ આમેર, મેદ, બૈરાટ તથા શેખવતી પ્રદેશો પર નિયંત્રણ જાળવી રાખ્યું. મોગલ શાસન દરમિયાન તેનું મહત્ત્વ વધી ગયું હતું.

તુર્કોના આક્રમણ સમયે ચૌહાણ સત્તા એક મહત્ત્વની તાકાત હતી. ઈ.સ. 1192માં તરાઈનના બીજા યુદ્ધમાં તુર્કોના હાથે પૃથ્વીરાજ ચૌહાણનો પરાજય થતાં ચૌહાણોની સત્તાનું પતન થયું હતું. આ પછી જાલૌર, રણથંભોર, નાદોલ, સિરોહી તથા હડૌતી જેવાં નાનાં-નાનાં સત્તાકેન્દ્રોનો ઉદ્ભવ થયો અને આ રાજ્યો એક સમયે દિલ્હી સલ્તનતના ભાગ બની ગયાં. આ રાજ્યો એટલાં નબળાં હતાં કે મેવાડ કે મારવાડના પ્રહારોનો સામનો કરી શકે તેમ ન હતાં.

13મી સદીના મધ્યમાં કોઈ એક સમયે હાડાઓએ બૂંદી-કોટા પ્રદેશમાં એક નાનાકડા રાજ્યની સ્થાપના કરવામાં સફળતા મેળવી. તેઓ મેવાડના રાજાઓના સામંતો હતા. સમરસિંહે ઈ.સ. 1253-54માં સુલતાન બલ્બનના આક્રમણ વિરુદ્ધ પોતાના રાજ્યનું રક્ષણ કરવામાં સફળતા મેળવી, પરંતુ તે સુલતાન અલાઉદ્દીન ખિલજીના શક્તિશાળી આક્રમણનો સામનો ન કરી શક્યો અને યુદ્ધ કરતાં કરતાં જ તે માર્યો ગયો. ઈ.સ. 1304માં તેના પુત્ર નપૂજની પણ અલાઉદ્દીન ખિલજી દ્વારા એ જ હાલત કરવામાં આવી. 15મી સદી દરમિયાન હાડા શાસકોએ મેવાડ, ગુજરાત તથા માળવાનાં રાજ્યોને મોટા પાયા પર નજરાણાં આપ્યાં. વાસ્તવમાં 13મી સદીથી 15મી સદી વચ્ચે બૂંદી રાજ્યનું નામ માત્રનું અસ્તિત્વ રહ્યું હતું.

13મીથી 15મી સદી દરમિયાન અમરકોટ તેમ જ બારમેર પ્રદેશમાં તથા કરાચી તથા સોધાના યાદવોનો એક રાજકીય સત્તાના રૂપમાં ઉદય થયો. પરંતુ 13મીથી 15 સદી વચ્ચે તેઓએ પ્રાદેશિક સત્તાઓના નિર્માણમાં કોઈ ઉલ્લેખનીય યોગદાન નથી આપ્યું.

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. મેવાડ રાજ્યનો ઉદય કેવી રીતે થયો ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

2. રાઠોડ કોણ હતા ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

3. રાણા કુંભાની સત્તાનો ઉદય કેવી રીતે થયો ?

.......................................................................................................

.......................................................................................................


.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## 24.4 ગુજરાત (Gujarat)

ગુજરાતની રસાળ અને સમૃદ્ધ ભૂમિએ બહુ શરૂઆતથી જ પરદેશીઓને પોતા તરફ આકર્ષ્યા હતા અને તેને કારણે પરદેશી હુમલાઓનો એ ભૂમિ વારંવાર ભોગ બની હતી. સલ્તનતની સ્થાપના થવા છતાં 13મી સદી દરમિયાન ગુજરાત પર ચાલુક્યોનું નિયંત્રણ જળવાઈ રહ્યું. તમે આગળ અભ્યાસ કરી ગયા કે સુલતાન અલાઉદ્દીન ખિલજીના સેનાપતિઓ ઉલુગખાન તથા નુસરતખાને કેવી રીતે અંતિમ ચાલુક્ય શાસક રાજા કરણ વાઘેલાને હરાવ્યો અને ગુજરાતમાં સલ્તનત રાજ્યનો પાયો નાખ્યો. ખિલજી વંશના મહાન સુલતાન અલાઉદ્દીન ખિલજીએ ઈ.સ. 1304માં કાયમી જીત મેળવી ગુજરાતને દિલ્હી સલ્તનતનો એક ભાગ બનાવી દીધું. સમગ્ર 14મી સદી દરમિયાન દિલ્હીના સુલતાનોની ગુજરાત પર સર્વોચ્ચતા જળવાઈ રહી. ગુજરાતનો વહીવટ સલ્તનતના મુસ્લિમ સૂબાઓ ચલાવતા; સબળા શાસકોના વખતમાં આ સૂબાઓ કેન્દ્ર સરકારને વફાદાર રહેવાનો પ્રયત્ન કરતા, પરંતુ મોકો મળે તો સ્વતંત્ર થવાની તેમની ઉમ્મીદ કોઈથી છાની ન હતી. પરંતુ સુલતાન ફિરોઝ તુઘલક(1351-1388)ના સમયથી સલ્તનતનું નિયંત્રણ નબળું પડતું જોઈ શકાય છે. તેણે શમસુદ્દીન દમધનીને ગુજરાતના સૂબેદાર તરીકે નિયુક્ત કર્યો. ઈ.સ. 1398માં તૈમૂરના આક્રમણ સમયે ગુજરાતને દિલ્હી સલ્તનતની કેન્દ્રીય સત્તાથી સ્વતંત્ર થવાનો એક મોકો મળી ગયો. આ આક્રમણ બાદ ગુજરાતના સૂબા જફર શાહે (જેણે પાછળથી મુજફ્ફર શાહનો ખિતાબ ધારણ કર્યો) ઈ.સ. 1407માં ગુજરાતમાં એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી.




નકશો-3

સ્વતંત્ર સત્તાની સ્થાપનાના સમયથી જ ગુજરાત રાજ્યને પોતાના પાડોશીઓ માળવા, રાજપૂતાના, ખાનદેશ તથા બહમની રાજ્યોની સાથે સંઘર્ષ થયો.

## 24.4.1 માળવા સાથેના સંબંધો

માળવાના શાસક ગુજરાત રાજ્યના પરંપરાગત દુશ્મનો હતા. ઈ.સ. 1408માં મુજફ્ફર શાહે માળવા પર આક્રમણ કરી માળવાના સુલતાન હોશંગ શાહને હરાવી તેને કેદ કર્યો. જોકે હોશંગ શાહે ગુજરાતનું આધિપત્ય સ્વીકારી લીધું તોપણ તે ગુજરાતની વધતી જતી સત્તાની ઈર્ષા કરતો હતો. ગુજરાતની શક્તિને ઓછી આંકીને માળવાના શાસકે ગુજરાત રાજ્યના દુશ્મનો સાથે મિત્રતા કેળવી લીધી. પરંતુ ગુજરાતના શાસક અહમદ શાહે હોશંગ શાહની શક્તિને કચડી નાખી. પછીથી કુતુબુદ્દીન અહમદ શાહ બીજાના શાસનકાળ(ઈ.સ. 1451-1459)માં માળવાના મહમૂદ ખિલજીએ ગુજરાત પર આક્રમણ કર્યું. પરંતુ તેના આ આક્રમણને ગુજરાતે સફળ થવા દીધું નહીં. આ પછી મેવાડના શાસક રાણા કુંભાને હરાવવા માટે મહમૂદ ખિલજીએ કુતુબુદ્દીન અહમદ શાહ બીજા સાથે ગઠબંધન કરી લીધું. પરંતુ મહમૂદ ખિલજીનું આ કાર્ય માત્ર એક કૂટનૈતિક ચાલ સમાન હતું. તેણે એવો એક સંભવિત અવસર કે તક જતી ન કરી કે જેના દ્વારા તે ગુજરાતની પ્રતિષ્ઠાને આઘાત પહોંચાડી શકે તેમ હોય.

## 24.4.2 રાજપૂતાના સાથેના સંબંધો

એક અન્ય મહાસત્તા સાથે ગુજરાતને સતત સંઘર્ષરત રહેવું પડ્યું એ રાજપૂતાના હતું. જે પ્રથમ

રાજપૂત રાજ્યને ગુજરાતના એક ભાગ તરીકે ભેળવી દેવાયું તે ઈડર હતું. ઈ.સ. 1433માં અહમદશાહે ડુંગરપુર પર અધિકાર મેળવી લીધો. પછીથી કુતુબુદ્દીન (1451-59) અને મહમૂદ બેગડાએ (1459-1511) મેવાડના શાસક રાણા કુંભાનો સામનો કરવો પડ્યો. આગળ આપણે જોઈ ગયા મુજબ રાણા કુંભાએ સિરોહી, આબુ તથા નાગૌર ઉપર અધિકાર મેળવી લીધો. સિરોહી, આબુ તથા નાગૌર પર અહમદ શાહના કાકા ફિરોઝ શાહનું શાસન હતું. આ પ્રકારે રાણા કુંભાને હવે ગુજરાત, સિરોહી તથા નાગૌરના સંયુક્ત આક્રમણનો સામનો કરવો પડ્યો. આ યુદ્ધનું અંતિમ પરિણામ એ આવ્યું કે રાણા કુંભાને મોટી રકમનો યુદ્ધદંડ આપીને શાંતિસંધિ કરવી પડી. કુંભલગઢ પર બે વાર અધિકાર થયો હોવા છતાં રાણા કુંભા પોતાની રાજધાનીને પોતાની પાસે રાખવામાં સફળ રહ્યો.

ચાંપાનેરના રાજપૂત રાજ્યનો પણ ગુજરાત સાથે સંઘર્ષ થતો રહ્યો. પરંતુ ઈ.સ. 1483-84માં મહમૂદ બેગડાએ આ રાજ્યને ગુજરાત રાજ્યમાં ભેળવી દીધું અને તેનું નામ મહમૂદાબાદ રાખવામાં આવ્યું તથા તે ગુજરાત રાજ્યની બીજી રાજધાની બની ગયું. મહમૂદ બેગડાના સમયમાં અન્ય નાનાં રાજપૂત રાજ્યો જેવાં કે જૂનાગઢ, કચ્છ તથા દ્વારકા પર અધિકાર કરી લેવામાં આવ્યો અને મુજફ્ફર શાહના શાસનકાળ દરમિયાન ગુજરાત રાજ્યની સીમાઓ દૂર-દૂરના વિસ્તારો જેમ કે છેક કાઠિયાવાડ દ્વીપકલ્પ સુધી પહોંચી ગઈ હતી.

## 24.4.3 બહમની અને ખાનદેશ સાથેના સંબંધો

બહમની રાજ્યના શાસક તાજુદ્દીન ફિરોઝશાહ(1397-1422)ના ગુજરાત રાજ્યના શાસકો સાથે સુમેળભર્યા સંબંધો ટકી રહ્યા. પરંતુ તેના અવસાન પછી અહમદ શાહ બહમની (1422-1436) સત્તારૂઢ થતાં આ સ્થિતિમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું. તેણે ખાનદેશ સાથે વૈવાહિક સંબંધ બાંધ્યા. ઈ.સ. 1429માં બહમની તથા ખાનદેશે ઝાલાવાડના રાજા કાન્હાને આશ્રય આપ્યો. તેઓના આ કામથી ગુજરાતનો શાસક અહમદ શાહ ગુજરાતી ભડક્યો અને તેની વિરુદ્ધ બળપ્રયોગ કરવો પડ્યો. તેણે તેનો પરાજય કરી માહિમ પર અધિકાર મેળવી લીધો. પરંતુ મહમૂદ બેગડાના સમયમાં સંબંધો પુનઃ સૌહાર્દપૂર્ણ બની ગયા. જે સમયે માળવાના શાસક મહમૂદ ખિલજીએ બહમની રાજ્ય પર આક્રમણ કર્યું ત્યારે મહમૂદ બેગડો તેનો પીછો કરતો કરતો બે વાર આવ્યો હતો.

મહમૂદ બેગડાએ ખાનદેશના શાસકો સાથે પણ મિત્રતાભર્યા સંબંધો ટકાવી રાખ્યા. પરંતુ આદિલખાને નજરાણું આપવાનું બંધ કર્યું અને અહમદનગર તથા બરાર સાથે તે મળી ગયો. આ કારણે મહમૂદ બેગડાએ ખાનદેશ પર આક્રમણ કર્યું. અંતમાં આદિલખાનને મહમૂદ બેગડાનું આધિપત્ય સ્વીકારવા ફરજ પાડવામાં આવી. પરંતુ બેગડાએ ખાનદેશ કે દૌલતાબાદ પર અધિકાર કર્યો નહીં બલ્કે તેણે અહીંના શાસકોને માત્ર નજરાણાં આપવા ફરજ પાડી.

મહમૂદ બેગડાને સિંધના શાસક જામ નિઝામુદ્દીનની સાથે ઘનિષ્ઠ સંબંધો હતા. નિઝામુદ્દીન તેનો નાનો થતો હતો અને જ્યારે સિંધના કબીલાઈ લોકોએ તેની વિરુદ્ધ વિદ્રોહ કર્યો ત્યારે તે નિઝામુદ્દીનની સહાયતા કરવા સિંધ ગયો હતો.

મહમૂદ બેગડાએ ભારતીય સમુદ્રમાં ઉદય પામી રહેલી પોર્ટુગલી સત્તા સાથે પણ અથડામણમાં આવવું પડેલું. ઈ.સ. 1498માં વાસ્કો-ડી-ગામાએ શોધેલા નવા જળમાર્ગનો લાભ લઈ પોર્ટુગીઝોએ દસ જ વર્ષમાં ભારતીય સાગર પર પોતાનું વર્ચસ્વ જમાવી દીધું હતું. પૂર્વના દેશોનો તેજાનાનો વેપાર તેમણે હાથ કરી લીધો હતો અને ઈજિપ્ત તથા ખંભાત અને ચૌલ જેવા પશ્ચિમ ભારતના મુસ્લિમ વેપારીઓના વેપારને તેમણે સારો એવો ધક્કો પહોંચાડ્યો હતો. પરિણામે ઈ.સ. 1508માં ભારતીય સાગરમાંથી તેમને હાંકી કાઢવા માટે જેદ્દાના સૂબા અમીર હુસેન કૂર્દની આગેવાની નીચે ઈજિપ્શિયન નૌકાકાફલો સજ્જ થયો અને પશ્ચિમ ભારતના આ આગેવાન મુસ્લિમ સુલતાન મહમૂદ બેગડાએ તેની સહાયતા માટે પોતાના બહાદુર તુર્ક સરદાર મલિક અયાઝની નેતાગીરી નીચે નૌકાકાફલો રવાના કર્યો. બંનેના સંયુક્ત નૌકાદળે મુંબઈની દક્ષિણે ચૌલ પાસે પોર્ટુગીઝ નૌકાકાફલાને પરાજિત કર્યો અને ઈ.સ. 1509માં અલબુકર્કના નેતૃત્વ તળે પોર્ટુગલ ગીઝાએ સંયુક્ત મુસ્લિમ-નૌકાદળને સખત હાર આપી, પોતાની દરિયાઈ સર્વોપરિતા સાબિત કરી. આમ થતાં મહમૂદ બેગડાએ ઈ.સ. 1510માં પોર્ટુગીઝો સાથે એક સંધિ કરી અને એ મુજબ અરબી સમુદ્રમાં ગુજરાતનાં વહાણોની સુરક્ષાનું તેને આશ્વાસન આપવામાં આવ્યું. સામે પક્ષે મહમૂદ બેગડાએ પોર્ટુગીઝોને વેપારી કોઠી નાખવા માટે દીવમાં જગ્યા આપવાનું સ્વીકાર્યું.


ઈ.સ. 1508માં દિલ્હીના સુલતાન સિકંદર લોદીએ પોતાના એક દૂતને તેની સાથે મૈત્રી બાંધવા અને ટકાવવાને કીમતી ભેટસોગાદો સાથે મોકલ્યો હતો. ભારતના ઈતિહાસમાં એક પ્રાદેશિક સત્તાને આટલું માન ભાગ્યે જ મળ્યું હશે !

આ ઉપરાંત ઈરાનના ઇસ્માઈલ સફવી જેવા શાસકનો દૂત પણ ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાની મુલાકાતે આવી ગયો હતો.

દિલ્હી અને ઈરાનના દૂતો ગુજરાતમાં આવવાથી ગુજરાતના શાસકની પ્રતિષ્ઠામાં વધારો થયો. આ પરથી સ્પષ્ટ થાય છે કે સમકાલીન રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં મહમૂદ બેગડાનું સ્થાન મહત્ત્વપૂર્ણ બની ગયું હતું.

## 24.5 સિંધ (Sind)

ભારતની પશ્ચિમ સીમા પર આવેલ સિંધ એક બીજું સ્વતંત્ર રાજ્ય હતું. સિંધ રાજ્યમાં મુસ્લિમ સત્તાની સ્થાપનાનો ઇતિહાસ ઈ.સ. 712માં એ સમયથી પ્રારંભ થાય છે, જ્યારે મોહમ્મદ બિન કાસિમે સિંધ પર આક્રમણ કર્યું. સિંધમાં સુમીરોએ 10મી સદીમાં કોઈ એક સમયે પોતાની સત્તાની સ્થાપના કરી હશે એવું પ્રતીત થાય છે. તેના શાસન અંગે કે પડોશી રાજ્યો સાથેના તેના સંબંધો અંગે કોઈ વિશેષ જાણકારી મળતી નથી. પરંતુ છૂટાછવાયા ઉલ્લેખોને આધારે એટલું સ્પષ્ટ થાય છે કે તેઓનો પ્રભાવ દેવલ તથા મકરાન સમુદ્રકિનારા સુધીના પ્રદેશોમાં ફેલાયેલો હતો. કચ્છના કેટલાક પ્રદેશો પર પણ તેઓનો પ્રભાવ હતો. તારીખ-એ-જહાઁગુશા મુજબ ઈ.સ. 1224માં ખ્વારિઝ્મના શાસક જલાલુદ્દીન મંગબર્નીએ સુમીર રાજકુમાર ચાનેસરને હરાવ્યો તથા દેવલ તથા દમરિલ્હ પર અધિકાર કરી લીધો. ગુલામ વંશના સુલતાન ઈલ્તુત્મિશના શાસનકાળ દરમિયાન તેના વજીર નિઝામ-ઉલ-મુલ્ક જુનૈદીએ ઈ.સ. 1228માં સિંધ પર અધિકાર કરી લીધો તથા તેના શાસક ચાનેસરને ઈલ્તુત્મિશના દરબારમાં મોકલી આપ્યો હતો. પછીથી ઈ.સ. 1350-51માં મુહમ્મદ તુઘલકે વિદ્રોહી ઉમરાવ તગીનો પીછો કરતાં કરતાં થટ્ટા પર આક્રમણ કર્યું હતું.






નકશો-4

ઈ.સ. 1351માં સમ્માહોએ સુમીરોને હરાવીને તેનું સ્થાન ગ્રહણ કરી લીધું. તેઓએ સિંધમાં 175 વરસ સુધી રાજ્ય કર્યું. ચચનામામાં એવા સ્પષ્ટ ઉલ્લેખો છે કે સજમાહ, મોહમ્મદ બિન કાસિમના વિજય પૂર્વે સિંધમાં વસવાટ કરતા હતા. તેઓ મૂળભૂત રીતે રાજપૂતોની યાદવ શાખા સાથે સંકળાયેલા હતા અને પાછળથી તેઓએ ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો. મુખ્યત્વે તેઓ કૃષિ સાથે જોડાયેલા હતા. તેઓની જમીન સુમીરોને આધીન હતી. ઈ.સ. 1360-61માં તથા પુનઃ 1362માં ફિરોઝ તુઘલકે જામ જૌના તથા થટ્ટાના બનબેનિયા પર આક્રમણ કર્યું. જામને આત્મસમર્પણ કરવું પડ્યું, પરંતુ 1388માં ફિરોઝ તુઘલકના અવસાન પછી તુરત જ સજમાહોએ સલ્તનત વિરુદ્ધ વિદ્રોહ પોકાર્યો અને જામ તુઘલકના નેતૃત્વ તળે સ્વતંત્ર થઈ ગયા. સિંધના જામ શાસકોના ગુજરાત સાથેના સંબંધો સુમેળભર્યા રહેવા પામ્યા હતા. જામ નિઝામુદ્દીને પોતાની બે પુત્રીઓનો વિવાહ ગુજરાતના શાસક સાથે કર્યો અને મહમૂદ બેગડો તેની નાની પુત્રી બીબી મુગલીનો પુત્ર હતો. આ અગાઉ આપણે જોઈ ગયા કે 1472માં મહમૂદ બેગડો જ્યારે દરિયાઈ ચાંચિયાગીરી કરનાર કબીલાએ વિદ્રોહ કરીને જામની સત્તાને પડકાર ફેંક્યો ત્યારે જામ નિઝામુદ્દીનની સહાયતા માટે આવ્યો હતો. સિંધના જામ શાસકોમાં જામ નિઝામુદ્દીન (1460-1508) સૌથી મહાન શાસક હતો. મુલતાનના શાસક સુલતાન હુસૈન સાથે તેના ઘનિષ્ઠ સંબંધો હતા. ઈરાનના ઈલખાન વંશના અર્ઘુન શાસકોએ જામ નિઝામુદ્દીનના શાસનનાં અંતિમ વરસો(ઈ.સ. 1493)માં જામ સત્તા માટે ખતરો પેદા કર્યો હતો. પરંતુ જ્યાં સુધી જામ નિઝામુદ્દીન હયાત હતો ત્યાં સુધી અર્ઘુનો સફળ થઈ શક્યા નહીં. આખરે ઈ.સ. 1508માં તેના મૃત્યુ પછી અર્ઘુનોએ 16મી સદી દરમિયાન પોતાનું રાજ્ય સ્થાપવામાં સફળતા મેળવી.

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. માળવાના શાસકો સાથે ગુજરાત રાજ્યના સંબંધોની આલોચનાત્મક ચર્ચા કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. સમ્માહ કોણ હતા ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 24.6 સારાંશ

આ એકમમાં 13મી સદીથી 15મી સદી સુધી ઉત્તર-પશ્ચિમ ભારતમાં પ્રાદેશિક રાજ્યોના ઉદય અંગે જોઈ ગયા. કાશ્મીરનો સલ્તનતની બહાર એક સ્વતંત્ર રાજ્ય તરીકે ઉદય થયો. બહલોલ લોદીના શાસનકાળને બાદ કરતાં 13મી સદીથી 15મી સદી સુધી કાશ્મીરના સંબંધો દિલ્હી સલ્તનત સાથે સૌહાર્દપૂર્ણ બની રહ્યા. રાજપૂતાનામાં જાતીય સંગઠન પર આધારિત ગુહિલ, સિસોદિયા તેમ જ રાઠોડ જેવાં મહત્ત્વપૂર્ણ રાજ્યોનો ઉદય થયો. સલ્તનતના પતનના પરિણામે ગુજરાત એક સ્વતંત્ર રાજ્ય બની ગયું. 15મી સદીના પ્રારંભમાં તેણે એક સ્વતંત્ર રાજ્યનો દરજ્જો મેળવી લીધો. ગુજરાત પોતાનાં પડોશી રાજ્યો માળવા, રાજપૂતાના તથા બહમની સાથે સંતત સંઘર્ષરત રહ્યું. આ દરમિયાન દૂર પશ્ચિમમાં આવેલ સિંધ રાજ્યે સુમીરો તથા સમ્માહોના નેતૃત્વમાં દિલ્હી સલ્તનતના દાસત્વને ઉતારીને ફેંકી દેવા માટેના ભરચક પ્રયાસો કર્યા. પોતાના આ ઉદ્દેશોમાં ફિરોઝ તુઘલકના મૃત્યુ પછી જ તેઓને સફળતા મળી.

## 24.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. જુઓ, ભાગ 24.2
2. જુઓ, ભાગ 24.2

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. જુઓ, પેટા વિભાગ 24.3.1
2. જુઓ, પેટા વિભાગ 24.3.1, 24.3.2
3. જુઓ, પેટા વિભાગ 24.3.3

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. જુઓ પેટા વિભાગ 24.4.1
2. જુઓ ભાગ 24.5

## 24.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**જામ** - એક ઉપાધિ હતી જે સિંધના સમ્માહ શાસકોએ ધારણ કરી હતી.

**અર્ધુન** - ઈરાનના ઈલખાન શાસકના વંશજ.

# એકમ 25 ઉત્તર ભારતમાં રાજ્ય, વહીવટ અને અર્થવ્યવસ્થા (State, Administration and Economy in North India)

રૂપરેખા

25.1 પ્રાસ્તાવિક
25.2 ઉત્તર ભારતમાં પ્રાદેશિક રાજ્યોની વિશેષતાઓ
25.3 ઉત્તરાધિકારી રાજ્યોના રૂપમાં ઉત્તર ભારતનાં રાજ્યો
25.4 ઉત્તરાધિકારનો પ્રશ્ન
25.5 કાયદેસરતાનો પ્રશ્ન
25.6 વહીવટી માળખું
25.7 મહેસૂલી વહીવટ
25.8 સામંતો અને જમીનધારક કુલીન વર્ગ
25.9 અર્થવ્યવસ્થા
25.10 સારાંશ
25.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
25.12 ચાવીરૂપ શબ્દો

## 25.1 પ્રાસ્તાવિક

આ એકમમાં ઉત્તર ભારતનો મતલબ વિંધ્ય પર્વતમાળાની ઉત્તરમાં આવેલા સમગ્ર પ્રદેશ સાથે છે. ઉત્તરમાં કાશ્મીર; ઉત્તર-પશ્ચિમમાં રાજપૂતાના, સિંધ, મુલતાન અને ગુજરાત ; મધ્યમાં માળવા અને જૌનપુર ; પૂર્વમાં ઓરિસ્સા, બંગાળ, આસામના કમાટા અને અહોમ પ્રદેશો તે હેઠળ આવરી લેવામાં આવ્યા છે. દિલ્હી અને તેની આસપાસના ઈલાકાઓ પણ ઉત્તર ભારતમાં જ આવે છે. પરંતુ આ એકમમાં આપણે તે અંગે વિચારીશું નહીં કારણ કે અહીં આપણો ઉદ્દેશ માત્ર પ્રાદેશિક રાજ્યો પર જ વિચારવિમર્શ કરવાનો છે જ્યારે આ વિસ્તારો દિલ્હી સલ્તનત તળેના હતા. આ એકમમાં પ્રાદેશિક રાજ્યોની આગવી વિશેષતાઓ, તેનો વહીવટી ઢાંચો અને પ્રાદેશિક રાજકીય વ્યવસ્થામાં સામંતોની ભૂમિકાનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરીશું.

આ એકમમાં ઉત્તર ભારતનાં રાજ્યોની રાજ્યવ્યવસ્થા, વહીવટ તથા અર્થવ્યવસ્થાનો અભ્યાસ કરીશું. આ એકમના અભ્યાસ પછી (1) પ્રાદેશિક રાજ્યોની આગવી વિશેષતાઓ, (2) ઉત્તરાધિકારનો પ્રશ્ન, (3) રાજાઓ દ્વારા પોતાની સર્વોચ્ચ સત્તાને કાયદેસરની બનાવવાનો પ્રયાસ, (4) વહીવટી તંત્ર અંગેની જાણકારી અને (5) રાજકીય વ્યવસ્થામાં જમીનમહેસૂલ અને અર્થવ્યવસ્થા નિર્ધારણમાં સામંતો અને જમીનધારકોની ભૂમિકા વગેરે અંગે જાણકારી મેળવવાનો પ્રયાસ કરીશું.

## 25.2 ઉત્તર ભારતમાં પ્રાદેશિક રાજ્યોની વિશેષતાઓ (Characteristic Features of the Regional States in North India)

સામાન્ય રીતે એવી ધારણા પ્રવર્તે છે કે દિલ્હી સલ્તનત કાળમાં હિંદુઓ અને મુસલમાનો વચ્ચે જે વેરભાવ હતો, તે 13મી-15મી સદીઓ દરમિયાન વધારે વકર્યો અને તેના આતંરિક ઝઘડા તથા સંઘર્ષોમાં વધારો થયો પરંતુ ઇવાજબર્ગે આ અભિપ્રાયનું ખંડન કરતાં સાચું જ કહ્યું છે કે આ કાળમાં હિંદુ અને મુસલમાન શાસકો વચ્ચે સંઘર્ષની અપેક્ષાએ મુસલમાન અને મુસલમાન શાસકો કે સુલતાનો તથા હિંદુ અને હિંદુ રાજાઓ વચ્ચે અકસર વધારે ઊંડા સંઘર્ષો થયા. દા.ત., માળવા અને જૌનપુરના

મુસલમાન શાસકો ગુજરાતના પરંપરાગત દુશ્મનો હતા, કમાટા અને અહોમના રાજાઓ વચ્ચે અવાર-નવાર યુદ્ધો થયાં કરતાં હતાં; ઓરિસ્સાના શાસકોને હંમેશાં વિજયનગરના શાસકોનાં આક્રમણોનો સામનો કરવો પડ્યો અને રાજપૂતાનાના વિભિન્ન રાજવંશો અંદરોઅંદર લડ્યા કરતા હતા. તેઓ કપરા કસોટીકાળે પણ એકતાની ભાવના દર્શાવી શક્યા નહીં. હકીકતમાં રાજકીય સંધિઓમાં ધર્મની અપેક્ષાએ સમય અને પરિસ્થિતિની ભૂમિકા વિશેષ રહેવા પામી હતી. ઈ.સ. 1450-51માં મહમૂદ શાહ ગુજરાતીની વિરુદ્ધ માળવાના મહમૂદ ખિલજી પહેલાએ ચાંપાનેરના રાજા ગંગાદાસની મદદ કરી હતી. પછીથી મેવાડના રાણા કુંભાની સત્તા-શક્તિને જોઈને મહમૂદ ખિલજીએ રાણાની વિરુદ્ધ ગુજરાતના શાસક કુતુબુદ્દીનને મદદ કરી હતી.

13મી-15મી સદીઓની રાજનૈતિક વ્યવસ્થાની એક આગવી ખાસિયત એ હતી કે આ સમયની રાજકીય વ્યવસ્થાનો ફેલાવો ઊર્ધ્વ હતો, સમતલ કે સમાંતર નહી. અર્થાત્ આ પ્રાદેશિક રાજ્યોનું ક્ષેત્રફળ સલ્તનતના મુકાબલે પ્રમાણમાં ઘણું ઓછું હતું, પરંતુ અહીં રાજકીય વ્યવસ્થા ગ્રામ્ય પ્રદેશો સુધી ઊંડી પથરાયેલી હતી.

પ્રાદેશિક શાસકોના વર્ચસ્ નીચેના વિસ્તારમાં તેની પકડ નબળી હતી; જ્યાં તેનું લગભગ પૂર્ણ નિયંત્રણ હતું ત્યાં પણ તેઓએ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. નિયંત્રણના આધારે તેનાં વર્ચસ્ ક્ષેત્રોને ત્રણ ભાગમાં વહેંચી શકાય :

(i) જે પ્રદેશોમાંથી જમીનમહેસૂલ સીધું જ મહેસૂલી અધિકારીઓ દ્વારા વસૂલ કરવામાં આવતું હતું, ત્યાં રાજ્યનો પ્રભાવ અને નિયંત્રણ સૌથી વધારે હતાં.

(ii) જે પ્રદેશોનું મહેસૂલ સ્થાનિક સરદારો વસૂલ કરતા હતા, ત્યાં પણ રાજ્યનું નિયંત્રણ પર્યાપ્ત માત્રામાં હતું.

(iii) જે પ્રદેશોમાંથી માત્ર નજરાણાં આવતાં હતાં, ત્યાં રાજ્યનું નિયંત્રણ સૌથી ઓછું હતું. આ વ્યવસ્થાનો સીધો પ્રભાવ પ્રાદેશિક શાસકો અને સામંતો, કરદાતા સરદાર કે રાજા અને સ્થાનિક કુલીન વર્ગો (જમીનદારો, મુકાદમો વગેરે) વચ્ચેના સંબંધો પર પડ્યો. વિભિન્ન પ્રાદેશિક રાજ્યોના શાસક વર્ગના સ્વરૂપ પર વિચારવિમર્શ કરતી વખતે આપણે આ મુદ્દાની વિશદ્ ચર્ચા કરીશું.

## 25.3 ઉત્તરાધિકારી રાજ્યોના રૂપમાં ઉત્તર ભારતનાં રાજ્યો (North Indian Kingdoms as Successor States)

પ્રાદેશિક રાજ્યોને સામાન્ય રીતે સલ્તનતના ઉત્તરાધિકારી રાજ્યો તરીકે જોવામાં આવે છે. આ માટે એક દલીલ એવી કરવામાં આવે છે કે પ્રાદેશિક રાજ્યોના સ્થાપક કોઈ ને કોઈ રૂપમાં સલ્તનત તળે કર્મચારી રહી ચૂક્યા હતા; કાં તો તેણે સૂબાના રૂપમાં સલ્તનતની સેવા કરી હોય અથવા તો કોઈ અન્ય હોદ્દા પર કાર્ય કર્યું હોય. આગલા એકમોનો અભ્યાસ કરતાં આપણે એ જોઈશું કે કેટલીક બાબતોમાં આ વાત સાચી જણાય છે, પરંતુ દરેક જગ્યાએ આ વાત લાગુ થઈ શકે નહીં. દા.ત., ગુજરાત, માળવા અને જૌનપુર રાજ્યોના સંસ્થાપક ક્રમશઃ જફરખાન, દિલાવરખાન અને મલિક સરવર તુઘલક સલ્તનતમાં સૂબા તરીકે કાર્ય કરી ચૂક્યા હતા. આ સિવાય, બંગાળના શાસકોનો સલ્તનત સાથે સીધો અને નિરંતર સંબંધ ટકી રહ્યો.

પરંતુ રાજપૂત રાજ્યો આ દૃષ્ટિએ અપવાદરૂપ હતાં. તેઓને હંમેશાં સલ્તનતનાં આક્રમણોનો સામનો કરવો પડ્યો તોપણ તેઓએ ક્યારેય પણ તેનું પૂર્ણ આધિપત્ય સ્વીકાર્યું ન હતું. તેઓને જ્યારે પણ મોકો મળ્યો ત્યારે તેઓએ સલ્તનતની ધૂંસરી ફગાવી દીધી અને પોતાના વંશીય રાજ્યની સ્થાપના કરી. સિંધના મામલામાં પણ બિલકુલ આ રીતે જ થયું. સલ્તનતના દબાણમાં આવીને સિંધના શાસકોએ ઈલ્તુત્મિશ, મુહમ્મદ તુઘલક અને ફિરોઝ તુઘલકનું પ્રભુત્વ સ્વીકારી લીધું પરંતુ વ્યાવહારિક રીતે સુમિરાહોં અને સમ્માહોંએ સ્વતંત્ર રીતે રાજ્ય કર્યું. આસામ (કમાટા અને અહોમ), કાશ્મીર અને ઓરિસ્સા રાજ્યોનો ઉદય સલ્તનતથી બિલકુલ સ્વતંત્રરૂપે થયો.

કેટલીક પ્રાદેશિક સત્તાઓનો ઉદય સલ્તનતના ખંડિયેરો પર થયો હતો, આથી એમ માની લેવામાં આવ્યું કે તેની રાજકીય સંરચના પણ સલ્તનતના ઢાંચા પર જ નિર્મિત હતી.

## 25.4 ઉત્તરાધિકારનો પ્રશ્ન (Succession Issue)

એકમ 16માં તમે સલ્તનતની સામાજિક તથા રાજકીય વ્યવસ્થાનો અભ્યાસ કરી ગયા. તમે જોઈ ગયા

કે ઇસ્લામમાં ઉત્તરાધિકાર સંબંધી કોઈ નિશ્ચિત નિયમો નથી. પરિણામે, આ માટે ચૂંટણી, નિયુક્તિ અને વંશાનુગત રાજ્યારોહણ – આ ત્રણે પ્રક્રિયાઓ સાથોસાથ ચાલતી રહી. હકીકતે જેની પાસે સત્તાશક્તિ હતાં, તે ગાદીનો હકદાર બની જતો. આથી આ મામલામાં આડું-અવળું થવાની પૂરેપૂરી શક્યતાઓ રહેતી હતી.

સલ્તનતની માફક પ્રાદેશિક હિંદુ કે મુસ્લિમ રાજ્યોમાં પણ ઉત્તરાધિકાર અંગે કોઈ ચોક્કસ નિયમ ન હતો. આથી ષડયંત્રો અને ગુપ્ત સંધિઓનું ભારે જોર રહેતું હતું અને તેમાં ક્યારેક સ્ત્રીઓ પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવતી હતી. માળવામાં જ્યેષ્ઠાધિકારીની તુલનાએ નિયુક્તિનો સિદ્ધાંત પ્રભાવશાળી રહ્યો. જૌનપુરમાં 'બળ'ની બોલબાલા રહી. 1458માં હુસૈનશાહ શર્કીએ પોતાના મોટાભાઈ મોહમ્મદશાહ શર્કીને મારી ગાદી હાંસલ કરી હતી. આ રીતે, ગુજરાતમાં પોતાના રાજ્યારોહાણ પૂર્વે અહમદશાહને પોતાના કાકા મૌદૂદ સુલતાન(ફિરોઝખાન)ના પડકારનો સામનો કરવો પડ્યો હતો. બંગાળમાં આ મામલાઓમાં સરદારોની ભૂમિકા મુખ્ય બની રહી અને શાસકોના રાજ્યાભિષેક કે રાજ્યાધિકાર પ્રાપ્ત કરાવવામાં તેઓ સક્રિય રહ્યા. શમસુદ્દીન અહમદશાહની હત્યા તેના ગુલામો શાદીખાન અને નાસિરખાન (1435) દ્વારા કરી નાખવામાં આવી. તેના પ્રત્યાઘાત રૂપે વિરોધીઓએ તેની હત્યા કરી નાખી (1442). 1487 સુધી એબિસીનિયાઈ (હબ્શી) સરદારોની શક્તિ સર્વોચ્ચ કક્ષાએ પહોંચી ગઈ. આ સમયે એબિસીનિયાઈ સરદાર મલિક અંદિલે જલાલુદ્દીન ફતહશાહને મારી રાજગાદી હસ્તગત કરી લીધી.

રાજપૂતાનામાં પણ જ્યેષ્ઠાધિકારનું સોએ સો ટકા પાલન થતું ન હતું. આ સંદર્ભમાં ગુહિલો અને સિસોદિયાઓનો દાખલો આપી શકાય. રાણા લાખાના અવસાન પછી ચંદ(રાણાનો મોટો પુત્ર)ને ગાદી ન મળી, બલકે તેના નાની વયના પુત્ર રાણા મોકલને શાસક બનાવવામાં આવ્યો. આ જ રીતે ઉદાએ પોતાના પિતા રાણા કુંભાને મારી ગાદી હાંસલ કરી. રાયમલ પણ સહેલાઈથી રાજા ન બની શક્યો. તેને ઉદાના પુત્રો સહસમલ અને સૂરજમલના પડકારોનો સામનો કરવો પડ્યો હતો.

કાશ્મીરમાં પણ ઉત્તરાધિકાર અંગે કોઈ નિશ્ચિત નિયમો ન હતા. ઈ.સ. 1323માં પોતાના માલિકના મૃત્યુ પછી શાહ મીરને રાજગાદી હાથવગી કરી લીધી. તેના જ્યેષ્ઠ પુત્ર જમશેદના રાજ્યારોહણ (1342) માટે પણ એક લાંબુ ઉત્તરાધિકાર અંગેનું યુદ્ધ ચાલ્યું. જઈન-ઉલઆબેદીને પોતે 1420માં પોતાના મોટાભાઈ અલી શાહને મારી સત્તા હાંસલ કરી લીધી.

અહોમ રાજાઓની નિયુક્તિમાં પ્રભાવશાળી સામંતોની પરિષદ-'બર ગોહૈન' અને 'બુરાહ ગોહૈન'ની મુખ્ય ભૂમિકા રહેતી હતી. હકીકતમાં આ પરિષદોની અમીદૃષ્ટિ વગર કોઈ રાજા ગાદી પર બેસવાનું વિચારી સુધ્ધાં શકતો નહીં. માત્ર ઓરિસા રાજ્યમાં ગંગા શાસકોના શાસનકાળમાં ઉત્તરાધિકાર અંગેના નિયમોનું સન્માન કરવામાં આવ્યું. પરંતુ, સમય જતાં, જ્યારે સત્તાનું હસ્તાંતરણ ગજપતિ શાસકોના હાથોમાં થયું, ત્યારે આ નીતિ નજરઅંદાજ કરવામાં આવી. કપિલેન્દ્રના મૃત્યુ પછી તેના નાના પુત્ર પુરુષોત્તમે પોતાના મોટાભાઈ હમીરના અધિકાર પર કબજો જમાવી દીધો હતો.

## 25.5 કાયદેસરતાનો પ્રશ્ન (Legitimization)

રાજા સર્વોચ્ચ સત્તાનો ધારક હતો. તેનો નિર્ણય તમામ બાબતોમાં આખરી હતો. પરંતુ ઇસ્લામમાં સુલતાનની સત્તાને કોઈ પ્રકારની કાયદેસરતા મળેલી ન હતી. ખલીફા મુસલમાનોનો રાજકીય વડો હતો. દિલ્હીના સુલતાનો પોતાની સત્તાને 'કાયદેસર' બનાવવા માટે ખલીફાના નામના 'ખુતબા' પઢાવતા અને સિક્કાઓ પર તેનું નામ કોતરાવતા હતા. પ્રાદેશિક રાજ્યો માટે પણ પોતાને કાયદેસર જાહેર કરવા જરૂરી હતું. આ માત્ર લોકો પર આધિપત્ય સ્થાપવા માટે જ જરૂરી ન હતું, પરંતુ હરીફ જૂથોને શાંત કરવા માટે પણ જરૂરી હતું. કોઈ પણ રાજ્યારોહણ સંઘર્ષ કે યુદ્ધ સિવાય સમ્પન્ન થઈ શકતો નહીં. આથી વિજેતા ઉત્તરાધિકારીને પોતાની કાયદેસરતા સાબિત કરવી પડતી હતી. કેટલાંક પ્રાદેશિક રાજ્યો એટલાં દૂર આવેલાં હતાં કે તેઓ માટે બગદાદના ખલીફાની મંજૂરી પ્રાપ્ત કરવાનું મુશ્કેલ અને અવ્યવહારુ બની રહેતું. આ પરિસ્થિતિમાં આ કાર્ય ઉલેમાઓ અને સૂફીઓ દ્વારા સમ્પન્ન થતું હતું. કટ્ટર મુસલમાનોને પોતાના પક્ષે કરવા માટે માળવા, ગુજરાત, બંગાળ અને જૌનપુરના શાસકોએ હંમેશાં ઉલેમાઓ અને સૂફીઓનું સમર્થન મેળવવા પ્રયાસો કર્યા અને આના બદલામાં તેઓને સારા હોદ્દા અને મહેસૂલમુક્ત જમીન અનુદાન (મદદ-એ-માશ) આપવામાં આવતાં. તેઓ અવારનવાર મુસ્લિમ સંતો પાસે માથું ટેકવવા જતા. ઈવાઝ ખિલજી, મુગીસુદ્દીન, રુકનુદ્દીન, કૈકાસ, શમસુદ્દીન, ફિરોઝ વગેરે બંગાળના શાસકોએ ખલીફાની કાયદેસર માન્યતા પ્રાપ્ત કરી અને આ તમામે અબ્બાસિંહ ખલીફાનું નામ સિક્કાઓ પર કોતરાવ્યું હતું. ઈબ્રાહીમ શર્કીના

સંરક્ષણ તળે અનેક મુખ્ય મુસ્લિમ સંતો મખદૂમ અસદ્દઉદ્દીન આફતાબ-એ-હિંદ, મખદૂમ સદ્દઉદ્દીન ચિરાગ-એ-હિંદ, પાંડુઆના સૈયદ અબાઉલ હક વગેરેએ ખ્યાતિ મેળવી. માળવાના શાસક હોશંગ શાહે ઉલેમાઓ અને અન્ય વિદ્વાનોને માળવામાં વસાવવા માટેના તમામ પ્રયાસોને પ્રોત્સાહન પૂરું પાડ્યું. હોશંગ શાહના મનમાં મખદૂમ કાઝી બુરહાનુદ્દીન પ્રત્યે અપાર શ્રદ્ધા હતી અને તે તેનો શિષ્ય (મુરીદ) પણ બની ગયો. મહમૂદ ખિલજીએ ઇજિપ્તના અબ્બાસિદ ખલીફા તરફથી 'ખિલ્લત' પ્રાપ્ત કર્યું. આથી માળવાના શાસકની પ્રતિષ્ઠામાં વધારો થયો. ગુજરાતનો શાસક મહમૂદ બેગડો બુરહાનુદ્દીનના શિષ્ય પ્રસિદ્ધ સૂફી સંત સૈયદ ઉસ્માનનું ભારે સન્માન કરતો હતો. 1459માં તેમના અવસાન બાદ તરત જ મહમૂદ બેગડાએ અમદાવાદમાં તેમની સ્મૃતિમાં એક મસ્જિદ અને રોઝાનું નિર્માણ કર્યું હતું. બુરહાનુદ્દીનના પુત્ર શાહ આલમને પણ ગુજરાતના શાસકો કુતુબુદ્દીન અને મહમૂદ બેગડા દ્વારા સન્માન અને સંરક્ષણ મળ્યું હતું. કાશ્મીરના રાજાઓ પણ સૂફી સંતોનું સન્માન કરતા હતા. રાજપૂતાના-રાજસ્થાનમાં રાજાઓએ પોતાનાં રાજકીય કાર્યોને કાયદેસરની માન્યતા મળી રહે એ માટે બ્રાહ્મણોને પોતાના પક્ષમાં રાખ્યા અને બદલામાં આ બ્રાહ્મણોને ખુલ્લા હાથે મહેસૂલમુક્ત જમીનોનાં દાન આપ્યાં હતાં. 13-15મી સદીઓ દરમિયાન આ પ્રથા ચાલુ રહી હતી.

ઓરિસામાં ભગવાન જગન્નાથને વાસ્તવિક રાજા માનવામાં આવતા હતા. આ કારણે બ્રાહ્મણોનો રાજકીય પ્રભાવ ખૂબ ઝડપથી વધ્યો. તેઓએ કપિલેન્દ્ર દ્વારા ગંગા શાસકને દૂર કરવાના કાર્યને માન્યતા પ્રદાન કરી (1435) અને હમીરની જગ્યાએ પુરુષોત્તમને ગાદી આપવાના કાર્યને સમર્થન આપ્યું હતું.

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. પ્રાદેશિક રાજ્યો દ્વારા 'સમાંતર' અને 'ઊર્ધ્વ' ફેલાવાનો તમે શો અર્થ કરો છો ?

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

2. શું પ્રાદેશિક રાજ્યોને ખરા અર્થમાં સલ્તનતનાં ઉત્તરાધિકારી રાજ્યો ગણી શકાય ?

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

## 25.6 વહીવટી માળખું (Administrative Structure)

દિલ્હી સલ્તનતના પતનને પરિણામે મોટા ભાગનાં પ્રાદેશિક રાજ્યોનો ઉદય થયો હતો. આ પ્રાદેશિક રાજ્યોએ દિલ્હી સલ્તનતના વહીવટી માળખાની નકલ કે અનુકરણ કર્યું હતું. જોકે કાશ્મીર રાજ્યનો ઉદય સ્વતંત્ર રીતે થયો, પરંતુ ત્યાં પણ મોટે ભાગે સલ્તનતના વહીવટી માળખાના આધારે જ કાર્યો થતાં હતાં. રાજપૂતાના-રાજસ્થાન અને ઓરિસામાં વહીવટી શબ્દાવલિમાં કેટલાંક પરિવર્તનો કરવામાં આવ્યાં. અહોમ રાજ્યનું મૂળભૂત સ્વરૂપ કબીલાઈ પ્રકારનું હતું, આથી ત્યાં વહીવટી માળખું કે ઢાંચો બિલકુલ જુદો જ હતો.

માળવા, ગુજરાત, બંગાળ, જૌનપુર અને કાશ્મીરમાં કેન્દ્રીય વહીવટમાં વજીર સર્વોચ્ચ અધિકારી હતો. તેના પછી આરિજ-એ-મુમાલિક, શેખ-ઉલ-ઇસ્લામ અને કાઝીનું સ્થાન આવતું હતું. આ સિવાય હાજિલ, દબીર (પત્રવ્યવહાર વિભાગ) અમીર-એ-દર (તહેવારોનો અધિકારી), અમીર-એ-આખુર (અશ્વશાળાનો સરદાર) વગેરે અધિકારીઓ હતા. રાજ્ય પરિવાર(હરમ)ની સારસંભાળ માટે એક અલગ વહીવટી વિભાગ હતો. રાજ્યોને કેટલાક પ્રાંતોમાં વિભાજિત કરવામાં આવ્યાં હતાં. બંગાળમાં આ પ્રાંતો ઈકલીમ, અર્સ અને દિયારના નામે ઓળખાતા હતા. પ્રાંતીય સૂબા કે ગવર્નરોને 'સર-એ-લશ્કર-વ-વઝીર' (Sar-I-Lashkar-Wa-Wazir) તરીકે ઓળખવામાં આવતા હતા. લશ્કરી અને નાણાકીય અધિકાર સાથે આ પદ તેઓ સંભાળતા હતા. કાશ્મીર અને અન્ય પ્રાંતોમાં તેઓ 'હાકેમ'ના નામે ઓળખાતા હતા. કાશ્મીરમાં આ હાકેમની નિયુક્તિ સામાન્ય રીતે રાજ્ય પરિવારના સભ્યોમાંથી જ થતી હતી.

પ્રાંતો 'શિક' (બંગાળમાં) અને 'પરગણા'માં વિભાજિત કરવામાં આવતા હતા અને 'ગામ' એ વહીવટનું નાનામાં નાનું એકમ હતું. કેન્દ્રની માફક પ્રાંતોમાં પણ કાઝી ન્યાયનું કાર્ય સંભાળતા હતા. 'મુહતસિબ' નીતિમત્તાનાં ધોરણો માટે જવાબદાર હતો. કોટવાળનું કાર્ય શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાનું હતું. 'શિકદાર' સમગ્ર પ્રાંતની દેખભાળ રાખતો અધિકારી હતો. ગામોમાં એક 'મુખિયા' (મુકાદમ) અને હિસાબી અધિકારી (પટવારી) રહેતા.

શાસકો એક કાયમી લશ્કર રાખતા હતા. પરંતુ આ ઉપરાંત તેઓ પોતાની લશ્કરી સત્તા અને જરૂરિયાતો માટે મહદ્અંશે પ્રાંતીય સૂબાઓ અને સરદારો પર નિર્ભર હતા. લશ્કરમાં પાયદળ ને ઘોડેસવાર મુખ્ય લડાયક દળો હતાં. આ સિવાય હાથી પણ લશ્કરમાં મુખ્ય ભૂમિકા નિભાવતા હતા. માળવા અને જૌનપુરના શાસકો નિયમિતપણે હાથી મેળવવા સતત પ્રયત્નશીલ રહેતા. બંગાળ અને ગુજરાતમાં નૌકાદળ પણ લશ્કરનું એક મહત્ત્વપૂર્ણ અંગ હતું.

ઓરિસ્સામાં મુખ્ય કેન્દ્રીય અધિકારીઓમાં રાજગુરુ (રાજકીય પૂજારી), મહાપ્રધાની (પ્રધાન મંત્રી), મહાસંધિ વિગ્રહી (યુદ્ધ અને શાંતિ સમયનો સચિવ), મહાસેનાપતિ (સેનાનો મુખ્ય અધિકારી), મૂલ ભંડારામુના મુદ્રાહસ્ત (રાજકીય ખજાનાનો મુખ્ય અધિકારી), મહાદંડપતિ (મુખ્ય પોલીસ અધિકારી), મહામંડલિક (પ્રાંતનો પ્રધાન) અને મહામાત્ર વગેરેનો સમાવેશ થતો હતો. રાજ્ય મહામંડળોમાં અને મહામંડળો મંડળોમાં અને મંડળો નાડુ કે વિષયો કે ભોગમાં વિભાજિત કરવામાં આવ્યાં હતાં. વહીવટનું નાનામાં નાનું એકમ ગામડું હતું. આ વહીવટી એકમોના અધિકારીઓને ક્રમશઃ મહારાનક, રાનક, વિષયપતિ અને ગ્રામિક કહેવામાં આવતા હતા. ગ્રામિકોની મદદ માટે કર્ણ (હિસાબનીશ), પુરોહિત, દંડપતિ (પોલીસ કર્મચારી), ઉરિકાવલિ (ગામડાનો ચોકીદાર) અને ગ્રામભટ (ગામડાનો સેવક) વગેરે રહેતા. શહેરના સર્વોચ્ચ અધિકારીને પુરવારી કહેવામાં આવતા હતા. તેની સહાયતા માટે દંડનાયક (ન્યાયાધીશ) અને દંડપતિ (પોલીસ નિરીક્ષક) હતા. રાજધાનીના મામલાઓ સંભાળવા માટે અધિકારીઓનું એક અલગ દળ રહેતું તેને કલિંગનગર અધ્યક્ષ તરીકે ઓળખવામાં આવતો હતો.

ઓરિસ્સામાં લશ્કરી સંગઠન તળે રાજ્યના તમામ નાગરિકો(રાજ્યની તમામ જાતિઓ અને સમુદાય)ને કટોકટીની પરિસ્થિતિમાં ભરતી થઈ જવા કહેવામાં આવતું હતું. છતાં એવું તારણ કાઢી શકાય કે માત્ર બ્રાહ્મણો લશ્કરી સેવામાંથી મુક્ત હતા. પરંતુ ક્યાંક ક્યાંક અપવાદો પણ જોવા મળે છે. જેમ કે ચાટેશ્વર અભિલેખમાં અનંગ ભીમ ત્રીજા(1211-1238)ના બ્રાહ્મણમંત્રી વિષ્ણુનો ઉલ્લેખ મળે છે, જેણે કલચુરિયોં વિરુદ્ધ સેનાનું નેતૃત્વ સંભાળ્યું હતું. મોટા ભાગના સૈનિકો ખેડૂતો હતા, જે સામાન્ય દિવસોમાં ખેતીનું કાર્ય સંભાળતા હતા.

અહોમની રાજકીય વ્યવસ્થાનો મુખ્ય આધાર કબીલાઓ હતા અને તે અર્ધ-સામંતી પ્રવૃત્તિનો બનેલો હતો. રાજા કબીલાનો સરદાર હતો. તે બે સભ્યોની પરિષદ(પાત્ર-મંત્રી)ની સહાયતાથી રાજ્ય ચલાવતો હતો. બંને એક-બીજા પર અંકુશ રાખતા. પાર્ષદ રાજાની ચૂંટણી કરતા હતા અને રાજા પાર્ષદોની નિયુક્તિ કરતો હતો. સામાન્ય રીતે બિન-લશ્કરી નિયુક્તિઓ વંશાનુગત આધાર પર થતી હતી, પરંતુ આ સાથે જ્ઞાન અને સન્માનવાળી અન્ય વ્યક્તિઓની નિયુક્તિ પણ કરી શકાતી હતી. પ્રત્યેક પુખ્ત વયના પુરુષ સભ્યે રાજા(રાજ્ય)ને પ્રસંગોપાત્ત પોતાની સેવાઓ આપવી પડતી હતી. પરંતુ, આમ છતાં રાજા માટે પોતાની જનતાનું શોષણ કરવું અત્યંત કઠિન હતું.

અહોમ શાસકોએ એક આગવું સૈન્ય સંગઠન રચ્યું હતું. તેને 'પાઈક'ના નામે ઓળખવામાં આવતું હતું. 15થી 60 વર્ષની વયના તમામ પુરુષોને 'ગોત'(એકમો)ના રૂપમાં સંગઠિત કરવામાં આવતા હતા. પ્રત્યેક ગોતમાં ચાર પુખ્ત વયના પુરુષો રહેતા. પ્રત્યેક ગોતનો એક સભ્ય વારાફરતી પોતાની સેવા બજાવતો. તેઓએ ઓછામાં ઓછી એક માનવ-વર્ષની બરાબર સેવા કરવી પડતી હતી. અહીં એક વાતનો ઉલ્લેખ કરી દેવો ખૂબ જ જરૂરી છે કે તેઓની સેવા માત્ર સૈન્ય હેતુઓ માટે જ સીમિત ન હતી. દા.ત., તેઓએ અનાજની ખેતી તથા તે ઉપર આધારિત અર્થવ્યવસ્થાની જાળવણી કરવાનું કાર્ય પણ કરવાનું હતું. આ સિવાય, તે જંગલો તથા બિનખેડવાણ જમીનને ખેતીને લાયક બનાવવાના કાર્યમાં પણ સહાયતા કરતા હતા.

## 25.7 મહેસૂલી વહીવટ (Revenue Administration)

રાજ્યની આવકનું મુખ્ય સાધન જમીનમહેસૂલ હતું. કાશ્મીર, માળવા, ગુજરાત, જૌનપુર અને બંગાળમાં જમીનમહેસૂલને 'ખરાજ'ના નામથી ઓળખવામાં આવતું હતું. આ પ્રાદેશિક રાજ્યોમાં રાજ્ય કરનું પ્રમાણ શું હતું એ અંગે કોઈ ચોક્કસ જાણકારી મળતી નથી. કોઈ આકસ્મિક પ્રસંગો કે ઘટનાની સ્થિતિમાં કર અંગે છૂટ આપવામાં આવતી હતી. જઈન-ઉલ-આબેદીનના શાસનકાળમાં

રાજ્યમાં દુકાળ પડતાં મહેસૂલ ઘટાડીને 1/4 અને ક્યાંક ક્યાંક 1/7 કરી દેવામાં આવ્યું હતું. મહેસૂલ-નિર્ધારણ જમીનની ફળદ્રુપતાને આધારે કરવામાં આવતું હતું. કાશ્મીરમાં કર- વસૂલાત વસ્તુના સ્વરૂપમાં કરવામાં આવતી. અનાજ સૌ પ્રથમ રાજ્યના અન્નભંડારોમાં એકઠું કરવામાં આવતું હતું અને પછી એક ચોક્કસ દરે તે વેચી દેવામાં આવતું હતું. આમ થતાં અનાજની કિંમત પ્રમાણમાં ઘણી ઘટી. આ સિવાય દુકાળ કે તંગીના સમયે આ અન્નભંડારોમાંથી માંગને પહોંચી વળવા માટે પ્રયાસો કરવામાં આવતા.

ઈબ્ન બતૂતા(1308-1378)ના વિવરણ મુજબ બંગાળમાં જમીનમહેસૂલ કુલ ઊપજનું અર્ધું રહેતું. પરંતુ આ સમયનો એક ચીની યાત્રાળુ વાંગ-તે-યુઆન લખે છે કે રાજ્યનો ભાગ કુલ ઊપજનો 1/5 ભાગ રહેતો. બંગાળમાં સામાન્ય રીતે ઊપજના આધારે જ કરમાળખું નક્કી થતું હતું. જમીનને માપવા પર વિશેષ ભાર મૂકવામાં આવતો નહીં. ખેડૂત પ્રત્યેક વર્ષે આઠ હપતામાં મહેસૂલ સીધું જ રાજ્યને આપતો હતો. બંગાળમાં મજમુઆદારો(મહેસૂલનો ઠેકો લેનાર)નો એક વર્ગ હતો, જે ખેડૂતો પાસેથી કર ઉઘરાવીને એક ચોક્કસ રાશિ રાજ્યને આપતો હતો. જમીન મહેસૂલની વસૂલાત માટે તેની પાસે પોતાના માણસો હતા. તમામ ધાર્મિક ક્ષેત્ર જમીનમહેસૂલ અને અન્ય તમામ પ્રકારના કરોથી મુક્ત હતાં.

ઓરિસ્સામાં જમીન મહેસૂલ કુલ ઊપજના છઠ્ઠા ભાગનું હતું. સંપૂર્ણ રાજ્ય બીસી અને ખંડ નામના પેટા વિભાગોમાં વહેંચાયેલું હતું. પ્રત્યેક પેટાવિભાગો બીસી અને ખંડાધિપતિની અધીનતા તળે હતાં. તેની સહાયતા માટે ખંડાયત અને બોઈમુલ (પાછળથી તેને હિસાબનીશનું પદ આપવામાં આવ્યું) રાખવામા આવતા હતા. આ અધિકારીઓ સિવાય ઉચ્ચ લશ્કરી અધિકારીઓની નિયુક્તિઓ કરવામાં આવતી હતી. તેમાં મહાનાયક ભૂપતિ અને ભૂયાન વગેરે મુખ્ય હતા તે વંશાનુગત સરદારો હતા. નાગિરક અને ધાર્મિક ક્ષેત્રો માટે દેખરેખની કામગીરી માટે પણ અધિકારી નિયુક્ત કરવામાં આવ્યા હતા. જેમ કે પુરોહિત, રાજગુરુ વગેરે. તેઓને વેતનના રૂપમાં મહેસૂલ-મુક્ત જમીન મળતી હતી. ઓરિસા અને ગુજરાતમાં એક રોચક વાત એ હતી કે અહીં ધાર્મિક અનુદાનો વંશપરંપરાગત સ્વરૂપનાં હતાં જે 'ભૂમિછિદ્રપિધાન્યાય'ના નામે ઓળખાતાં હતાં. આ પ્રકારનાં અનુદાનો મેળવનારને ગામની સાથે ત્યાંના કારીગરો, મજૂરો વગેરે પણ મળતા. આ પ્રકારે અહીં કારીગર અને ખેડૂતો અર્ધ-ગુલામ બની ગયા. સામાન્ય રીતે પુરોહિત વર્ગને પણ મહેસૂલ-મુક્ત જમીન મળતી હતી, જેની પર જરૂર પડ્યે માત્ર એક કર 'તનકી' લગાડવામાં આવતો હતો. ઓરિસ્સામાં રાજ્ય જમીનની માલિકી ધરાવતું હતું. જમીનકર સિવાય અન્ય કરોની પણ જોગવાઈ હતી.

અહોમ રાજ્યમાં જમીનની માલિકી રાજ્યકુળની હતી. જમીનને કેટલાય ટુકડામાં અલગ કરવામાં આવતી હતી. પરિવારના કદના પ્રમાણમાં આવા ટુકડાઓ થતા. પરિવારના પ્રત્યેક સભ્યો વચ્ચે વહેંચાયેલી આ જમીન રાજ્યને આપવામાં આવતી સેવાઓના બદલામાં અપાતી. તેના મૃત્યુ બાદ આ જમીનનું પુનર્વિતરણ કરવામાં આવતું હતું.

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. પ્રાદેશિક રાજ્યોનું વહીવટી માળખું દિલ્હી સલ્તનત સાથે કેટલે અંશે સામ્ય ધરાવતું હતું ?

.................................................................................................

.................................................................................................

2. અહોમ રાજ્યના સૈન્ય સંગઠન અંગે ટૂંકમાં જણાવો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

3. નીચે જણાવેલ શબ્દોની વ્યાખ્યા આપો :

1. મજમુઆદર

.................................................................................................

.................................................................................................

2. ખરાજ

.................................................................................................

.................................................................................................

3. બીસી

....................................................................................................

....................................................................................................

4. ભૂમિછિદ્રપિધાન્યાય

....................................................................................................

....................................................................................................

5. પાઈક

....................................................................................................

....................................................................................................

## 25.8 સામંતો અને જમીનધારક કુલીન વર્ગ (Nobles and Landed Aristocracy)

13-15મી સદીઓની પ્રાદેશિક રાજકીય વ્યવસ્થામાં સામંતોની મુખ્ય ભૂમિકા રહી છે. આ સામંત-વર્ગમાં હિંદુ અને મુસલમાન બંનેનો સમાવેશ થતો હતો. આ સામંતો ખાન-એ-આઝમ, ખાન-એ-મુઅજ્જમ, મહાપત્રાધિપત્ર વગેરે જેવી પદવીઓથી પોતાને વિભૂષિત કરતા હતા. આ સામંતોને તેમના વેતનના બદલામાં 'ઈક્તા' (વેતનના બદલામાં મહેસૂલનો એક ભાગ) આપવામાં આવતો હતો. આના બદલામાં તેઓ તે પ્રદેશમાં કાયદાની વ્યવસ્થા સંભાળતા હતા, મહેસૂલ વસૂલ કરતા હતા અને સમય આવ્યે રાજાને સૈનિકો પણ પૂરા પાડતા હતા. સૈદ્ધાંતિક રીતે જોઈએ તો આ પદ વંશપરંપરાગત ન હતું. રાજા પોતાની ઇચ્છા મુજબ આ પદ ગમે તે સરદારને આપી શક્તો હતો. પરંતુ સમય જતાં આ પદ વંશપરંપરાગત બની ગયું. માત્ર રાજપૂતાના આમાં અપવાદરૂપ હતું, જ્યાં ઘણું કરીને કુળના સભ્યોને આ પદ આપવામાં આવતું હતું. ક્યારેક ક્યારેક રાજાની કૃપાથી કુળ બહારની વ્યક્તિ પણ આ પદ શોભાવતી હતી. આ સામંતોમાં વિદ્રોહની પ્રવૃત્તિઓ હતી અને ઉત્તરાધિકાર માટેના યુદ્ધમાં તેઓ કોઈ એક દળ કે જૂથ સાથે થઈ જતા. તેઓ પાસે સૈન્યશક્તિ હતી. આથી રાજાએ તેઓ પર આશ્રિત રહેવું પડતું હતું. કેટલાક સરદારો તો એટલા બધા શક્તિશાળી હતા કે તેઓ ઉત્તરાધિકારીઓને ગાદી અપાવવામાં નિર્ણાયક ભૂમિકા અદા કરતા હતા અને રાજા તેના હાથનું એક રમકડું માત્ર બની રહેતો હતો.

**જમીનધારક કુલીન વર્ગ (Landed Aristocracy)**

તમે વિભાગ 6માં સલ્તનત શાસનકાળમાં મહેસૂલ વસૂલાત અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવામાં જમીનધારક કુલીન વર્ગની ભૂમિકા અંગે અભ્યાસ કરી ગયા. પ્રાદેશિક રાજ્યોમાં પણ આ વર્ગ સક્રિય હતો. ભૌગોલિક અને રાજનૈતિક આધાર પર આ વર્ગને બે વિભાગોમાં વિભાજિત કરી શકાય : **એક** તો, સીમાંત પ્રદેશોમાં રહેનાર જમીનધારક કુલીન વર્ગ. આ વિભાગમાં 'સરદાર' અને 'રાજા' આવતા હતા : કહેવાતા વચેટિયા જમીનદારો અને **બે** મુખ્ય જમીન વિસ્તારોમાં રહેનાર જમીનધારક વર્ગ : કહેવાતા પ્રાથમિક જમીનદારો. પ્રથમ વર્ગમાં દુરાગ્રહી અને હઠીલાં તત્ત્વોની બોલબાલા હતી. તેઓ ક્યારેક કોઈક એક રાજાનો પક્ષ લેતા હતા, તો ક્યારેક કોઈ બીજા રાજાનો પક્ષ લઈ પોતાની વફાદરી બદલતા રહેતા હતા.

મુખ્ય જમીન વિસ્તારોમાં રહેતા જમીનધારક કુલીન વર્ગ પર દબાણ ધાર્યા કરતાં વધારે રહેતું હતું અને તેમની પ્રત્યેક હિલચાલ પર કડક નજર પણ રાખવામાં આવતી હતી. પ્રાદેશિક રાજ્યોની એક આગવી લાક્ષણિક્તા એ હતી કે તેના મોટા ભાગના શાસકો પરદેશી હતા; તેનો કોઈ સ્થાયી આધાર ન હતો. તેમનો મુખ્ય ઉદ્દેશ એક એવા નિષ્ઠાવાન ગ્રામીણ કુલીન વર્ગનું નિર્માણ કરવાનો હતો, જેની સહાયતાથી જૂના-પુરાણા કુલીન વર્ગના સત્તાને સંતુલિત કરી શકાતી. પ્રાદેશિક સત્તાઓનો આ જ મુખ્ય ઉદ્દેશ રહેતો અને તેમાં જ તેની સફળતા સમાઈ જતી હતી. મુસલમાનોનાં આક્રમણો અને રાજપૂત રજવાડાઓનાં અંદરોઅંદરનાં યુદ્ધોને કારણે રાજપૂતો મોટી સંખ્યામાં માળવા અને ગુજરાત તરફ સ્થળાંતર કરી ગયા. 13મી સદી સુધી જોઈ શકાય છે કે આ વિસ્તારના મોટા ભાગના રાજાઓ રાજપૂત હતા. આથી આ પ્રક્રિયામાં માળવા અને ગુજરાતના રાજાઓને કટ્ટર વિરોધનો સામનો કરવો પડ્યો. ગુજરાતમાં સુલતાન અહમદશાહ પહેલાએ 'વાટા' પદ્ધતિ લાગુ પાડીને આ વિસ્તારમાં મૂળભૂત પરિવર્તનો કર્યાં.

બંગાળમાં બખ્તિયાર ખિલજીએ વિજય પછી સમગ્ર જમીન પોતાના સેનાપતિઓને વહેંચી દીધી અને તેઓને 'મુક્તિ' બનાવી દીધા. ગ્રામીણ વિસ્તારોમાં મુસલમાનોના પ્રભાવને અસરકારક બનાવવા માટે સૂફીઓ અને ઉલેમાઓને ગામડાંઓમાં વસાવવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા અને મદદ-એ-માશના રૂપમાં તેઓને જમીનનાં અનુદાનો આપવામાં આવ્યાં.

## 25.9 અર્થવ્યવસ્થા (Economy)

પ્રાદેશિક રાજ્યોની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર ખેતી-કૃષિ-હતો. બંગાળ, આસામ, કાશ્મીર અને ઓરિસ્સા મુખ્યત્વે ધાન ઉત્પાદનના પ્રદેશો હતા, જ્યારે રાજપૂતાના, માળવા, ગુજરાત અને જૌનપુર વગેરેમાં ઘઉં એ મુખ્ય ઉત્પાદન હતું. માળવાની જમીન ખૂબ જ ફળદ્રુપ હતી, જેમાં સારી જાતના ધાન, ઘઉં, ચણા, વટાણા, દાળ, કપાસ, સારી જાતનાં પાન, કેરી વગેરેનું ઉત્પાદન લેવામાં આવતું હતું. આ ખાદ્ય સામગ્રી દિલ્હી સલ્તનતને મોકલવામાં આવતી હતી.

કાશ્મીર, બંગાળ, આસામ, ગુજરાત અને ઓરિસ્સાની મધ્યયુગીન અર્થવ્યવસ્થામાં વ્યાપારની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની હતી. કાશ્મીરી વ્યાપારીઓનો વ્યાપાર-સંબંધ પટણા, બનારસ, લ્હાસા, ખટમંડુ અને પેકિંગ સુધી ફેલાયેલો હતો. કાશ્મીર અને પંજાબ વચ્ચે પીર પંજાબ પહાડી પ્રદેશના રસ્તાએ વ્યાપાર થતો હતો. કાશ્મીર જોજિલા(Jojila)ના રસ્તે લેહથી પણ જોડાયેલું હતું. અહીં પંજાબથી મીઠું તથા લડાખ અને પારકંદથી શાલ આયાત કરવામાં આવતાં. કાશ્મીર શાલ, કસ્તૂરી, સ્ફટિક, રેશમ, કેસર અને સૂકા મેવાની નિકાસ કરતું હતું. જુઈન-ઉલ-આબેદીને કાશ્મીરમાં રેશમ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે વિશેષ પ્રયાસો કર્યા હતા. આ માટે ઉત્તમ ટેક્નિક અને ડિઝાઇનને પ્રોત્સાહન આપ્યું. રેશમના કીડા શહતૂતના ઝાડ પર ઉછેરવામાં આવતા હતા. જુઈન-ઉલ-આબેદીને કાશ્મીરમાં કાગળ ઉદ્યોગનો પણ પ્રારંભ કર્યો. બંગાળમાં વ્યાપાર જમીન અને જળ એમ બંને માર્ગે થતો હતો, પરંતુ જળમાર્ગ અપેક્ષાકૃત વિશેષ મહત્ત્વનો હતો. બે મુખ્ય દરિયાઈ રસ્તા ઉપયોગમાં લેવામાં આવતા હતા : દક્ષિણ-પૂર્વીય માર્ગ જે ભારતને ઈસ્ટ ઇન્ડીઝ અને ચીન સાથે જોડતો હતો અને દક્ષિણ-પશ્ચિમી માર્ગ જે ઓરિસ્સા, કોરોમંડળ અને માલાબારને આરબ અને એબિસીનિયા સાથે જોડતો હતો. નિકાસ થતી વસ્તુઓમાં કાપડ, ચોખા, ઘઉં, રેશમ, ખાંડ વગેરેનો સમાવેશ થતો હતો. ઈબ્ન બતૂતા જણાવે છે કે 14મી સદી દરમિયાન બંગાળમાં હીજડાઓ અને ગુલામોનો વ્યાપાર પણ પ્રચલિત હતો. સેન શાસકોના સમયમાં વેપારમાં પતન થયું. મિન્હાજ સિરાજ એક બાબત પર પ્રકાશ પાડે છે કે 13મી સદીમાં બંગાળમાં કોડીઓનું વિશેષ ચલણ હતું. ધાતુના સિક્કાઓ ગાયબ થઈ ગયા હતા. સલ્તનતની સ્થાપના પછી સતગાંવ, સોનારગાંવ અને ચટગાંવ જેવાં મહત્ત્વપૂર્ણ બંદરો અસ્તિત્વમાં આવ્યાં. આ સિવાય લખનૌતી, સોનારગાંવ, ફતેહાબાદ, મુહમ્મદાબાદ વગેરે શહેરો અસ્તિત્વમાં આવ્યાં જ્યાં સિક્કાઓ ઢાળવામાં આવતા હતા. આ રીતે, મુસ્લિમ શાસન દરમિયાન શહેરીકરણની પ્રક્રિયા શરૂ થઈ. પૂર્વીય સમુદ્ર પર આરબ અને ફારસી વ્યાપારીઓની બોલબાલા હતી અને બંગાળી વ્યાપારીઓ મહદ્ અંશે વચેટિયાઓ તરીકે કાર્ય કરતા હતા. ગુજરાતમાં સારો એવો દરિયાકિનારો હતો અને ત્યાંથી રાતા સમુદ્ર અને ઈરાનની ખાડીના રસ્તે આરબ અને ઈરાનની ખાડીના દેશો સાથે વ્યાપાર ચાલતો હતો. ખંભાત, પાટણ, સોમનાથ ને ભરૂચ સૌથી મહત્ત્વપૂર્ણ બંદરો હતાં. સમકાલીન સાહિત્યમાં ગુજરાતના દરિયાકાંઠા પર 84 બંદરોના ઉલ્લેખો મળે છે. બારબોસા ડુ આર્ટ જે એક ફિરંગી પ્રવાસી હતો તે પણ ગુજરાતના 12 મહત્ત્વપૂર્ણ બંદરોનો ઉલ્લેખ કરે છે. વારથેમા જે ઈ.સ. 1506માં ગુજરાત આવ્યો હતો, તેના મતે વિભિન્ન દેશોમાંથી દર વર્ષે 300 જેટલાં વહાણો બંગાળ આવતાં હતાં અને ઈરાન, તુર્કી, સીરિયા અને બારબેરી દેશોને રેશમ અને કાપડ નિકાસ કરવામાં આવતું હતું. ગુજરાતમાં વ્યાપારી ગતિવિધિઓમાં હિંદુ અને મુસ્લિમો બંને સંકળાયેલા હતા. ગુજરાતની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર-સાધન-વ્યાપારમાંથી મળતું મહેસૂલ હતું. અહોમ અર્થવ્યવસ્થામાં વસ્તુવિનિમયનું ચલણ હતું. તે ત્યાં સુધી કે વહીવટકર્તાઓને પણ વેતનના રૂપમાં જમીન અને ખેતી કરનારા (પાઈક) આપવામાં આવતા હતા. ગામડાંઓ આત્મનિર્ભર હતાં, પરંતુ મીઠા જેવી ખાદ્યસામગ્રી માટે તેઓને બીજા પ્રદેશો પર નિર્ભર રહેવું પડતું હતું. ચોખા મુખ્ય પાક હતો. તાય-અહોમોએ રોપણી દ્વારા ધાનની ખેતીની નવી ટેક્નિક વિકસાવી હતી, જે તેની આજુબાજુના પ્રદેશોથી વધારે વિકસિત ટેક્નિક હતી.

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. પ્રાદેશિક રાજ્યોના શાસક વર્ગનું સ્વરૂપ અને ઢાંચો વર્ણવો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

2. 13-15મી સદીઓમાં ઉત્તર ભારતમાં મુખ્ય વ્યાપારી માર્ગો કયા કયા હતા ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

3. પ્રાદેશિક રાજ્યોની અર્થવ્યવસ્થા અંગે નોંધ તૈયાર કરો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## 25.10 સારાંશ

આ એકમમાં ઉત્તર ભારતનાં પ્રાદેશિક રાજ્યોની મુખ્ય લાક્ષણિકતાઓનો અભ્યાસ કર્યો. આ રાજ્યોનો પ્રાદેશિક વિસ્તાર દિલ્હી સલ્તનતની તુલનાએ ખૂબ જ ઓછો હતો. પ્રાદેશિક રાજ્યો સલ્તનતનાં 'ઉત્તરાધિકારી રાજ્યો'નું પ્રતિનિધિત્વ કરતાં હતાં પરંતુ આ હકીકત સર્વથા સત્ય નથી. વહીવટી ઢાંચા કે માળખામાં આ રાજ્યોએ સલ્તનતના વહીવટી ઢાંચા કે માળખાને પણ અપનાવ્યું અને પોતાની જરૂરિયાત અને અનુકૂળતા મુજબ તેમાં પરિવર્તનો પણ કર્યાં. સ્થાનિક વિવિધતાઓ અને સ્થાનિક સંસ્કૃતિનો પ્રભાવ સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે. જેમ કે, સામાન્ય રીતે એવું દેખાડવાનો પ્રયાસ થાય છે કે અર્થવ્યવસ્થા અને સંસ્કૃતિની બાબતોમાં પ્રાદેશિક રાજ્યો બિલકુલ શૂન્ય હતાં. એવું સ્વીકારી શકાય નહીં. આ રાજ્યોની સાંસ્કૃતિક ગતિવિધિઓનો અભ્યાસ આગલા વિભાગ 8માં કરવામાં આવશે.

## 25.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. ભાગ 25.2 જુઓ.
2. ભાગ 25.3 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. ભાગ 25.6 જુઓ.
2. ભાગ 25.6 જુઓ.
3. ભાગ 25.7 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. ભાગ 25.8 જુઓ.
2. ભાગ 25.9 જુઓ.
3. ભાગ 25.9 જુઓ.

## 25.12 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ગોત** - ચાર પુખ્ત ઉંમરના પુરુષોનું એકમ

**હાકિમ** - પ્રાંતીય સૂબો, ગવર્નર

**પાઈક** - અહોમ સૈનિક/ઘરપરિવારનો સભ્ય

**પાત્રમંત્રી** - બર અને બુરાહ ગોહૈનની સમિતિ

**તનકી** - જરૂરિયાત ઊભી થતાં કરના રૂપમાં પુરોહિતો પાસેથી લેવામાં આવતી નામ માત્રની રકમ

**મુહતસિબ** - નીતિમત્તાનાં ધોરણો માટેના જવાબદાર અધિકારી

**ઉરિકાવલી** - ગામડાનો ચોકીદાર

**પુરવારી** - શહેરનો મુખ્ય અધિકારી

**ગોત** - એકમ

# એકમ 26 દખ્ખણ અને દક્ષિણ ભારતની પ્રાદેશિક સત્તાઓ (Regional Powers in South India and Deccan)

**રૂપરેખા**


26.1 પ્રસ્તાવિક

26.2 ચાર મુખ્ય રાજ્યો

26.2.1 યાદવ અને કાકતીય

26.2.2 પાંડ્ય અને હોયસલ

26.2.3 ચાર રાજ્યો વચ્ચે સંઘર્ષ

26.3 દક્ષિણનાં રાજ્યો અને દિલ્હી સલ્તનત

26.3.1 પ્રથમ તબક્કો : અલાઉદ્દીન ખિલજીનું દક્ષિણ આક્રમણ

26.3.2 બીજો તબક્કો

26.4 વહીવટી તંત્ર અને અર્થવ્યવસ્થા

26.4.1 વહીવટી તંત્ર

26.4.2 અર્થવ્યવસ્થા

26.5 સ્વતંત્ર રાજ્યોનો ઉદય

26.6 સારાંશ

26.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

26.8 ચાવીરૂપ શબ્દો


## 26.1 પ્રાસ્તાવિક

ભારતીય ઉપમહાદ્વીપના દક્ષિણ પ્રદેશમાં 13મી સદી સુધી પ્રચલિત રાજયવ્યવસ્થા. સમાજ અને અર્થવ્યવસ્થાની ચર્ચા વિભાગ 3માં કરી ગયા. હવે આપણે આ પછીના સમયના દક્ષિણ ભારતના ઇતિહાસનો અભ્યાસ કરીશું. આ એકમના અભ્યાસમાં વિન્ધ્ય પર્વતમાળાના સમગ્ર દક્ષિણ પ્રદેશમાં ફેલાયેલા દક્ષિણ ભારતને આવરી લઈશું.

13મી સદીથી 15મી સદી સુધીના દક્ષિણ ભારતીય ઇતિહાસમાં બે તબક્કા ખૂબ જ સ્પષ્ટ છે :

પ્રથમ તબક્કો : 13મી સદીની શરૂઆતના તબક્કામાં ચોલ અને ચાલુક્ય રાજ્યોનું વિઘટન સૌથી મહત્ત્વપૂર્ણ છે. આ રાજ્યોના અવશેષોમાંથી ચાર સ્વતંત્ર રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં. આ પૈકી પાંડ્ય અને હોયસલ રાજ્યો આ વિસ્તારના દક્ષિણમાં આવેલાં હતાં તથા કાકતીય અને યાદવ રાજ્યો ઉત્તર વિસ્તારમાં આવેલાં હતાં. આ રાજ્યો આશરે સોએક વર્ષ સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવામાં સફળ રહ્યાં.

બીજો તબક્કો : બીજા તબક્કાનો પ્રારંભ 14મી સદીના બીજા ચતુર્થાંશથી (1325થી 1350ની મધ્યમાં) માનવામાં આવે છે. આ સમયે આ વિસ્તારમાં વિજયનગર અને બહમની નામનાં બે શક્તિશાળી રાજ્યોનો ઉદય થયો. લગભગ હવે પછીના બસો વરસ સુધી આ બંને રાજ્યો લગભગ સંપૂર્ણ દક્ષિણ ભારતમાં પોતાનું પ્રભુત્વ ટકાવી રાખવામાં સફળ રહ્યાં.

પ્રથમ તબક્કાના સમયમાં આપણે ચારેય રાજ્યોનો ઇતિહાસ, તેમના અંદરોઅંદરના સંબંધો, તેની રાજ્યવ્યવસ્થા, સમાજ તથા અર્થવ્યવસ્થાનો અભ્યાસ કરીશું. બીજા તબક્કામાં આપણે આ રાજ્યોના દિલ્હી સલ્તનત સાથેના સંબંધોનો અભ્યાસ કરીશું.

આ એકમમાં આપણે 13મી સદીથી લઈને 14મી સદીના મધ્ય ભાગ સુધી દક્ષિણ ભારતીય રાજનૈતિક વ્યવસ્થાનું સમગ્રતયા વિશ્લેષણ કરીશું.

## 26.2 ચાર મુખ્ય રાજ્યો (The Four Kingdoms)

ચોલ અને ચાલુક્ય રાજ્યોના વિઘટનના કારણે દક્ષિણ ભારતમાં અનેક નાનાં-મોટાં રાજ્યતંત્રો અને

રાજ્યોનો ઉદય થયો, જેમાં નીચેનાં ચાર રાજ્યો મુખ્ય હતાં : (i) યાદવ, (ii) કાકતીય, (iii) પાંડ્ય અને (iv) હોયસળ.

## 26.2.1 યાદવ અને કાકતીય (The Yadavas and the Kakatiyas)

13મી સદીમાં યાદવ અને કાકતીય રાજ્યોએ એક વિશાળ પ્રદેશ પર પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરી લીધું. આ પ્રાદેશિક વિસ્તાર આધુનિક આંધ્રપ્રદેશ અને લગભગ સંપૂર્ણ દખ્ખણ સુધી ફેલાયેલો હતો.

**યાદવ**

લગભગ નવમી શતાબ્દીથી યાદવ વંશના ઇતિહાસ અંગેની જાણકારી આપણને મળી રહે છે. આશરે 300 વર્ષ સુધી આ વંશ રાષ્ટ્રકૂટ અને ચાલુક્ય રાજ્યોના સામંતોના રૂપમાં શાસન કરતો રહ્યો. ચાલુક્યોના પતન પછી યાદવો એક વિશાળ પ્રદેશમાં સ્વતંત્ર શાસક તરીકે અસ્તિત્વમાં આવ્યા.

આ વંશના ભીલ્લમા પાંચમાએ. જે ચાલુક્ય રાજા સોમેશ્વર ચોથાનો સામંત હતો, ઈ.સ. 1187માં સ્વતંત્ર થઈને યાદવ વંશનો પાયો નાખ્યો. સિંહનના શાસનકાળ(1210-1246)માં યાદવ રાજ્યની સીમાઓમાં દક્ષિણ ગુજરાત, પશ્ચિમ મધ્યપ્રદેશ અને બરાર, મહારાષ્ટ્રના કેટલાક ભાગો, કર્ણાટક, આધુનિક હૈદરાબાદનો પશ્ચિમ ભાગ અને મૈસૂરના ઉત્તરી વિસ્તારનો સમાવેશ થતો હતો. કૃષ્ણ (1246-60) તથા રામચંદ્ર (1271-1311) યાદવ વંશના અન્ય મહત્ત્વપૂર્ણ રાજાઓ હતા. રાજા રામચંદ્રના અવસાન બાદ યાદવ વંશનું પતન થયું.

**કાકતીય**

કાકતીય કલ્યાણીના ચાલુક્યોના સામંત હતા. લગભગ ઈ.સ. 1162માં કાકતીય રુદ્રદેવે (પ્રતાપ રુદ્રદેવ પહેલો) ચાલુક્ય રાજા તૈલપ ત્રીજાને હરાવીને કાકતીય વંશની સ્થાપના કરી. લગભગ ઈ.સ. 1185માં વેલનંતી રાજાઓને હરાવી તેણે કુરનૂર જિલ્લો મેળવ્યો. ગણપતિ (1199-1262), રુદ્રમ્બે (1262-95) તથા પ્રતાપરુદ્ર બીજો (1295-1326) કાકતીય વંશના અન્ય મહત્ત્વપૂર્ણ રાજાઓ હતા. તેઓનું શાસન આંધ્રપ્રદેશના મોટા ભાગના વિસ્તાર ગોદાવરી, કાંચી, કુગ્નૂલ તથા કુડપ્પા જિલ્લાઓ સુધી હતું. ઉલુઘખાને (સુલતાન મુહમ્મદ તુઘલક) ઈ.સ. 1322માં લગભગ સંપૂર્ણ તેલંગાણાને કચડી નાખ્યું અને આ રીતે કાકતીય રાજવંશનો અંત આવ્યો.

## 26.2.2 પાંડ્ય અને હોયસળ (The Pandyas and the Hoysalas)

આ બંને રાજ્યો દખ્ખણથી આગળના વિસ્તારો-સંપૂર્ણ પ્રાયદ્વીપીય દક્ષિણ-પર પોતાનું વર્ચસ્વ જમાવી ચૂક્યાં હતાં.

**હોયસળ વંશ**

હોયસળ વંશનું શાસન આધુનિક કર્ણાટક તથા તામિલ વિસ્તારોના મોટા ભાગ પર ફેલાયેલું હતું. આ વંશનો પ્રથમ સ્વતંત્ર શાસક બલ્લાલ બીજો (1173-1220) હતો. 12મી સદીના અંતમાં એક સ્વતંત્ર રાજ્યના રૂપમાં હોયસળ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. 14મી સદીના પ્રારંભે આ રાજ્યનો અસ્ત થયો. નરસિંહ બીજો (1234-63), નરસિંહ ત્રીજો (1263-91) તથા બલ્લાલ ત્રીજો (1291-1342) જેવા મુખ્ય હોયસળ શાસકોએ પાંડ્ય અને યાદવ શાસકો વિરુદ્ધ સંઘર્ષ કર્યો.

**પાંડ્ય વંશ**

પાંડ્ય રાજ્યમાં આધુનિક તામિલનાડુનો કેટલોક ભાગ અને આધુનિક કેરળનો લગભગ સંપૂર્ણ ભાગ સામેલ હતો. 13મી સદીના પ્રારંભમાં એક સ્વતંત્ર રાજ્યના રૂપમાં પાંડ્ય રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. 14મી સદીના આરંભમાં આ રાજ્યનો વિલય થયો. આ વંશનો પ્રથમ સ્વતંત્ર શાસક મરવર્મન સુંદર પાંડ્ય (1216-1238) હતો. મરવર્મન સુંદર પાંડ્ય બીજો (1238-51), જટાવર્મન સુંદર પાંડ્ય પહેલો (1251-68), મરવર્મન કુલશેખર પાંડ્ય (1268-1310) તથા જટાવર્મન વીર પાંડ્ય બીજો આ વંશના મહત્ત્વપૂર્ણ રાજવીઓ હતા.

## 26.2.3 ચાર રાજ્યો વચ્ચે સંઘર્ષ (Conflicts between the four Kingdoms)

આ સંપૂર્ણ સમય દરમિયાન ઉપરનાં ચારેય રાજ્યો એકબીજા વિરુદ્ધ કોઈ ને કોઈ યુદ્ધમાં ફસાયેલાં રહ્યાં હતાં. અહીં આ યુદ્ધોની વિસ્તૃત ચર્ચા કરવાને બદલે આપણે ખૂબ જ ટૂંકમાં આ યુદ્ધોના સ્વરૂપની ચર્ચા કરીશું :

- કાકતીય, હોયસળ અને પાંડ્ય રાજ્યોની વચ્ચે ચોલ રાજ્યનાં ખંડિયેરો પર નિયંત્રણ મેળવવા સતત સંઘર્ષ ચાલતો હતો.
- યાદવ અને કાકતીય વંશો વચ્ચે પણ સતત યુદ્ધો ચાલતાં રહ્યાં હતાં પરંતુ કોઈ પણ બીજાને નિર્ણાયક રીતે હરાવી શકેલ નહીં.

- આ જ પ્રકારના સંઘર્ષો યાદવ, હોયસળ, કાકતીય અને પાંડ્ય રાજ્યો વચ્ચે પણ હતા.
- આ રાજ્યોના માંહોમાંહેના સંઘર્ષો ઉપરાંત કેટલાંક અન્ય યુદ્ધો પણ થયાં. દક્ષિણ ભારતનાં ચાર અધિક મહત્ત્વનાં આક્રમણો યાદવ અને પાંડ્ય શાસકોએ કર્યાં. યાદવ વંશના સ્થાપક ભીલ્લમા પાંચમાએ માળવા અને ગુજરાત પર આક્રમણો કર્યાં. સિંહન અને રામચંદ્ર જેવા યાદવ શાસકોએ પણ માળવા અને ગુજરાત પર આક્રમણો કર્યાં પરંતુ કોઈ ચોક્કસ સફળતા ન મળી.
- પાંડ્ય શાસક મરવર્મન કુલશેખરે લંકાની વિરુદ્ધ આક્રમણ કર્યું (1283 - 1302). લંકાના રાજા પરાક્રમબહા ત્રીજા(1302 - 1310)એ પાંડ્ય રાજા સમક્ષ આત્મસમર્પણ કરી દીધું. આ પછી બંને વચ્ચે શાંતિ જળવાઈ રહી.

## 26.3 દક્ષિણનાં રાજ્યો અને દિલ્હી સલ્તનત (Southern Kingdoms and Delhi Sultanate)

13મી સદીના અંત સુધીમાં ઉત્તર ભારતમાં પોતાની સ્થિતિ મજબૂત થયા બાદ દિલ્હી સુલતાનોએ 14મી સદીના પ્રારંભમાં દક્ષિણ ભારત તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું.

એકમ 15માં ખિલજી અને તુઘલક વંશોના શાસન તળે દક્ષિણ અને દખ્ખણમાં સલ્તનતના વિસ્તારનો વિસ્તૃત અભ્યાસ આપણે કરી ગયા. અહીં આપણા અભ્યાસનો મુખ્ય હેતુ દિલ્હીના સુલતાનોની વિસ્તારવાદી નીતિ અને દખ્ખણની રાજનીતિ ઉપર તેના પ્રભાવનો અભ્યાસ કરવાનો છે. દક્ષિણનાં રાજ્યોના દિલ્હી સલ્તનત સાથેના સંબંધોનો અભ્યાસ આપણે બે તબક્કાઓમાં કરીશું. એક, અલાઉદ્દીન ખિલજીના શાસનકાળમાં અને બે, અલાઉદ્દીન ખિલજીના મૃત્યુના સમયથી મુહમ્મદ તુઘલકના શાસનકાળના અંત સુધી.

### 26.3.1 પ્રથમ તબક્કો : અલાઉદ્દીન ખિલજીનું દક્ષિણ આક્રમણ (First Phase : Alauddin Khiljis invasion of South)

જલાલુઉદ્દીન ખિલજીના શાસનકાળ(1290 - 96)માં તેના ભત્રીજા અલાઉદ્દીન ખિલજીએ યાદવ રાજ્યની રાજધાની દેવગિરિ પર આક્રમણ કર્યું. યાદવ શાસક રાજા રામચંદ્ર હાર્યો અને અલાઉદ્દીન ખિલજીએ મોટા પાયા પર લૂંટનો માલસામાન પ્રાપ્ત કર્યો. રાજા રામચંદ્રે પ્રત્યેક વર્ષે એક મોટી રકમ ખંડણી રૂપે આપવાનું સ્વીકાર્યું. આ પછીનાં લગભગ દસ વર્ષ સુધી દિલ્હી સલ્તનત તરફથી દક્ષિણ ભારત ઉપર કોઈ આક્રમણો થયાં નહીં. પરંતુ સુલતાન અલાઉદ્દીન ખિલજી(1296 - 1316)એ સત્તા પ્રાપ્ત કર્યા બાદ દક્ષિણ પર આધિપત્ય સ્થાપિત કરવા માટે એક સુઆયોજિત યોજના બનાવી. ઈ.સ. 1306થી 1312 સુધી આક્રમણોની એક લાંબી હારમાળા બાદ દક્ષિણનાં ચારેય મુખ્ય રાજ્યોને સંપૂર્ણપણે પરાજિત કરવામાં આવ્યાં.

**(1) દેવગિરિ (Devagiri)**

સુલતાન અલાઉદ્દીન ખિલજીએ 1306 - 07માં પોતાના અતિ વિશ્વાસુ સેનાપતિ મલિક કાફૂરના નેતૃત્વ તળે વિશાળ મુસલમાની લશ્કર સાથે દેવગિરિ પર આક્રમણ કર્યું. અહીંના રાજા રામચંદ્રે ઈ.સ. 1294ની સંધિનો ભંગ કરી છેલ્લાં ત્રણ વર્ષથી ખંડણી આપવાનું બંધ કર્યું એ આ આક્રમણનું તાત્કાલિક કારણ હતું. રાજા રામચંદ્ર પુનઃ પરાજિત થયો અને મલિક કાફૂર રાજાને કેદ પકડી દિલ્હી લઈ ગયો. રાજાએ સુલતાનને વાર્ષિક ખંડણી આપવાનો વાયદો કર્યો. સુલતાને રાજ્ય પાછું આપી તેને પુનઃ રાજાપદે પ્રસ્થાપિત કર્યો.

**(2) વારંગલ (Warangal)**

મલિક કાફૂરે 1309માં કાકતીય રાજધાની વારંગલ પર આક્રમણ કર્યું. સુલતાન અલાઉદ્દીનનો મુખ્ય ઉદ્દેશ કાકતીય રાજાનો પરાજય કરવા અંગેનો હતો. ઈતિહાસકાર ઝિયાઉદ્દીન બર્ની સુલતાન તરફથી મલિક કાફૂરને આપવામાં આવેલ સૂચનાઓનું નીચે મુજબના શબ્દોમાં વર્ણન કરે છે :

''તું એક દૂર દૂરના દેશમાં જઈ રહ્યો છે, ત્યાં વધારે સમય રોકતો નહીં. તું તારું સઘળું ધ્યાન વારંગલ-ને જીતવામાં તથા રાજા રુદ્રદેવને પરાજય આપવા પાછળ કેન્દ્રિત કરજે. જો રાજા પોતાનો ખજાનો, હાથી, ઘોડા વગેરે તને આપવા તૈયાર થઈ જાય અને ભવિષ્યમાં ખંડણી આપવાનો વાયદો કરે તો આ વ્યવસ્થા સ્વીકારી લેજે.''

આક્રમણ દરમિયાન વારંગલના અજેય કિલ્લાનું પતન થયું. રાજા રુદ્રદેવને સંધિ સ્વીકારવાની ફરજ પડી. રાજાએ પોતાનો ખજાનો મલિક કાફૂરને સોંપી દીધો અને વાર્ષિક ખંડણી આપવાનું સ્વીકાર્યું.

**(3) દ્વારસમુદ્ર (Dwarsamudra)**

દૂર દક્ષિણના આ રાજપૂત રાજ્ય પર હજુ સુધી કોઈ સુલતાને આક્રમણ કર્યું ન હતું. ઈ.સ. 1310-11માં મલિક કાફૂરે હોયસળ રાજ્યની રાજધાની દ્વારસમુદ્ર પર આક્રમણ કર્યું. અહીંના શાસક બલ્લાલદેવે સામાન્ય સંઘર્ષ બાદ આત્મસમર્પણ કર્યું. તેને શરમજનક સંધિ સ્વીકારવાની ફરજ પડી. અનેક હાથીઓ અને પુષ્કળ સોના, રૂપા અને જર-ઝવેરાત સાથે બલ્લાલદેવ દિલ્હી આવ્યો. જ્યાં સુલતાનના ખંડિયા રાજા તરીકે તેનું સ્વાગત કરવામાં આવ્યું.

**(4) મદુરા (Madura)**

દ્વારસમુદ્રને જીત્યા બાદ મલિક કાફૂરે મદુરાના પાંડ્ય રાજ્ય પર આક્રમણ કર્યું. દુર્ભાગ્યે આ સમૃદ્ધ અને વૈભવશાળી રાજ્ય સુંદર પાંડ્ય અને વીર પાંડ્યના બે ભાઈઓ વચ્ચેના ગાદી વારસના ઝઘડામાં સપડાતું હતું. આ સંઘર્ષનો લાભ ઉઠાવીને મલિક કાફૂરે તેના પર આક્રમણ કર્યું. વીર પાંડ્યે સુંદર પાંડ્યને હરાવી રાજ્યમાંથી હાંકી કાઢ્યો અને સિંહાસન પર અધિકાર કરી લીધો. સુંદર પાંડ્યે સુલતાન અલાઉદ્દીન ખિલજીની મદદ માગી. હોયસળ રાજ્યને પરાજય આપ્યા બાદ મલિક કાફૂર મદુરા આવ્યો અને વીર પાંડ્યને હરાવી વિશાળ ધનરાશિ મેળવી.

મલિક કાફૂરે 1312માં યાદવ રાજધાની પર પુનઃ આક્રમણ કર્યું. આક્રમણનું મુખ્ય કારણ રાજા રામચંદ્રના મૃત્યુ બાદ તેના પુત્ર શંકરદેવે સ્વતંત્રતાની જાહેરાત કરી અને ખંડણી ભરવાની ના પાડી તે હતું. શંકરદેવ યુદ્ધમાં હાર્યો અને મલિક કાફૂરે કૃષ્ણા તથા તુંગભદ્રા નદીની વચ્ચે સંપૂર્ણ પ્રદેશ પર આધિપત્ય જમાવી દીધું. ઈ.સ. 1315માં સુલતાન અલાઉદ્દીન ખિલજીની સખત બીમારીના સમાચાર મળતાં તે દિલ્હી આવ્યો. આ પહેલાંનાં બે વર્ષો મલિક કાફૂરે દક્ષિણમાં અન્ય રાજ્યો પરનાં યુદ્ધોમાં ગાળ્યાં હતાં. દિલ્હી જતાં પહેલાં દક્ષિણના જીતેલા પ્રદેશોની વ્યવસ્થાનું કામ તેણે આઈન-ઉલ-મુલ્કને સોંપ્યું.

અલાઉદ્દીન ખિલજીની દક્ષિણનીતિની ચર્ચાનો નિષ્કર્ષ કાઢતાં કહી શકાય કે લગભગ સંપૂર્ણ દક્ષિણ ભારત ખાસ કોઈ વિશેષ પ્રતિરોધ વગર જીતી લેવામાં આવ્યું. અલાઉદ્દીન ખિલજી દક્ષિણ ભારતના પ્રદેશોને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દેવાના મતનો ન હતો કારણ કે આ મુત્સદ્દી સુલતાન એ સારી રીતે સમજતો હતો કે દિલ્હીથી દૂર આવેલા આ પ્રદેશો પર નિયંત્રણ જાળવવું અતિ કપરું કાર્ય છે. દક્ષિણનાં રાજ્યોને હરાવ્યા બાદ તેમના પર દબાણ કરવામાં આવ્યું કે તે દિલ્હી સુલતાનનું આધિપત્ય સ્વીકારી લે અને એક નિશ્ચિત રકમની ખંડણી દર વરસે દિલ્હીના સુલતાનને મોકલતા રહે. અહીંના રાજવંશોને હટાવવાના કોઈ પ્રયાસો કરવામાં આવ્યા ન હતા. આર્થિક દષ્ટિએ જોઈએ તો દક્ષિણ ભારતના આ વિજયોથી દિલ્હીના સુલતાનોને સારો એવો લાભ થયો અને મોટી માત્રામાં ધનરાશિ મળી.

## 26.3.2 બીજો તબક્કો (Second Phase)

અલાઉદ્દીન ખિલજીના અવસાન પછી દક્ષિણ ભારતનાં રાજ્યોએ દિલ્હી સલ્તનતનું આધિપત્ય સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો અને વાર્ષિક ખંડણી મોકલવાનું પણ બંધ કર્યું. પરિણામે દિલ્હી સલ્તનત તરફથી દક્ષિણનાં રાજ્યો પર આક્રમણનો એક નવો કાર્યક્રમ શરૂ થયો. આ સાથે જ દિલ્હી સલ્તનતની દક્ષિણ નીતિમાં પણ પરિવર્તન આવ્યું.

અલાઉદ્દીન ખિલજીએ પોતાના અંતિમ દિવસોમાં દક્ષિણ ભારતનાં રાજ્યોની જવાબદારી મલિક કાફૂરને સોંપી હતી. તેના મૃત્યુ બાદ તેના ઉત્તરાધિકારી મુબારક ખિલજી(1316-1320)એ દેવગિરિ પર આક્રમણ કર્યું અને એક વિશાળ પ્રદેશને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધો. સુલતાને અહીં પોતાના ઉત્તરાધિકારીઓ નિયુક્ત કર્યા. આ અધિકારીઓને જમીનવિસ્તારો (ઈક્તા) આપવામાં આવ્યા. આ અધિકારીઓને સાદા અમીર અથવા એકસોના સેનાનાયક તરીકે ઓળખવામાં આવતા. આ અમીરોનું કાર્ય પોતાના પ્રદેશોમાંથી જમીનમહેસૂલ ઉઘરાવવાનું તથા શાંતિ અને સલામતી જાળવી રાખવાનું હતું. આ સાથે જ તેણે આ અમીરોને વારંગલ પર આક્રમણ કરવાનો આદેશ આપ્યો. વારંગલનો રાજા પ્રતાપ રુદ્રદેવ પરાજિત થયો અને તેના રાજ્યના કેટલાક પ્રદેશો પણ દિલ્હી સલ્તનતમાં ભેળવી દીધા.

મુબારક ખિલજીના અવસાન બાદ વારંગલે ફરી એક વાર વાર્ષિક ખંડણી આપવાનું બંધ કર્યું. તુઘલક વંશના નવા સુલતાન ગ્યાસુદ્દીન તુઘલકે પોતાના પુત્ર ઉલુઘખાન(મુહમ્મદ તુઘલક)ના નેતૃત્વ નીચે એક વિશાળ સેના તેલંગાણા પર આક્રમણ કરવા રવાના કરી. શરૂઆતની કેટલીક નિષ્ફળતાઓ પછી ઉલુઘખાન વારંગલના રાજવી પ્રતાપ રુદ્રદેવને પરાજિત કરવામાં સફળ રહ્યો. હવે તેલંગાણાના સમગ્ર પ્રદેશને દિલ્હી સલ્તનતમાં ભેળવી દેવામાં આવ્યો. ઉલુઘખાને આ સંપૂર્ણ પ્રદેશને વિવિધ વહીવટી

એકમોમાં વિભાજિત કરી નાખ્યો અને સાદા અમીરોના નિયંત્રણ તળે સોંપી દેવામાં આવ્યો. આ અમીરો સલ્તનત પ્રત્યે સીધા જ જવાબદાર હતા. માબાર પણ 1323માં જીતી લેવામાં આવ્યું. શરીફ જલાલઉદ્દીનની તેના સૂબા તરીકે નિયુક્તિ કરવામાં આવી અને મદુરા તેનું વહીવટી કેન્દ્ર હતું. હવે ઉલુઘખાન દિલ્હી સલ્તનતનો સુલતાન બન્યો અને તેણે મુહમ્મદ તુઘલકની ઉપાધિ ધારણ કરી. તેણે જોયું કે તેના રાજ્યના દક્ષિણ ભારતના પ્રદેશોનું વહીવટી તંત્ર પૂરતું કાર્યક્ષમ નથી. આથી તેણે દેવગિરિને બીજી રાજધાની તરીકે વિકસાવવા નિર્ણય કર્યો. દેવગિરિનું નામ બદલીને દૌલતાબાદ રાખવામાં આવ્યું. એક મોટી સંખ્યામાં અમીરો, વ્યાપારીઓ, વિદ્વાનો અને જનસમુદાયને દૌલતાબાદમાં વસવાટ માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું.

આમ મુહમ્મદ તુઘલકની દક્ષિણનીતિ ખિલજી વંશના શાસકોની નીતિથી બિલકુલ જુદી હતી. તેણે દક્ષિણ ભારતના એક વિશાળ ભાગને પોતાના સામ્રાજ્યમાં ભેળવીને ત્યાં સલ્તનતના ઢાંચા જેવી જ જમીનમહેસૂલ વ્યવસ્થા અને વહીવટી તંત્ર લાગુ કર્યું.

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. ચૌલ અને ચાલુક્ય રાજ્યોના અવશેષો પર ઊભાં થયેલાં નવાં રાજ્યોનાં નામો અને તેનો પ્રાદેશિક વિસ્તાર બતાવો.

   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................

2. નીચેનાં કથનો સામે સાચા (✓) અથવા ખોટા(✗)ની નિશાની કરો :

   (i) પાંડ્યોના સામંતો યાદવો હતા.

   (ii) પ્રતાપ રુદ્ર પહેલો કાકતીય રાજ્યનો સ્થાપક હતો.

   (iii) આધુનિક આંધ્ર પ્રદેશનો મોટો વિસ્તાર પાંડ્ય રાજ્ય તળે હતો.

3. તુઘલક શાસકોની દક્ષિણનીતિ વર્ણવો.

   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................

## 26.4 વહીવટી તંત્ર અને અર્થવ્યવસ્થા (Administration and Economy)

દખ્ખણ અને દક્ષિણ ભારતના રાજ્યોની 13મા સદીના અંત સુધીના વહીવટી તંત્રના માળખાની અને આર્થિક વ્યવસ્થાની ચર્ચા વિભાગ 3ના એકમ 11 અને 12માં કરી ગયા. મોટા ભાગની વહીવટી સંસ્થાઓ અને આર્થિક ગતિવિધિઓ આ કાળમાં પણ અગાઉની જેમ જ ચાલુ રહી. મહદ્ અંશે મહત્ત્વપૂર્ણ ફેરફારો કે પરિવર્તનો બહમની રાજ્ય અને વિજયનગર સામ્રાજ્યની સ્થાપના પછી જ જોવા મળે છે જેની ચર્ચા એકમ 27 અને 28માં કરીશું. અહીં આ એકમમાં આર્થિક તેમ જ વહીવટી ક્ષેત્રનાં એ નાનાં નાનાં પરિવર્તનોની ચર્ચા કરીશું જે ચાર દક્ષિણનાં રાજ્યોની સ્થાપના પછી તેમા જોઈ શકાય છે.

### 26.4.1 વહીવટી તંત્ર (Administration)

આ રાજ્યોની મુખ્ય રાજકીય વ્યવસ્થા રાજતંત્ર હતી. આ સાથે જ સામંતશાહી વ્યવસ્થા પણ સામાન્ય રીતે પ્રચલિત હતી. દખ્ખણ ક્ષેત્રનાં યાદવ અને કાકતીય રાજ્યોમાં પ્રાંતીય પ્રમુખો કે સૂબાના રૂપમાં સફળ સૈનિક અધિકારીઓને નિયુક્ત કરવામાં આવતા હતા જેને 'નાયક' કહેવામાં આવતા હતા. આ નાયકોનું મુખ્ય કાર્ય નાના નાના સામંતો પર અંકુશ રાખવાનું, જમીનમહેસૂલ ઉઘરાવવાનું અને કાયદો તથા વ્યવસ્થાની જાળવણી કરવાનું હતું. એક વિવરણ મુજબ રાજાઓ નાયકો અને સામંતોને માત્ર નાનાં ગામ અનુદાનમાં આપતા હતા. મોટાં ગામોની આવક લશ્કરના નિભાવ માટે અલગ રાખવામાં આવતી હતી. કાકતીય રાજા નાયકોની વધતી સત્તા પ્રત્યે હંમેશાં શંકાશીલ રહેતા હતા. આથી તેઓ

નાયકોને વધુ સમય સુધી એક જ સ્થાને રહેવા દેતા નહીં. સ્થાનિક સ્તરે તેઓ માથું ન કાઢી જાય તેની પૂરેપૂરી તકેદારી રાખવામાં આવતી. વિજયનગર સામ્રાજ્યની વધુ મહત્ત્વપૂર્ણ 'નાયનકાર' વ્યવસ્થા કદાચ આ સમયથી શરૂ થઈ.

રાજ્યના જુદા જુદા વિભાગોની દેખરેખ માટે કેટલાક મંત્રીઓની નિયુક્તિ કરવામાં આવતી હતી. વહીવટનું નાનામાં નાનું એકમ ગામ હતું. ગામડાંઓની વહીવટી વ્યવસ્થાની જવાબદારી એક ગ્રામ પ્રમુખના નેતૃત્વ તળેની ગ્રામ પંચાયતની રહેતી. ગામડાંના સમૂહોને પણ એક વહીવટી એકમમાં સંગઠિત કરવામાં આવતા હતા. કાકતીય રાજ્યમાં તેને સ્થળ તરીકે ઓળખવામાં આવતા તથા આવાં સ્થળોના પણ સમૂહો હતા જે નાડુ તરીકે ઓળખવામાં આવતા હતા. જુદાં જુદાં રાજ્યોમાં આ વહીવટી એકમો અને તેના વડાઓ વિવિધ નામોથી ઓળખાતા હતા. બ્રહ્મદેય વ્યવસ્થા આ સમયમાં પણ ચાલુ રહી તથા વહીવટ અને અર્થવ્યવસ્થામાં મંદિરોની ભૂમિકા પણ પૂર્વવત્ જળવાઈ રહી.

### 26.4.2 અર્થવ્યવસ્થા (Economy)

આ સમયમાં પણ ખેત ઉત્પાદનોમાંથી મળતો કર રાજ્યની આવકનું મુખ્ય સાધન હતું. રાજ્ય દ્વારા સતત વધુમાં વધુ જમીનને કૃષિ તળે આવરી લેવાના પ્રયાસો કરવામાં આવતા હતા. સિંચાઈ માટે તળાવ (કાકતીય રાજ્યમાં તેને સમુદ્રમ્ કહેવાતા) અને બંધ બાંધવામાં આવતા. રાજ્ય દ્વારા નિર્ધારિત જમીનમહેસૂલના દરો અંગે કોઈ ચોક્કસ જાણકારી મળતી નથી. દૌલતાબાદમાં દિલ્હી સલ્તનતનું નિયંત્રણ સ્થપાયા પછી જમીનમહેસૂલ વ્યવસ્થામાં કેટલીક નવી વ્યવસ્થા દાખલ કરવામાં આવી (જુઓ એકમ 28). ગૌચર મેદાનો, ખાણો અને જંગલો પર રાજ્યનો માલિકી હક હતો. અને રાજ્ય તેમાંથી કર વસૂલ કરતું હતું. જકાતમાંથી થતી આવક અને વ્યાપારમાંથી પ્રાપ્ત થતા કર રાજ્યની આવકનાં અન્ય સાધનો હતાં. જેને કાકતીય રાજ્યમાં 'સુન્કમ' કહેતા. કાકતીય રાજ્યમાં ગાડી (બન્દી), ગુલામ (બનીસા) અને ઘોડા રાખવા માટે એક જુદો કર વસૂલ કરવામાં આવતો હતો. પાંડ્ય રાજ્ય મોતીવાળી છીપો માટે પ્રખ્યાત હતું. પ્રસિદ્ધ મુસાફર માર્કો પોલોએ પણ આ અંગે લખ્યું છે. દરિયામાંથી મોતી કાઢનાર પોતાના હિસ્સામાંથી દસમો ભાગ રાજ્યને આપતા. આરબ વ્યાપારીઓ તથા પાછળથી યુરોપિયન વ્યાપારીઓના આગમન પછી દક્ષિણ ભારતના વ્યાપારની ગતિવિધિઓમાં તેજી આવી. આ વ્યાપારી પ્રવૃત્તિઓમાંથી મળનાર આવકને કારણે દક્ષિણ ભારતની સમૃદ્ધિ ખૂબ જ વધી ગઈ. વ્યાપારી સંઘ (ગિલ્ડ) મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવતા હતા. તે રાજ્યની કરનીતિ તથા અન્ય આર્થિક નીતિઓ નિર્ધારિત કરવામાં મદદરૂપ બનતા હતા. સમગ્ર દક્ષિણ ભારતમાં સર્વાધિક મહત્ત્વપૂર્ણ વ્યાપારિક સમુદાય 'ચેટ્ટી' હતો.

## 26.5 સ્વતંત્ર રાજ્યોનો ઉદય (Rise of Independent Kingdoms)

ચૌદમી સદીના બીજા ચતુર્થાંશમાં (1325-50) દક્ષિણ ભારતમાં ત્રણ સ્વતંત્ર રાજ્યોનો ઉદય થયો : (i) માબાર (ii) બહમની અને (iii) વિજયનગર. આ રાજ્યોનો ઉદય એક લાંબી ઊથલપાથલ અને અસ્થિરતા પછી થયો. આ રાજ્યોના ઉદયમાં દક્ષિણનાં રાજ્યો અને દિલ્હી સલ્તનતના સંપર્કનો પણ ફાળો રહ્યો હતો. એકમના આ ભાગમાં માબારના સ્વતંત્ર રાજ્યના ઉદયની ચર્ચા કરીશું. બહમની અને વિજયનગર રાજ્યોના ઉદયનું વિશ્લેષણ એકમ 27 અને 28માં કરીશું.

**માબાર (Mabar)**

આગળ જોઈ ગયા મુજબ દિલ્હી સલ્તનત દ્વારા 1323માં માબાર વિજય કરવામાં આવ્યો અને શરીફ જલાલુદ્દીન અહસન તેના સૂબા તરીકે નિમાયો. કેટલાંક વરસો સુધી જલાલુદ્દીન દિલ્હી સુલતાનો પ્રત્યે વફાદાર રહ્યો. પરંતુ દિલ્હીથી દૂર અને સંદેશાવ્યવહારનાં સાધનોના અભાવનો ફાયદો ઉઠાવીને 1333-34માં તેણે પોતાને સ્વતંત્ર જાહેર કરી દીધો અને તેણે જલાલુદ્દીન અહસન શાહની ઉપાધિ ધારણ કરી. આ સમયે તુઘલક સુલતાન પોતાના રાજ્યના અન્ય કોઈ વિસ્તારની સમસ્યા હલ કરવામાં રોકાયેલો હતો. આથી માબારને પુનઃ પ્રાપ્ત કરવાનો તેણે કોઈ ગંભીર પ્રયાસ કર્યો નહીં. આ રાજ્ય લગભગ ચાલીસ વરસો સુધી સ્વતંત્ર રહ્યું. અંતે 1378માં વિજયનગર સામ્રાજ્યે તેને જીતીને પોતાના રાજ્યમાં ભેળવી દીધું. આ રીતે માબારની સ્વતંત્રતાનો પણ અંત આવ્યો.

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. દક્ષિણનાં રાજ્યોમાં નાયકોની ભૂમિકા વર્ણવો.

.....................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

2. દક્ષિણનાં રાજ્યોની અર્થવ્યવસ્થાની મુખ્ય લાક્ષણિકતાઓ કઈ કઈ હતી ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

3. માબાર રાજ્ય પર ટૂંકી નોંધ લખો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

## 26.6 સારાંશ

ચૌલ અને ચાલુક્ય સામ્રાજ્યોના પતન પછી દખ્ખણ અને દક્ષિણ ભારતની રાજકીય વ્યવસ્થાનો અભ્યાસ કર્યો. આ ક્ષેત્રમાં ચાર સ્વતંત્ર રાજ્યોનો ઉદય થયો. આ રાજ્યો હતાં - યાદવ, કાકતીય, પાંડ્ય અને હોયસળ. આશરે એક સદી સુધી આ રાજ્યોનું સ્વતંત્ર અસ્તિત્વ જળવાઈ રહ્યું. આ પછી દિલ્હી સલ્તનતે તેઓનો પરાભવ કર્યો. દક્ષિણમાં દિલ્હી સલ્તનતની વિજયપતાકા ફરકાવવામાં સુલતાન અલાઉદ્દીન ખિલજીના કુશળ અને સફળ સેનાપતિ મલિક કાફૂરે નિર્ણાયક ભૂમિકા ભજવી હતી તોપણ આ ગાળા દરમિયાન આ રાજ્યોની સ્વાયત્તતા ટકી રહી. પરંતુ મુહમ્મદ તુઘલકના શાસનકાળમાં લગભગ સંપૂર્ણ દખ્ખણ અને પ્રાયદ્વીપ દક્ષિણનો કેટલોક ભાગ દિલ્હી સલ્તનતમાં ભેળવી દેવામાં આવ્યો. દેવગિરિ નામના દક્ષિણના એક મહત્ત્વના શહેરને સલ્તનતની બીજી રાજધાની તરીકે વિકસાવવામાં આવી. પરંતુ આ સ્થિતિ લાંબો સમય ટકી નહીં. મુહમ્મદ તુઘલકના શાસનકાળ દરમિયાન નવી રાજકીય સત્તાઓનો ઉદ્ભવ થયો અને ત્રણ નવાં સ્વતંત્ર રાજ્યો માબાર, બહમની અને વિજયનગરનો ઉદય થયો. આ પૈકીના છેલ્લાં બે લાંબા સમય સુધી ટકી રહ્યાં અને દક્ષિણ ભારતીય રાજનીતિનાં મુખ્ય કેન્દ્રો બની રહ્યાં.

## 26.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. જુઓ, પેટા વિભાગ 26.2.1 તથા 26.2.2
2. (i) x (ii) ✓ (iii) x
3. જુઓ, પેટા વિભાગ 26.3.1 અને 26.3.2

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. જુઓ, પેટા વિભાગ 26.4.1
2. જુઓ, પેટા વિભાગ 26.4.2
3. જુઓ, ભાગ, 26.5

## 26.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**બ્રહ્મદેય -** બ્રાહ્મણોને આપવામાં આવતું ધાર્મિક જમીન અનુદાન

**ચેટ્ટી -** દક્ષિણ ભારતનો એક મુખ્ય વ્યાપારી સમુદાય.

# એકમ 27 વિજયનગર સામ્રાજ્ય
## (The Vijaynagar Empire)

રૂપરેખા

27.1 પ્રાસ્તાવિક
27.2 સ્થાપના અને દઢીકરણ
27.2.1 પ્રારંભિક સમય : 1336-1509
27.2.2 કૃષ્ણદેવરાય : 1509-1529
27.2.3 અસ્થિરતાનો યુગ : 1529-1542
27.2.4 પોર્ટુગીઝ
27.2.5 દૂર દક્ષિણની સાથે વિજયનગરના સંબંધો
27.2.6 દખ્ખણનાં મુસ્લિમ રાજ્યો
27.3 ધર્મ અને રાજનીતિ
27.3.1 પ્રતીકાત્મક રાજાશાહી
27.3.2 બ્રાહ્મણોની રાજકીય ભૂમિકા
27.3.3 રાજાઓ, સંપ્રદાયો અને મંદિરો વચ્ચેના સંબંધો
27.4 સ્થાનિક વહીવટ
27.4.1 નાયનકાર વ્યવસ્થા
27.4.2 આયગાર વ્યવસ્થા
27.5 અર્થવ્યવસ્થા
27.5.1 જમીન તથા આવક અંગેના અધિકાર
27.5.2 મંદિરોની આર્થિક ભૂમિકા
27.5.3 વિદેશ વ્યાપાર
27.5.4 આંતરિક વ્યાપાર તથા શહેરી જીવન
27.6 સામાજિક વ્યવસ્થા
27.7 સારાંશ
27.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
27.9 ચાવીરૂપ શબ્દો

## 27.1 પ્રાસ્તાવિક

આ એકમમાં આપણે દક્ષિણ ભારતના એક વિશાળ વિસ્તારમાં વિજયનગર સામ્રાજ્યનો આવિર્ભાવ, વિસ્તાર અને વિકાસની સાથે સાથે તેના વિઘટનનો અભ્યાસ કરીશું.

દક્ષિણ ભારતમાં પણ ઉત્તર ભારતની માફક દિલ્હી સુલતાનોની શક્તિ અને પ્રભુત્વમાં ઓટ આવતાં તેના પ્રાંતીય સૂબાઓએ બળવાઓ કરીને પોતપોતાનાં સ્વતંત્ર રાજ્યો સ્થાપિત કર્યાં. દક્ષિણમાં પાંડ્ય અને હોયસળ તથા કાકતીય અને યાદવ રાજ્યોનો ઉત્કર્ષ થયો. દિલ્હીના સુલતાનો દ્વારા દખ્ખણ તથા દક્ષિણ ભારત પરનાં આક્રમણોથી આ રાજ્યોની સત્તા ક્ષીણ થઈ અને તે દિલ્હી સલ્તનતને આધીન થઈ ગયા. આ પછી 14મી સદીના બીજા ચતુર્થાંશમાં બહમની અને વિજયનગર રાજ્યોનો આવિર્ભાવ તથા પ્રસાર થયો.

આ એકમના અભ્યાસ પછી તમે – વિજયનગર સામ્રાજ્યનો ઉદય, 14થી 16મી સદીઓ વચ્ચે વિજયનગરની સત્તાનો પ્રસાર, બહમની શાસકો તથા દૂર દક્ષિણની સાથે વિજયનગરના સંબંધો, સામ્રાજ્યને મજબૂત બનાવવા તથા તેના પતનની પ્રક્રિયા અને વિજયનગરની વહીવટી વ્યવસ્થા, નાયનકાર અને આયગાર વ્યવસ્થાના ખાસ સંદર્ભ સાથે આર્થિક અને સામાજિક વ્યવસ્થા વગેરે અંગે વિસ્તૃત જાણ મેળવી શકશો.

## 27.2 સ્થાપના અને દઢીકરણ (Establishment and Consolidation)

દક્ષિણ ભારતમાં દિલ્હી સુલતાનોનાં સૈનિક આક્રમણો, યુદ્ધો અને રાજ્ય વિસ્તારથી ત્યાંના હિંદુઓના રાજ્ય, ધર્મ અને સંસ્કૃતિનો જે વિનાશ થયો, તેનાથી ક્ષુબ્ધ થઈને હિન્દુઓએ ઇસ્લામ વિરોધી આંદોલન કર્યાં. રોબર્ટ સેવેલ આ સંદર્ભે નોંધે છે કે ''દરેક ચીજ અનિવાર્ય રૂપે, એક જ દિશા તરફ જતી માલૂમ પડતી હતી - હિંદુ સૂબાઓ વિનાશની તરફ, તેનાં જૂનાં રાજકુળો વિનાશની તરફ, તેના ધર્મ, મંદિર અને નગર વિનાશની તરફ–આ દરેક ચીજો જેને દક્ષિણના લોકો સૌથી વધુ ચાહતા હતા, તે ધૂળમાં મળી રહી હતી.'' વિજયનગરના હિંદુ રાજ્યનો અભ્યુદય આ જ ધાર્મિક અને સાંસ્કૃતિક આંદોલનનું સુફળ હતું. આ રાજ્યના નિર્માણનું મુખ્ય લક્ષ હતું– હિંદુઓ માટે એક એવા આશ્રય-સ્થાનનું નિર્માણ કરવું, જ્યાં મુસલમાનોના ધાર્મિક અત્યાચારો અને શોષણથી પીડિત હિંદુ લોકો શાંતિ અને સુખથી રહી શકે.

સુલતાન મુહમ્મદ તુઘલકના શાસનકાળમાં જ્યારે દક્ષિણમાં તેના વિરુદ્ધ બળવાઓ થયા અને અરાજકતા ફેલાઈ, આ સમયે હરિહર અને બુક્કા નામના બે ભાઈઓએ મુસ્લિમ વિરોધી હિન્દુ આંદોલનને મૂર્ત સ્વરૂપ આપવા માટે ઈ.સ. 1336માં વિજયનગરની સ્થાપના કરી. આ બંને ભાઈઓના ગુરુનું નામ માધવસર વિદ્યારણ્ય હતું અને તેઓએ આ આંદોલનને વધારે પ્રોત્સાહિત કર્યું હતું. આથી જ હરિહર અને બુક્કાએ આ નવા નગરનું નામ વિદ્યાનગર કે વિજયનગર રાખ્યું હતું, જેનો રાજા હરિહર થયો. તેની સુરક્ષા માટે એક વિશાળ કિલ્લાની રચના કરવામાં આવી. ખૂબ જ થોડા સમયમાં આ રાજ્ય એક શક્તિશાળી વિજયનગર સામ્રાજ્ય તરીકે વિકાસ પામ્યું.

### 27.2.1 પ્રારંભિક સમય : 1336-1509 (Early Phase : 1336-1509)

આ સમયમાં વિજયનગર, બહમની, કોન્ડાવિડુના રેડ્ડિયોં, રાજકોન્ડાના વેલામાઓ, તેલુગુ ચોડાઓ અને ઓરિસાના ગજપતિઓની વચ્ચે કૃષ્ણા-ગોદાવરી ડેલ્ટા, તુંગભદ્રા, દોઆબ અને મરાઠાવાડા-(ખાસ કરીને કોંકણ)ના નિયંત્રણના પ્રશ્ને સંઘર્ષો થતા રહ્યા.

આ નિરંતર સંઘર્ષોને કારણે વિજયનગરની સીમાઓ પરિવર્તિત થતી રહી. ઈ.સ. 1336-1422ની વચ્ચે મુખ્ય સંઘર્ષ વિજયનગર તેમ જ બહમની શાસકો વચ્ચે થયા, જેમાં તેલુગુ-ચૌડા સરદારોએ બહમની શાસકોને અને રાજકોન્ડાના વેલામાઓ તેમ જ રાજામુન્દ્રીના રેડ્ડિયોએ વિજયનગરના શાસકોને સાથ આપ્યો. આના પરિણામે વિજયનગર રાજ્યનું પલ્લું ભારે રહ્યું.

ઈ.સ. 1422-46 દરમિયાન રાયચૂર દોઆબના અધિગ્રહણ પ્રશ્ને વિજયનગર અને બહમની શાસકોની વચ્ચે સંઘર્ષ થયો જેમાં વિજયનગરની હાર થઈ. તેણે વિજયનગરના સૈન્યની ક્ષતિઓને સંપૂર્ણપણે ખુલ્લી પાડી દીધી તેમ જ વિજયનગરના શાસકોને મુસ્લિમ તીરંદાજો તથા ઊંચી ઓલાદના ઘોડાઓને પોતાની સેનામાં રાખવા તથા તેના પુનર્ગઠન માટે ફરજ પાડી. મુસ્લિમ તીરંદાજોને મહેસૂલ સોંપણીના લેખો કરી આપવામાં આવ્યા. આ સમયમાં સંપૂર્ણ કોન્ડાવિડુ પ્રદેશને વિજયનગર સામ્રાજ્યમાં જોડી દેવામાં આવ્યો.


ઈ.સ. 1465-1509ની વચ્ચે ફરી એક વાર રાયચૂર દોઆબ સંઘર્ષોનું કેન્દ્ર બન્યું. શરૂઆતમાં વિજયનગરે પોતાનાં પશ્ચિમી બંદરો એટલે કે ગોવા, ચૌલ અને દભોલ બહમની શાસકોને સોંપી દેવા પડ્યાં. પરંતુ 1490ની આજુબાજુ યૂસુફ આદિલખાનના નેતૃત્વમાં બીજાપુરની સ્થાપના થયા બાદ બહમની રાજ્યમાં આંતરિક વિઘટનની પ્રવૃત્તિઓ શરૂ થઈ. આ સ્થિતિનો લાભ ઉઠાવીને વિજયનગરે તુંગભદ્રા પ્રદેશ (અદોની તથા કુરનૂલ) પર અધિકાર સ્થાપવામાં સફળતા મેળવી. આ પૂર્વે પશ્ચિમી બંદરો જતાં રહેતાં આરબો સાથેનો અશ્વવ્યાપાર અવ્યવસ્થિત થઈ ગયો હતો, જે વિજયનગરનાં ઘોડેસવાર દળ માટે ખૂબ જ જરૂરી હતો. તોપણ હોનાવર, ભતકલ, બકાનૂર તથા મેંગલોર બંદરો હસ્તગત થતાં અશ્વવ્યાપાર પુનઃ શરૂ થયો, જેના પરિણામે ઘોડાઓની સતત ભરતીથી વિજયનગરના સૈન્યની કાર્યક્ષમતાને બળ મળ્યું.

પૂર્વમાં ઓરિસ્સાના ગજપતિ એક મુખ્ય સત્તા હતા. તેમના અધિકારક્ષેત્રમાં કોન્ડાવિડુ, ઉદયગીર અને મસલીપટ્ટમ આવતાં હતાં. વિજયનગરના શાસકોએ ગજપતિઓને છેક ગોદાવરી નદી સુધી હાંકી કાઢીને કોન્ડાવિડુ, ઉદયગીરી તથા મસલીપટ્ટમ પર અધિકાર જમાવી દીધો. પરંતુ થોડા સમયમાં, ઈ.સ. 1481માં, બહમનિયોં દ્વારા મસલીપટ્ટમ જીતી લેવામાં આવ્યું. વિજયનગરને ઉદયગીર, ઉમ્માતુર (મૈસૂર નજીક) તથા સેરિંગપટ્ટમના સરદારોના સતત વિદ્રોહોનો પણ સામનો કરવો પડતો હતો.

## 27.2.2 કૃષ્ણદેવ રાય 1509-1529 (Krishnadava Raya 1509-1529)

કૃષ્ણદેવ રાય વિજયનગર સામ્રાજ્યનો તો સૌથી મહાન રાજવી હતો જ, પરંતુ ભારતના ઈતિહાસના મહાન રાજાઓમાં પણ તેની ગણતરી થાય છે. તેનો સમગ્ર સમય યુદ્ધોમાં ગયો હતો અને દરેક વખતે તેણે સફળતા મેળવી હતી. કૃષ્ણદેવ રાય એક મહાન સૈનિક, સેનાપતિ અને વિજેતા હતો. તેણે ગાદીએ આવતાંની સાથે જ સૌ પ્રથમ પોતાના લશ્કરને વ્યવસ્થિત કર્યું અને બળવાખોર સામંતોને હરાવી તેમને તાબે કર્યા. એક રીતે જોઈએ તો આ સમગ્ર સમય વિજયનગરના મહાનતમ શાસક કૃષ્ણદેવ રાય(1509-29)ની સિદ્ધિઓનો છે. આ સમયગાળામાં જ બહમની સત્તાનું પતન થયું. બહમની સલ્તનતના ભંગારમાંથી પાંચ રાજ્યોનો ઉદ્ભવ થ્ગો અહમદનગરમાં નિઝામશાહી, બીજાપુરમાં આદિલશાહી, બરારમાં ઈમાદશાહી, ગોલકોંડામાં કુતુબશાહી અને બિદરમાં બરિદશાહી. બહમની સામ્રાજ્ય વિઘટન તરફ અગ્રેસર થતાં કૃષ્ણદેવ રાયે બીજાપુરના 'દિલશાહી શાસક પાસેથી કોવિલ કોન્ડા અને રાયચૂર તથા બહમની શાસકો પાસેથી ગુલબર્ગા તેમ ઃર મેળવવામાં સફળતા મેળવી. આ ઉપરાંત કૃષ્ણદેવ રાયે ગજપતિઓ પાસેથી ઉદયગીર, કોન્ડ ઃ કૃષ્ણા નદીને દક્ષિણે), નાલગોન્ડા (આન્ધ્ર પ્રદેશ), તેલંગણા, રાજામુન્દ્રી તેમ જ વારંગલ પુનઃ પ્રાપ્ત કર્યાં.

કૃષ્ણદેવ રાય એક દૂરંદેશી રાજનીતિજ્ઞ પણ હતો. કૃષ્ણદેવ રાયે પોર્ટુગીઝો સાથે મૈત્રીભર્યો સંબંધ રાખ્યો હતો તથા તેમને કેટલીક વેપારી છૂટછાટો પણ આપી હતી. રોબર્ટ સેવેલ કહે છે તેમ, પોર્ટુગીઝો દ્વારા ઘોડાની તથા બીજી અન્ય જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની આયાતથી તેને સારો ફાયદો થાય તેમ



South India during Vijaynagar times

નકશો-5

હતો. ઈ.સ. 1509માં કૃષ્ણદેવ રાયના રાજ્યાભિષેકની સાથે જ ભારતમાં શક્તિશાળી પોર્ટુગીઝ ગવર્નર આલ્બુકર્કની નિમણૂક થઈ હતી. ઈ.સ. 1510થી પોર્ટુગીઝો ભારતમાં એક મુખ્ય નૌકાશક્તિ તરીકે સામે આવ્યા હતા. ગોવા અને સાથોસાથ ડાન્ડા, રાજૌરી તેમ જ દભૌલ પર અધિકાર મેળવી તેઓએ અશ્વોના વ્યાપાર ઉપર એકાધિકાર સ્થાપી દીધો હતો. કારણ કે ગોવા દક્ષિણી રાજ્યોમાં અશ્વવ્યાપારનું મુખ્ય કેન્દ્ર હતું. કૃષ્ણદેવ રાયે પોર્ટુગીઝો સાથે મિત્રતાપૂર્ણ સંબંધો ટકાવી રાખ્યા. અલ્બુકર્કે ભતકલમાં કિલ્લો બાંધવાની પરવાનગી માગી જેનો કૃષ્ણદેવ રાય દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો. આ ઉપરાંત પોર્ટુગીઝ વ્યાપારીઓને વિજયનગર સામ્રાજ્યમાં ઘણી છૂટછાટો મળી હતી. આ રીતે પોર્ટુગીઝ સૈનિકોએ કૃષ્ણદેવ રાયના બીજાપુરના ઇસ્માઈલ આદિલખાન વિરુદ્ધના વિજયમાં પૂરતા પ્રમાણમાં યોગદાન આપ્યું.

## 27.2.3 અસ્થિરતાનો યુગ : 1529-1542 (Period of Instability : 1529-1542)

કૃષ્ણદેવ રાયના અવસાનની સાથે જ આંતરિક સંઘર્ષો અને બાહ્ય આક્રમણોનો સિલસિલો શરૂ થયો. આંતરિક સ્થિતિનો લાભ ઉઠાવીને બીજાપુરના ઈસ્માઈલ આદિલખાને રાયચૂર અને મુદ્ગલ પર કબજો કરી લીધો. ગજપતિઓ અને ગોલકોન્ડાના રાજવીઓએ પણ કોન્ડાવિડુનો કબજો કરવા અસફળ પ્રયાસો કર્યા. આ ગરબડનો લાભ ઉઠાવી કૃષ્ણદેવ રાયનો ભાઈ અચ્યુત રાય (ઈ.સ. 1529-1542) વિજયનગરનું સિંહાસન હાથવગું કરવામાં સફળ થયો, જેને નૂનિઝે ''વ્યસની, અપ્રમાણિક, બાયલો અને અત્યાચારી'' કહીને ધિક્કાર્યો છે. અલબત્ત, તેની આ બધી નબળાઈઓ માટે તેના બે સાળાઓની તેના પર પડેલી અસર જવાબદાર હતી, તેમ પણ તે ઉમેરે છે. પરંતુ તત્કાલીન સાહિત્ય કે ઉત્કીર્ણ લેખોમાંથી અચ્યુત રાયની આવી હલકી છાપ ઊપસી આવતી નથી તે નોંધવા યોગ્ય હકીકત છે. આમ છતાં અચ્યુત રાયના શાસનકાળ દરમિયાન આંતરિક ઝઘડાઓએ સામ્રાજ્યના પતનનાં બીજ વાવી દીધાં, એમ કહીએ તો ખોટું નથી. તેના મૃત્યુ પછી પુનઃ ઉત્તરાધિકારના પ્રશ્ને અચ્યુત રાયના પુત્ર અને તેના ભત્રીજા સદાશિવ વચ્ચે સંઘર્ષ શરૂ થયો. સદાશિવે 1542માં રાજગાદી પ્રાપ્ત કરી પરંતુ રાજ્યની વાસ્તવિક સત્તા કૃષ્ણદેવ રાયના જમાઈ રામરાયના હાથમાં હતી.

## 27.2.4 પોર્ટુગીઝ (The Portuguese)

રામરાયના પોર્ટુગીઝો સાથેના સંબંધો મિત્રતાભર્યા ન હતા. ઈ.સ. 1542માં માર્ટિન અલ્ફાંસો ડિસોઝા ગોવાનો રાજ્યપાલ થયો તથા તેણે ભતકલમાં લૂંટફાટ કરી. પાછળથી, રામરાયને અલ્ફાંસો ડિસોઝાના ઉત્તરાધિકારી જોઆઓ-દે કેસ્ટ્રો સાથે 1547માં એક સંધિ કરવામાં સફળતા મળી જેનાથી રામરાયને અશ્વવ્યાપારમાં એકાધિકાર પ્રાપ્ત થયો. રામરાયે પોર્ટુગીઝોના પ્રભાવક્ષેત્રને કોરોમંડલમાં આવેલ સેનથોમમાં જ મર્યાદિત કરવા કોશિશ કરી.

## 27.2.5 દૂર દક્ષિણની સાથે વિજયનગરના સંબંધો (Vijaynagara's Relations with Deep South)

ઈ.સ. 1512 સુધીમાં, વિજયનગરના શાસકોએ લગભગ સંપૂર્ણ દક્ષિણી પ્રાયદ્વીપને પોતાના અધિકાર તળે લઈ લીધો. રાજાગંભીરરાજયન્ (તોડંઈ મંડલમ્) નામના નાનકડા હિંદુ રાજ્યે, કાલીકટના જમોરિન અને કિયલોન(કેરળ)ના શાસકે વિજયનગરનું આધિપત્ય સ્વકારી લીધું. 1496 સુધીમાં લગભગ સંપૂર્ણ દૂર દક્ષિણના કેપ કોમોરિન સુધીના પ્રદેશો જેમાં સ્થાનીય ચૌલ, ચેરા શાસકના પ્રદેશો આવતા હતા, તાંજૌર, પુડુકોટ્ટાઈ તથા મદુરાના માનાભૂષા પણ આવતાં હતાં, તે તમામ વિજયનગરને આધીન થઈ ગયાં પરંતુ પાંડ્ય શાસક(તૂતીકોરિન તથા કયત્તરનો સરદાર)ને ખંડિયા રાજા તરીકે રાજ્ય કરવા દીધું. તામિલ પ્રદેશના આધિપત્યનું એક અત્યંત રોચક પાસું એ હતું કે વિજય પછી તેલુગુ સૈનિકો તે દૂર આવેલા અને ઓછી વસતીવાળા પ્રદેશમાં કાયમી ધોરણે વસવાટ કરવા લાગ્યા. આ પ્રવાસી વસાહતીઓએ ત્યાંની કાળી માટીનો ભરપૂર લાભ લીધો તથા કાળાંતરે રેડ્ડિયોના એક અતિ મહત્ત્વપૂર્ણ ખેડૂત વર્ગનો આવિર્ભાવ થયો. આ સાથે જ તામિલ પ્રદેશમાં નાયકોનો વચેટિયાના રૂપમાં ઉદ્ભવ પણ તામિલ વિસ્તારમાં પ્રસારનું એક પરિણામ હતું.

વિજયનગરનું રાજ્ય એક વિશાળ રાજકીય વ્યવસ્થા સમાન હતું, જેની તળે વિભિન્ન લોકો આવતા હતા જેમ કે તામિલ, કન્નડ અને તેલુગુભાષી સમુદાય.

વિજયનગરના શાસકોની તુંગભદ્રા પ્રદેશ પર સીધી જ સર્વોપરિતા હતી. બીજાં સ્થાનો પર વિજયનગરના શાસકોએ તેલુગુ યોદ્ધાઓ (નાયકો) અને તે સ્થાનિક સરદારો જે નાયકો તરીકે કાર્ય સંભાળી રહ્યા હતા અને તે સાંપ્રદાયિક વર્ગો જેમ કે વૈષ્ણવો દ્વારા આનુષ્ઠાનિક સર્વોપરિતા સ્થાપિત કરવામાં આવી હતી.

### 27.2.6 દખ્ખણનાં મુસ્લિમ રાજ્યો (The Deccan Muslim States)

ઈ.સ. 1538 સુધીમાં બહમની રાજ્ય બીજાપુર, ગોળકોન્ડા, અહમદનગર, બીદર અને બરાર - આ પાંચ પ્રદેશોમાં વિભાજિત થઈ ગયું. ઈ.સ. 1542-43માં બીજાપુર અને ગોળકોન્ડા વચ્ચે સમજૂતી થતાં બીજાપુરને વિજયનગર વિરુદ્ધ ખુલ્લી છૂટ મળી ગઈ જ્યારે અહમદનગરે બીદરના ભોગે વિસ્તાર વધારવાની યોજના બનાવી. આ સમજૂતી સાથે ઈબ્રાહીમ આદિલશાહે વિજયનગર પર આક્રમણ કર્યું પરંતુ તેને મક્કમતાથી સામનો કરી પાછું મારી હઠાવવામાં આવ્યું. પરંતુ આ સમજૂતી લાંબો સમય સુધી ટકી નહીં. અહમદનગરે બીદરના કલ્યાણીના કિલ્લાને હસ્તગત કરવા માટે વિજયનગરના રાજવી રામરાયની સહાયતા મેળવી. રામરાયના દક્ષિણનાં રાજ્યો સાથે સંબંધો ઘણા જ અટપટા હતા. બીદર વિરુદ્ધ તેણે અહમદનગરની મદદ કરી પરંતુ જ્યારે અહમદનગરે ગુલબર્ગા પર આક્રમણ કર્યું ત્યારે રામરાયે બીજાપુરના શાસકનો પક્ષ લીધો. રામરાયને વિજયનગર અને દક્ષિણી રાજ્યો વચ્ચે એક સામૂહિક સુરક્ષા યોજના બનાવવામાં સફળતા મળી જેમાં એવું સ્વીકારવામાં આવ્યું કે કોઈ એકની વિરુદ્ધ આક્રમણ સમયે આક્રમણકારી વિરુદ્ધ અન્ય સૌ કોઈ સશસ્ત્ર સંઘર્ષ કરવા બંધાયેલા રહેશે.

આ સુરક્ષા યોજના સમજૂતીનું ખુલ્લે આમ ઉલ્લંઘન કરતાં ઈ.સ. 1560માં અહમદનગરે બીજાપુર પર આક્રમણ કર્યું. રામરાયને અહમદનગર વિરુદ્ધ ગોળકોન્ડાની મદદ મળી. પરંતુ આ સમજૂતી તુરત જ પડી ભાંગી. અહમદનગર હાર્યું અને કલ્યાણી બીજાપુરને સોંપી દેવામાં આવ્યું. આ જ સમયે રામરાયે પણ બીદર પર આક્રમણ કરી સુરક્ષા સમજૂતીનો ભંગ કર્યો. ગોળકોન્ડાના શાસકે અહમદનગર સાથે મળીને કલ્યાણી પર આક્રમણ કર્યું. રામરાયે પોતાનું લશ્કર કલ્યાણીનો કિલ્લો મેળવવા ગોળકોન્ડા વિરુદ્ધ રવાના કર્યું. બીજી બાજુ વિજયનગર અને બીજાપુરે સાથે મળીને (જે ફરી એક વાર અસ્થાયી મિલન હતું) અહમદનગર અને ગોળકોન્ડાના આક્રમણનો સામનો કર્યો. અંતે અહમદનગરે પોતાના કોવિલકોન્ડા, ગનપુરા અને પંગલના કિલ્લાઓ આપવા પડ્યા. આ દરમિયાન વિજયનગરના રાજવી રામરાયની નીતિ એક મુસ્લિમ રાજ્યને બીજા સાથે લડાવીને વિજયનગરના પક્ષે સત્તાની સમતુલા જાળવી રાખવાની હતી. પછીથી ગોળકોન્ડા, અહમદનગર, બીદર અને બીજાપુરે સાથે મળીને વિજયનગર વિરુદ્ધ મોરચો રચ્યો. આ યુદ્ધ કૃષ્ણાનદીની નજીક આવેલ તાલિકોટા નામના ગામડામાં 23 જાન્યુઆરી 1565માં લડાયું. તેનો વિજયનગર પર વિનાશકારી પ્રભાવ પડ્યો. રાજા રામરાય યુદ્ધમાં માર્યો ગયો તોપણ વિજયનગર રાજ્ય લગભગ બીજાં સોએક વર્ષો સુધી ટકી રહ્યું પરંતુ તેનો પ્રાદેશિક વિસ્તાર ઘટી ગયો તેમ જ તેના શાસકોનું દક્ષિણ ભારતની રાજનીતિમાં કોઈ મહત્ત્વ રહ્યું નહીં.

તાલિકોટાના યુદ્ધને ફક્ત દક્ષિણના જ ઇતિહાસમાં નહીં, બલકે ભારતના ઇતિહાસમાં પણ મહત્ત્વનું યુદ્ધ ગણવામાં આવે છે. ભારતનાં નિર્ણાયક યુદ્ધોમાંનું તે એક હતું. અહીં માત્ર હિંદુઓનો જ પરાજય નહોતો થયો, બલકે દક્ષિણમાં હિન્દુ સર્વોપરિતાની તમામ આશા અહીં ખતમ થઈ ગઈ હતી. આ યુદ્ધના કારણે વિજયનગરના સાધનસંપન્ન સામ્રાજ્યનો તો નાશ થયો, પરંતુ દક્ષિણનાં મુસ્લિમ રાજ્યોને પણ કંઈ બહુ ફાયદો થયો નહીં. તેમનો વિજય અને તેમનો મિત્રસંઘ બધા ક્ષણજીવી હતા. ઇતિહાસકાર સેવેલ 'એ ફરગોટન એમ્પાયર' નામના પુસ્તકમાં આ યુદ્ધ અંગે લખે છે કે ''દુનિયાભરના ઇતિહાસમાં કદાચ આવા ભવ્ય શહેર પર, આટલી ઝડપથી આવો અત્યાચાર કરવામાં નહીં આવ્યો હોય. એક દિવસ વિજયનગર શ્રીમંત, ઉદ્યોગી અને સમૃદ્ધિમાં રાચતા લોકોથી ગાજતું હતું અને બીજે દિવસે તે જ શહેર વિજેતાઓની એડી નીચે, ભયંકર કત્લેઆમના દેખાવો વચ્ચે, ઉજ્જડ ખંડિયેર બની ગયું હતું.''

વેંકટ બીજો (1586-1614) વિજયનગરનો છેલ્લો મહાન રાજવી હતો. તેના અવસાન બાદ વિજયનગર સામ્રાજ્યના એક પછી એક પ્રદેશો સ્વતંત્ર થતા ગયા. પરિણામે મહાન વિજયનગર સામ્રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું અને તેનાં ખંડિયેરો પર શ્રીરંગપટ્ટમ્ તથા બેડનૂરના સરદારોએ તથા મદુરા અને તાંજોરના નાયકોએ પોતાનાં નાનકડાં સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં.

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. વિજયનગર અને બહમની રાજ્યો વચ્ચેના સંઘર્ષનું વર્ણન કરો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

2. પોર્ટુગીઝો અને વિજયનગરના શાસકો વચ્ચેના સંબંધો આલેખો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

3. દક્ષિણનાં મુસ્લિમ રાજ્યો સાથેનો વિજયનગરનો સંઘર્ષ વર્ણવો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

## 27.3 ધર્મ અને રાજનીતિ (Religion & Politics)

ધર્મ અને ધાર્મિક વર્ગોની વિજયનગર સામ્રાજ્યના રાજકીય, સામાજિક અર્થજીવનમાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા હતી.

### 27.3.1 પ્રતીકાત્મક રાજાશાહી (Ritual Kingship)

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે 'ધર્મનું કઠોર પાલન' એ સિદ્ધાંત વિજયનગર સામ્રાજ્યનું મુખ્ય અંગ અને વિશિષ્ટ લક્ષણ હતું. પરંતુ, વિજયનગરના મોટા ભાગના શાસકોને હિંદુ રાજાઓ સાથે પણ યુદ્ધો કરવાં પડ્યાં હતાં, જેમ કે ઓરિસ્સાના ગજપતિ. વિજયનગરના લશ્કરમાં વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી સૌથી મહત્ત્વપૂર્ણ ટુકડીઓ મુસ્લિમ સેનાનાયકોની અધીનતામાં રહેતી. દેવરાયા બીજા દ્વારા મુસ્લિમ તીરંદાજોની ભરતી કરવામાં આવી હતી. આ મુસ્લિમ ટુકડીઓએ વિજયનગરના હિંદુ પ્રતિસ્પર્ધીઓ વિરૂદ્ધ વિજયનગરના વિજયમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી.

મધ્યયુગનાં અન્ય રાજ્યોની જેમ, વિજયનગરના શાસનતંત્રમાં પણ રાજવીને સામ્રાજ્યની સર્વ સત્તાનું મૂળ ગણવામાં આવતો. રાજાનું સ્થાન સર્વોચ્ચ ગણાતું. સમગ્ર શાસનવ્યવસ્થામાં રાજા કેન્દ્રસ્થાને હતો. રાજ્યના મુલકી, લશ્કરી તથા ન્યાય વિષયક તંત્રનો તે સર્વોપરી વડો હતો. તેમ છતાં વિજયનગરના શાસકો ધર્મની આમન્યા જાળવતા અને પ્રજાનું હિત હૈયે હંમેશાં રાખતા. ડૉ. મજુમદાર લખે છે કે ''વિજયનગરના શાસકોને પ્રજાની સહાનુભૂતિ મેળવવાનું જ્ઞાન હતું અને તેમની ઉદારનીતિ દ્વારા તેઓ રાજ્યમાં શાંતિ અને સમૃદ્ધિ લાવી શક્યા હતા. વિજયનગરનો મહાન શાસક કૃષ્ણદેવ રાય પોતાના ગ્રંથ 'આમુક્ત માલયદા'માં લખે છે કે ''મુકુટધારી રાજવીએ હંમેશાં 'ધર્મ' તરફ નજર રાખીને રાજ્ય કરવું જોઈએ.''

વિજયનગરના શાસકોએ સફળ લશ્કરી અભિયાનોના ફળ સ્વરૂપે 'દિગ્વિજયન'ની ઉપાધિ ધારણ કરી. વિજયનગરની રાજાશાહી એક રીતે 'પ્રતીકાત્મક' હતી, કારણ કે વિજયનગરના શાસકો પોતાની સત્તાના મુખ્ય કેન્દ્રથી સમગ્ર પ્રાદેશિક વિસ્તારો પર પોતાના અધિપતિઓ દ્વારા નિયંત્રણ રાખતા હતા. આ પ્રતીકાત્મકતાનું નિરૂપણ ધર્મનાં સાધનો દ્વારા થતું હતું, જે લોકો દ્વારા સ્વામીભક્તિ નિશ્ચિત કરતાં હતાં. દા.ત., પ્રતીકાત્મક રાજાશાહીનું મહાનવમીના ઉત્સવમાં સૌથી સુંદર દૃષ્ટાંત મળે છે. આ એક વાર્ષિક રાજકીય સમારોહ હતો, જે 15 સપ્ટેમ્બર અને 15 ઑક્ટોબર વચ્ચેના દિવસોમાં થતો હતો. તેની પૂર્ણાહુતિ દસમા દિવસે દશેરાના ઉત્સવમાં થતી હતી. પ્રાદેશિક વિસ્તારોની મહત્ત્વની વ્યક્તિઓ આ ઉત્સવમાં ભાગ લેતી હતી. આ ઉત્સવ દ્વારા સામ્રાજ્યના પ્રાદેશિક વિસ્તારો પર વિજયનગરના શાસકોની સર્વોપરી સત્તાની માન્યતાને બળ મળતું હતું. જોકે બ્રાહ્મણો આ ઉત્સવમાં ભાગ લેતા હતા તોપણ તેઓની ભૂમિકા મુખ્ય ન હતી. ઉત્સવનાં આનુષ્ઠાનિક કાર્યો રાજા દ્વારા જ કરવામાં આવતાં હતાં.

### 27.3.2 બ્રાહ્મણોની રાજકીય ભૂમિકા (Political Role of Brahmins)

વિજયનગર સામ્રાજ્યનું એક વિશિષ્ટ લક્ષણ, બ્રાહ્મણ વર્ગનું રાજનૈતિક તેમ જ ધર્મનિરપેક્ષ કાર્યકર્તાઓ તરીકે નહીં કે ધાર્મિક વડાના રૂપમાં મહત્ત્વ હતું. વહીવટી તંત્રમાં બ્રાહ્મણોનું સ્થાન હંમેશાં ઊંચું રહેતું અને તેમનું વર્ચસ્વ પણ સારા એવા પ્રમાણમાં હતું. મોટા ભાગના કિલ્લાના નાયકો બ્રાહ્મણો હતા. સાહિત્યિક સાધનો એ વાતનું સમર્થન કરે છે કે આ યુગમાં કિલ્લાઓનું ભારે મહત્ત્વ હતું. આ કિલ્લાઓનું નિયંત્રણ બ્રાહ્મણો, ખાસ કરીને તેલુગુ મૂળના, દ્વારા કરવામાં આવતું હતું.

આ સમયે મોટા ભાગના શિક્ષિત બ્રાહ્મણો વહીવટકાર અને હિસાબનીશ તરીકે રાજ્યના કર્મચારી બનવા ઇચ્છતા હતા. અહીં તેમને માટે ઉજ્જવળ જીવનનિર્વાહ માટેનાં સાધનોની વધુ સંભાવના હતી. શાહી સચિવાલય સંપૂર્ણપણે બ્રાહ્મણો દ્વારા ચાલતું હતું. આ બ્રાહ્મણો અન્ય બ્રાહ્મણોથી અલગ હતા : તેઓ તેલુગુ નિયોગી નામની ઉપજાતિ સાથે સંકળાયેલા હતા. આ બ્રાહ્મણો ધાર્મિક કાર્યોના સંદર્ભે વધુ પુરાતનપંથી ન હતા. બ્રાહ્મણો પ્રભાવશાળી રીતે રાજા માટે પ્રજાની દૃષ્ટિએ માન્યતા-કાયદેસરતા-સ્થાપવાનું કાર્ય કરતા હતા. વિદ્યારણ્ય નામના બ્રાહ્મણ અને તેના પરિજન સંગમા-બંધુઓના મંત્રી હતા. તેઓએ તેને પુનઃ હિંદુ ધર્મમાં સ્વીકારી તેની સત્તાને કાયદેસરની બનાવી હતી. બ્રાહ્મણોએ સેનાપતિ તરીકે વિજયનગરની સેનામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. દા.ત., કૃષ્ણદેવ રાયના સમયમાં બ્રાહ્મણ સલૂવ ટિમ્માને આર્થિક સહાયતા આપવામાં આવી કારણ કે તે રાજનૈતિક વ્યવસ્થાનો એક અંગભૂત હિસ્સો હતો. આ બ્રાહ્મણોનું કાર્ય સામ્રાજ્યના જુદા જુદા વિભાગોમાં કિલ્લાઓનું નિર્માણ અને તેની દેખરેખ રાખવા અંગેનું હતું. આ માટે તેને કેટલાંક શાહી ગામો(ભંડારવાડા)નું મહેસૂલ મળતું હતું. શાહી ગામો અને અમરમ ગામો(જેની આવક સ્થાનિક સૈનિક મુખિયાની અધીનતામાં રહેતી)માં ભેદરેખા દોરવામાં આવી હતી.

ટૂંકમાં, બ્રાહ્મણો રાજ્યના સંચાલનમાં મહત્ત્વનો ભાગ ભજવતા, પરંતુ રાજા દ્વારા ક્ષત્રિયો અને વૈશ્યોને પણ મંત્રીઓ તરીકે પસંદ કરવામાં આવતા હતા.

### 27.3.3 રાજાઓ, સંપ્રદાયો અને મંદિરો વચ્ચેના સંબંધો (Relationship between Kings, Sects and Temples)

દૂર આવેલા તામિલ જમીન વિસ્તારો પર પ્રભાવક નિયંત્રણ સ્થાપવાના હેતુસર વિજયનગરના શાસકોએ તામિલ વિસ્તારના વૈષ્ણવી સંપ્રદાયના મુખિયાઓનો સાથસહકાર લીધો હતો. તામિલ પ્રદેશમાં એક અજનબી હોવાથી વિજયનગરના શાસકો માટે પોતાની સત્તાને માન્યતા પ્રાપ્ત સત્તા તરીકે ઓળખાવવામાં મૂળભૂત તામિલ ધાર્મિક સંગઠનો જેવાં મંદિરોની સાથે સંબંધ સ્થાપિત કરવો જરૂરી બની ગયો હતો.

રાજાઓ, સંપ્રદાયો અને મંદિરો વચ્ચેના સંબંધોની નીચે મુજબના ચાર મુખ્ય આધારો પર વ્યાખ્યા કરી શકાય :

- રાજાશાહીને ટકાવી રાખવા માટે મંદિરો આધારભૂત હતાં.
- સંપ્રદાયનો મુખિયો રાજાઓ અને મંદિરો વચ્ચે એક કડીરૂપે કાર્ય કરતો હતો.
- જોકે મંદિરોની દેખભાળ સ્થાનિક સંપ્રદાયના વર્ગો દ્વારા કરવામાં આવતી હતી, છતાં મંદિરો સંબંધી વિવાદો ઉકેલવાનું કાર્ય રાજાના હસ્તક હતું.
- આ પ્રકારના વિવાદોમાં રાજાનો હસ્તક્ષેપ બંધારણીય નહીં, પરંતુ વહીવટી હતો.

ઈ.સ. 1350-1650ની વચ્ચે દક્ષિણ ભારતમાં કેટલાંય મંદિરોનું નિર્માણ થયું. ભૌતિક સંપત્તિના રૂપમાં મંદિરોને મળનાર અનુદાનો અને ભેટ-સોગાદોના પરિણામે વિજયનગર રાજ્ય તળે એક ખાસ કૃષિ અર્થવ્યવસ્થાએ જન્મ લીધો, જેનો અભ્યાસ અર્થવ્યવસ્થા તળેના શીર્ષક નીચે આગળ ઉપર કરીશું.

સંગમા વંશના પ્રારંભિક શાસકો શૈવ ધર્મના હતા, જેણે વિજયનગરના વિરુપક્ષા(પમ્પાપતિ)ના મંદિરનું પુનઃ નિર્માણ કર્યું. સલૂવ મુખ્યત્વે વૈષ્ણવ હતા, જેણે શૈવ અને વૈષ્ણવ બંનેનાં મંદિરોને સંરક્ષણ આપ્યું. તુલૂવ શાસક કૃષ્ણદેવ રાયે કૃષ્ણાસ્વામી મંદિર એટલે કે વૈષ્ણવ મંદિરનું નિર્માણ કર્યું અને શિવ મંદિરોને પણ અનુદાનો આપ્યાં. અરાવિડુ રાજાઓએ પણ વૈષ્ણવ મંદિરોને ઉપહાર પ્રદાન કર્યા.

## 27.4 સ્થાનિક વહીવટ (Local Administration)

આ યુગ પૂર્વેની સ્થાનિક સંસ્થાઓ - સભા, નાડુ અને ઉર - અંગે આગળ વિભાગ 3માં અભ્યાસ કરી ગયા. ચૌલોના સમયમાં પ્રાદેશિક સભા (નાડુ) અને સાથે ગામ સભાઓ(સભા અને ઉર)ની સત્તા કમજોર થઈ ગઈ. વિજયનગર સામ્રાજ્યના સમયમાં નાયક અને આયગાર વ્યવસ્થાનું પ્રભુત્વ હોવા છતાં આ સંસ્થાઓ સંપૂર્ણપણે લુપ્ત થઈ ન હતી.

### 27.4.1 નાયનકાર વ્યવસ્થા (The Nayankara System)

નાયનકાર વ્યવસ્થા કે પ્રાંતીય શાસન વ્યવસ્થા વિજયનગરના રાજકીય સંગઠનની એક મહત્ત્વપૂર્ણ વિશેષતા હતી. વહીવટી સરળતાને માટે વિજયનગરના શાસનતંત્રમાં સામ્રાજ્યને પ્રાંતોમાં વહેંચવામાં આવેલું. તેને 'રાજ્ય', 'મન્ડલ' કે 'ચાવડી' કહેતા. ડૉ. એ. એલ. શ્રીવાસ્તવના ઉલ્લેખ પ્રમાણે

વિજયનગરનું સામ્રાજ્ય છ પ્રાંતોમાં વહેંચાયેલું હતું. પ્રત્યેક પ્રાંતના વહીવટને માટે એક અધિકારીની નિમણૂક કરવામાં આવતી જેને 'નાયક' કહેવામાં આવતો. પ્રાંતોમાં તે રાજાનો પ્રતિનિધિ ગણાતો. સામાન્યતઃ રાજકુટુંબની જ કોઈ વ્યક્તિને અથવા રાજ્યના મોટા સામંતને આ હોદ્દા પર નીમવામાં આવતો. દરેક નાયકને તેના પ્રાંતમાં મુલ્કી, લશ્કરી અને ન્યાયિક સત્તાઓ આપવામાં આવતી. આ બાબતોમાં તે પોતાની સ્વતંત્ર નીતિ અપનાવી શકતો અને મહત્ત્વની બધી જ નિમણૂકો તેને હસ્તક રહેતી. પરંતુ તેણે નિયમિતપણે કેન્દ્ર કે મધ્યસ્થ સરકારને પોતાના પ્રાંતની આવકજાવકનો હિસાબ રજૂ કરવો પડતો. રાજાને જરૂર પડે ત્યારે તેણે લશ્કરી મદદ લઈને હાજર રહેવું પડતું. પ્રાંતોની આવકનો 1/3 ભાગ તેણે મધ્યસ્થ સરકારને મોકલવો પડતો અને 2/3 જેટલો ભાગ તે પોતાની પાસે રાખી શકતો. એ આવકમાંથી તેને પોતાના પ્રાંતોનો વહીવટી ખર્ચ અને લશ્કર માટેનો ખર્ચ ઉપાડવાનો હતો. જો આ નાયક રાજદ્રોહ કરે અથવા તો પ્રજાને પીડે તો તેને કડક શિક્ષા કરવામાં આવતી. ટૂંકમાં જોઈએ તો વિજયનગરના શાસનતંત્રમાં પ્રાંતીય શાસન કે નાયનકાર વ્યવસ્થામાં એક પ્રકારનું વિકેન્દ્રીકરણ જોવા મળે છે. પ્રાંતમાં નાયકનું સ્થાન એક સામંત જેવું ગણાવી શકાય. જો રાજા નબળો હોય તો આવા શક્તિશાળી પ્રાંતીય નાયકો વિદ્રોહ કરતા. વિજયનગર સામ્રાજ્યના વિઘટનમાં તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ નાયક-સંસ્થાનો ઊંડો અભ્યાસ બે પોર્ટુગીઝ યાત્રીઓ ફરનાઓ નૂનિઝ અને ડોમેન્ગો પાયસ દ્વારા કરવામાં આવ્યો, જેણે 16મી સદીમાં તુલૂવ વંશના કૃષ્ણદેવ રાય અને અચ્યુત રાયના શાસનકાળમાં ભારતની યાત્રા કરી હતી. તેઓએ નાયકોને મહજરાયો(કેન્દ્રીય કે મધ્યસ્થ સરકાર)ના પ્રતિનિધિ તરીકે ઓળખાવ્યા છે. વિજયનગરના અભિલેખો અને પછીથી મૅકેન્ઝીની પાંડુલિપિઓ નાયકોનું પ્રાદેશિક નાયકો તરીકેનું ચિત્રણ કરે છે. એન. કે. શાસ્ત્રીએ 1565 પહેલાંના અને પછીના નાયકો વચ્ચે એક ભેદરેખા દોરી છે. પહેલાં આ નાયકો સંપૂર્ણપણે શાસકો પર નિર્ભર હતા, જ્યારે પાછળથી આ નાયકો અર્ધ સ્વતંત્ર થઈ ગયા હતા. પરંતુ આ પછી એન. કે. શાસ્ત્રીએ પોતાના અભિપ્રાયને બદલતાં 1565 પહેલાંના નાયકોને સેનાના મુખિયા તરીકે ઓળખાવ્યા જેની અધીનતામાં લશ્કરી જાગીરો હતી. એક અદ્યતન કૃતિ 'સોર્સિઝ ઓફ ઇન્ડિયન હિસ્ટ્રી'માં તેઓએ વિજયનગર સામ્રાજ્યને એક સૈનિક મહાસંઘ ગણ્યું છે, જેમાં કેટલાય સરદારો-મુખીઓ મળીને પોતાનામાંથી સૌથી વધુ શક્તિશાળી એવા સરદારના નેતૃત્વમાં સહયોગ કરતા હતા. તેઓએ એ બાબત પર ભાર મૂક્યો છે કે ઈસ્લામના વધતા જતા ખતરાને જોઈને વિજયનગરના શાસકોએ સૈન્ય-શક્તિ અને ધર્મ પર ભાર મૂકવો પડ્યો હતો. કૃષ્ણાસ્વામી નાયક વ્યવસ્થાને સામંતશાહી વ્યવસ્થા તરીકે ઓળખાવે છે. પરંતુ વેંકટરમણ્યાનું કહેવું છે કે નાયક વ્યવસ્થામાં યુરોપીય સામંતવાદનાં મુખ્ય લક્ષણો જેમ કે સ્વામીભક્તિ, સન્માન અને પેટા-સામંતીકરણ વગેરેની ગેરહાજરી જણાય છે. આ જ રીતે ડી.સી. સરકાર પણ આ સિદ્ધાંતનું ખંડન કરતાં સામંતવાદના એક પરિવર્તિત રૂપમાં તેની એક પ્રકારની જમીનદારી પ્રજા તરીકે વ્યાખ્યા કરે છે, જેમાં રાજા દ્વારા સૈનિકસેવાઓ માટે અમરનાયકોને જમીન વહેંચવામાં આવતી હતી.

આમ ડી. સી. સરકાર અને ટી. વી. મહાલિંગમ્ વિજયનગરના નાયકોને યોદ્ધાઓના રૂપમાં રજૂ કરે છે, જેને મધ્યસ્થ સરકાર દ્વારા સૈનિકસેવાના બદલામાં પદ આપવામાં આવતું હતું. અમરનાયક તે સૈનિક અધિકારીને કહેવામાં આવતો હતો, જેના તાબે ચોક્કસ સંખ્યામાં લશ્કરી ટુકડીઓ રહેતી હતી. આ નાયકોને જમીન કે પ્રદેશમાં મહેસૂલી અધિકાર મળેલ હતા, જે અમરમ (અમરમકરા કે અમરામ- હાલી) કહેવાતા હતા. તામિલ પ્રદેશ અને વિજયનગર સામ્રાજ્યમાં જમીનનો લગભગ 3/4 ભાગ તેની નીચે આવતો હતો. નાયકોની જવાબદારી અને ગતિવિધિઓમાંથી કેટલીક આ પ્રમાણે હતી : મંદિરોને ઉપહાર આપવો, તળાવોનું નિર્માણ કરવું, ઉજ્જડ જમીનને ફરીથી ઉપજાઉ બનાવવી અને મંદિરો પાસેથી શુલ્ક વસૂલ કરવું. તોપણ, તામિલ અભિલેખો રાજા કે તેના અધિકારીઓને નાયકો દ્વારા વળતરનો કોઈ ઉલ્લેખ કરતા નથી.

મૅકેન્ઝીની પાંડુલિપિઓના આધારે કૃષ્ણાસ્વામી એવું તારણ કાઢે છે કે વિજયનગરના સેનાપતિઓએ કાળાંતરે સ્વતંત્ર નાયક રાજ્યોની સ્થાપના કરી. આ ખતરાથી બચવા માટે વિજયનગરના સમ્રાટોએ દરિયાઈ વ્યાપાર પર વધારે નિયંત્રણનો પ્રયાસ કર્યો, જે ઘોડાની લે-વેચ માટે મહત્ત્વપૂર્ણ હતો. તેઓએ સારી નસ્લના ઘોડાઓ માટે ઊંચા ભાવો આપી આ વ્યાપાર પર પોતાનો એકાધિકાર સ્થાપિત કરવા પ્રયાસ કર્યો અને વફાદાર સૈનિકોની સુરક્ષિત સેના બનાવી. આ રીતે, જ્યાં એક બાજુ તેલુગુ નાયક વિજયનગર સામ્રાજ્યની સત્તાના સ્રોત હતા, તો બીજી બાજુ તેઓ તેના હરીફો પણ હતા.

## 27.4.2 આયગાર વ્યવસ્થા (The Ayagar System)

વિજયનગર સામ્રાજ્યના યુગ દરમિયાન સ્વાયત્ત સ્થાનિક સંસ્થાઓને, ખાસ કરીને તામિલ ભાગમાં, આઘાત પહોંચ્યો. વિજયનગર સામ્રાજ્યના સમય પહેલાં કર્ણાટક તથા આંધ્રમાં સ્થાનિક સંસ્થાઓની

પાસે તામિલ વિસ્તારોની અપેક્ષાએ ઓછી સ્વાયત્તતા હતી. વિજયનગર સામ્રાજ્યના યુગ દરમિયાન કર્ણાટકમાં સ્થાનિક ક્ષેત્રીય વિભાજન બદલી નાખવામાં આવ્યું. તોપણ, આયગાર વ્યવસ્થા ચાલુ રહી અને સંપૂર્ણ વિશાળ ક્ષેત્રમાં વ્યાપક પાયે પ્રચલિત હતી. 15-16 સદીના મધ્યમાં નાડુ અને નટ્ટારની ક્ષીણ થતી જતી સત્તાના પરિણામે તામિલ પ્રદેશમાં તેનો વિસ્તાર થયો. આયગાર ગ્રામ-સેવક અથવા કર્મચારીઓ હતા તથા તેના અંતર્ગત પરિવારોના સમૂહો આવતા હતા - મુખિયાગણ (રેડ્ડી, ગૌડા, મનિયમ), હિસાબનીશ (કરનમ સેન ભોવા) અને ચોકીદાર (તલાઈયારી). તેઓને ગામનો એક ભાગ કે ગામમાં એક જમીનનો ટુકડો દેવામાં આવતો હતો. ક્યારેક ક્યારેક તેઓએ એક ચોક્કસ રકમ ભરવી પડતી હતી, પરંતુ સામાન્ય રીતે જમીનનો આ ટુકડો **'માન્યા'** એટલે કે કર-મુક્ત હતો, કારણ કે તે ખેતીની આવક પર કોઈ નિયમિત કર નાખવામાં આવતો ન હતો. કેટલાક વિશિષ્ટ સંજોગોમાં ગ્રામ્ય કર્મચારીઓને રોકડ સ્વરૂપે તેની સેવાના બદલામાં ચૂકવણું કરવામાં આવતું હતું. અન્ય ગ્રામસેવકો જેમ કે ધોબી કે પૂજારીને પણ આનુષ્ઠાનિક કાર્યો અને ગામના વિવિધ સમુદાયોની સેવા માટે વળતર તરીકે જમીન આપવામાં આવતી હતી. અન્ય સામાન્ય સેવા દેનાર ગ્રામસેવકોમાં મોચી, જેના બનાવેલ ચામડાના થેલા સિંચાઈનાં સાધનો(કયિતા કે મોહતે)માં ઉપયોગી હતાં, કુંભાર, લુહાર, સુથાર, પાણીવાળો (નિરનિક્કરઃ જે સિંચાઈ માર્ગની દેખરેખ રાખતો હતો) વગેરે હતા. આયગાર વ્યવસ્થાની એક એ વિશિષ્ટતા હતી કે જમીનમહેસૂલ દ્વારા મળતી આવકની વિશેષ વહેંચણી તથા ચોક્કસ રોકડ વળતર પ્રથમ વાર ગ્રામસેવકો(જેનું એક ચોક્કસ કાર્ય હતું)ને કરવામાં આવ્યું હતું.

ટૂંકમાં, સ્થાનિક તંત્રનું એકમ ગામડું-અને દરેક ગામડું મહદ્ અંશે સ્વાયત્ત અને સ્વાવલંબી હતું. આયગાર વ્યવસ્થા ગ્રામકક્ષાએ એક મહત્ત્વપૂર્ણ સંગઠનાત્મક વિશેષતા હતી. ઉત્તર ભારતની માફક ગ્રામ પંચાયતોની જેમ અહીં દક્ષિણ ભારતમાં ગ્રામસભા હતી, જેના હાથમાં ગામડાંની બધી જ વહીવટી (કારોબારી, ન્યાયકીય તેમ જ પોલીસ) સત્તા હતી. અલબત્ત, આ બધાં કાર્યો માટે હિસાબનીશ, ગ્રામરક્ષક, મજૂરો પાસે વેઠ કરાવવાવાળો અમલદાર વગેરેની નિમણૂક કરવામાં આવતી તથા તેમની સહાયતાથી ગ્રામસભા વહીવટ ચલાવતી. આ બધા અધિકારીઓને તેમનાં કામ બદલ કાં તો જમીન આપવામાં આવતી અથવા તો મહેસલૂમાંથી અમુક ટકા બાંધી આપવામાં આવતા. આ ગ્રામસભાઓમાં મુખ્યત્વે વેપારીમંડળો તથા કારીગરોની શ્રેણીઓનું પ્રતિનિધિત્વ રહેતું. પ્રત્યેક ગામડાના આ પ્રકારના વહીવટ પર મધ્યસ્થ સરકારની દેખરેખ રહેતી. તે માટે 'મહાનાયકાચાર્ય' નામના અધિકારીની નિયુક્તિ કરવામાં આવતી હતી.

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. વિજયનગર સામ્રાજ્યમાં બ્રાહ્મણોની ભૂમિકા અને કાર્યો જણાવો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2. નીચેનાની વ્યાખ્યા આપો.

   1. અમરસ

   ..........................................................................................
   ..........................................................................................

   2. ભંડારાવાડા

   ..........................................................................................
   ..........................................................................................

   3. દુર્ગ દાનનાયક

   ..........................................................................................
   ..........................................................................................

3. નાયનકાર વ્યવસ્થા અંગે ટૂંકી નોંધ લખો.

..............................................................................................

..............................................................................................

4. આયગાર વ્યવસ્થાની સમજૂતી આપો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

## 27.5 અર્થવ્યવસ્થા (Economy)

આ ભાગમાં વિવિધ પ્રકારની જમીન તથા આવક સંબંધી અધિકારો તથા મંદિરોની આર્થિક ભૂમિકા અંગે અભ્યાસ કરીશું. આપણે વિદેશો સાથેના વ્યાપાર અને આંતરરાજ્ય વ્યાપારનાં વિવિધ પાસાંઓ તથા શહેરી જીવનનો પણ અભ્યાસ કરીશું.

### 27.5.1 જમીન તથા આવક અંગેના અધિકાર (Land and Income Rights)

વિજયનગર સામ્રાજ્યમાં ચોખાનું ઉત્પાદન મુખ્ય હતું. કોરોમંડલથી શરૂ કરી પૂલિકટ સુધી કાળા અને ધોળા એમ બંને પ્રકારના ચોખાનું ઉત્પાદન લેવામાં આવતું હતું. આ સિવાય કઠોળ જેવી ખાદ્ય સામગ્રી પણ ઉગાડવામાં આવતી હતી. બીજાં મહત્ત્વપૂર્ણ ઉત્પાદનોમાં ગરમ મસાલા એમાંય ખાસ કરીને કાળાં, તીખાં, નારિયેળ અને સોપારી મુખ્ય ગણાવી શકાય. અન્ય મધ્યયુગીન રાજ્યોની જેમ વિજયનગરના રાજ્યની આવકનું મુખ્ય સાધન પણ જમીનમહેસૂલ હતું. તેને **'સિસ્ત'** કહેતા અને તેને માટે એક અલગ ખાતાની યોજના કરવામાં આવી હતી જેને **'અથવને'** કહેવામાં આવતું. જમીન-મહેસૂલના દરની આકરણી માટે જમીનના ત્રણ પ્રકારો નક્કી કરવામાં આવ્યા હતા : ખેતીલાયક જમીન, સૂકી જમીન અને જંગલ અને બાગાયતવાળી જમીન. દરેક પ્રકારની જમીન ધરાવનારે કઈ રીતનું મહેસૂલ આપવું તે અંગે વિગતવાર નિયમો ઘડી કાઢવામાં આવ્યા હતા. સતત યુદ્ધકીય પરિસ્થિતિને કારણે, પ્રાચીન હિંદનાં ધોરણો મુજબ વિજયનગર રાજ્યને કુલ ઊપજના 1/6 ભાગનું જમીનમહેસૂલ લેવું પોસાય તેમ ન હતું, છતાં જમીનની ફળદ્રુપતાને ધોરણે મહેસૂલની માગણીમાં વધારો-ઘટાડો જરૂર કરવામાં આવતો હતો. બ્રાહ્મણો અને મંદિરો પર આ જમીનમહેસૂલ ક્રમશઃ 1/20 ભાગ અને 1/30 ભાગ હતું. આ જમીન મહેસૂલ રોકડ કે વસ્તુ એમ બંને રીતે આપી શકાતું હતું. આપણને જમીન વહેંચણી અંગે ત્રણ મુખ્ય વર્ગોનો સંદર્ભ મળે છે : આમરા, ભંડારાવાડા અને માન્યા. આ ગામડાંની આવકનું વિભાજન દર્શાવે છે. ભંડારાવાડા રાજાના આધિપત્ય તળેનાં ગામડાંઓ હતાં. આ વર્ગ સૌથી નાનો હતો. તેની આવકનો એક ભાગ વિજયનગરના કિલ્લાઓના ઉપયોગ માટે થતો હતો. **માન્યા** (કરમુક્ત) ગામડાંઓની આવકનો ઉપયોગ બ્રાહ્મણો, મંદિરો અને મઠોની દેખભાળ માટે થતો હતો. સૌથી મોટો વર્ગ **'આમરા'** ગામડાંઓનો હતો જેને વિજયનગરના શાસકો દ્વારા **અમરનાયકોને** પ્રદાન કરવામાં આવ્યાં હતાં. આમરા ગામડાંઓની જમીન ઉપર અમરનાયકોનો કોઈ માલિકી હક ન હતો, પરંતુ તેમાંથી થનાર આવક પર તેમનો વિશેષાધિકાર હતો. આમરા પટ્ટાદારી આ અર્થમાં મુખ્યતયા બાકી રહેતી સંપત્તિ હતી, જેમાંથી બ્રાહ્મણો અને કિલ્લાઓ માટે કપાત કર્યા પછી તેનું વિતરણ થતું હતું. તમામ ગામડાંઓનો ત્રણ-ચતુર્થાંશ ભાગ આ વર્ગમાં આવતો હતો. મોટા ભાગના ઇતિહાસકારો અમરમકની શબ્દનો અર્થ 'જાગીર' કે 'જમીનસંપત્તિ' એવો કરે છે, પરંતુ તેનો શાબ્દિક અર્થ 1/16મો ભાગ (મકની) થાય છે. આથી સંકેત મળે છે કે અમરનાયક ગામડાની આવકના એક મર્યાદિત ભાગ પર જ દાવો કરી શકતા હતા. આ સમયમાં માન્યા અધિકારોમાં પણ પરિવર્તન થયું. રાજ્ય દ્વારા જમીનની વહેંચણી વ્યક્તિગત રૂપે બ્રાહ્મણો અને બ્રાહ્મણોના સમૂહો સાથે જ મઠો જેમાં બ્રાહ્મણ સિવાયના શિવ સિદ્ધાંતો અને વૈષ્ણવ ગરઓનો પણ સમાવેશ થતો હતો

વગેરેને આપવામાં આવતી હતી. પરંતુ રાજ્ય દ્વારા આપવામાં આવતાં અનુદાનોમાં તુલનાત્મક રૂપે દેવદાન અનુદાન એટલે કે મંદિરને અપાતું અનુદાન, એમાં ખૂબ જ વધારો થયો.

જમીનમહેસૂલ ઉપરાંત રાજ્ય તરફથી ઘરવેરો, ચરાઈવેરો, લગ્નવેરો વગેરે વેરા લેવામાં આવતા. આ ઉપરાંત માલ પરની જકાત, રસ્તા પરના વેરા, બાગ-બગીચા પરના વેરા, વેચાણવેરો, કારીગરો, કુંભાર, ધોબી, મોચી, હજામ, સાધુ, દેવળ અને ગણિકાઓ પર પણ કર લેવામાં આવતો. સંપત્તિ-વેરાની પણ જોગવાઈ હતી. ગામવાસીઓએ ગામના અધિકારીઓના ભરણપોષણ માટે પણ કંઈક આપવાનું રહેતું હતું. આ સિવાય **સ્થળ દાયમ, માર્ગ દાયમ** અને **મગુલા દાયમ**—આ ત્રણ મુખ્ય પરિવહન વેરા હતા. આ બધામાંથી રાજ્યને સારી એવી આવક થતી. લોકો આ બધા જ કર રોકડ રકમમાં કે વસ્તુરૂપે આપી શકતા. એક રીતે જોઈએ તો વિજયનગર સામ્રાજ્યમાં પ્રજાને માથે કરવેરાનું ભારણ વધારે પ્રમાણમાં હતું તેમ કહી શકાય. ઉપરાંત પ્રાંતીય નાયકો તથા મહેસૂલી અધિકારીઓ પણ પ્રજા પાસેથી વધારે રકમ કે વસ્તુઓ પડાવવા માટે પ્રયત્નશીલ રહેતા. છતાં બીજી રીતે જોઈએ તો રાજ્ય પ્રજાની નાનામાં નાની તકલીફો દૂર કરવા માટે હંમેશાં તૈયાર રહેતું. અલબત્ત, આ અંગે રાજ્યના વહીવટી તંત્રનું ધ્યાન દોરવું જરૂરી હતું. કેટલીક વાર કપરી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને કરવેરામાં ઘટાડો કરવામાં આવતો અથવા તો કેટલાક કરો સાવ માફ પણ કરવામાં આવતા. વળી, લોકો રાજ્ય પાસે સીધેસીધા દાદ માગવા જઈ શકતા અને ડૉ. આર. સી. મજુમદાર નોંધે છે તેમ તેમની ફરિયાદો તરફ પૂરતું ધ્યાન આપવામાં આવતું.

જમીન અધિકારની એક અન્ય શ્રેણી તળે સિંચાઈમાં નાણાં રોકાણ દ્વારા આવક પ્રાપ્ત કરવામાં આવતી હતી. આ યોજના તામિળક્ષેત્રમાં **દસાવન્દા** અને આંધ્ર તથા કર્ણાટકમાં **કાટ્ટુ-કોડગે**ના નામે ઓળખાતી હતી. સિંચાઈ સંબંધિત આ પ્રકારની કૃષિ પ્રવૃત્તિઓ અર્ધા સૂકા ભાગો(semi dry areas)માં થતી હતી, જ્યાં પાણીવાળા અને અમુક ચોક્કસ ભૂમિભાગનું લક્ષણ વિકાસાત્મક કાર્યો માટે બંધ બેસતું હતું. દસાવન્દા અને કાટ્ટુ-કોડગે આ પ્રકારના વિકાસકાર્ય જેમ કે કોઈ તળાવ કે નહેરનું નિર્માણ કરનાર વ્યક્તિ દ્વારા મેળવવામાં આવેલ વધારે ઉત્પાદકતાનો એક હિસ્સો હતો. આવક પરનો આ અધિકાર વ્યક્તિગત તથા હસ્તાંતરણને પાત્ર હતો. આ પ્રકારે વધેલી ઉત્પાદકતાનો એક ભાગ એ ગામના ખેડૂતોને ફાળે જતો જ્યાં વિકાસ અંગેનાં કાર્યો કરવામાં આવતાં હતાં.

## 27.5.2 મંદિરોની આર્થિક ભૂમિકા (Economic Role of Temples)

વિજયનગર સામ્રાજ્યના સમય દરમિયાન મંદિરો મહત્ત્વપૂર્ણ જમીનસ્વામી બન્યાં. સેંકડો ગામડાંઓનું દાન એ દેવી-દેવતાઓને આપવામાં આવ્યું. જેની પૂજા વિશાળ મંદિરોમાં થતી હતી. મંદિર અધિકારી 'દેવદાન' ગામડાંઓની વ્યવસ્થા અનુદાનના યોગ્ય ઉપયોગ માટે કરતા હતા. દેવદાન ગામડાંની આવકમાંથી ધાર્મિક કર્મચારીઓનું પોષણ થતું હતું. તેનો ઉપયોગ આનુષ્ઠાનિક કાર્યો માટે ખાદ્યસામગ્રી ચઢાવવી અથવા અન્ય સામગ્રીઓ(મોટે ભાગે સુગંધિત વસ્તુઓ અને વસ્ત્રો)ની ખરીદી માટે કરવામાં આવતો હતો. રાજ્ય દ્વારા મંદિરોને આનુષ્ઠાનિક પ્રયોજનના હેતુ માટે રોકડ ધર્મદાન પણ આપવામાં આવતાં હતાં.

મંદિરો દ્વારા સિંચાઈ સંબંધી કાર્યો પણ કરવામાં આવતાં હતાં. દેવદાન જમીનપ્રાપ્ત મોટાં મંદિરોમાં એક સિંચાઈ વિભાગ રહેતો હતો, જેનું કાર્ય મંદિરોને મળેલ મુદ્રાદાનોનો સમુચિત ઉપયોગ કરવાનું હતું. મંદિરોને રોકડમાં દાન આપનારને વધારાના ઉત્પાદનમાંથી મળેલ પ્રસાદનો એક ભાગ મળતો હતો.

હકીકતમાં મંદિરો દક્ષિણ ભારતની આર્થિક પ્રવૃત્તિઓનું એક મુખ્ય કેન્દ્ર હતાં. આ મંદિરો માત્ર વિશાળ જમીનના સ્વામીઓ જ ન હતાં, પરંતુ બૅન્કિંગ પ્રવૃત્તિઓ સાથે પણ જોડાયેલાં હતાં. આ મંદિરોએ કેટલાય લોકોને રોજી-રોટી આપી હતી. મહાલિંગમ્ એક અભિલેખનો ઉલ્લેખ કરે છે, જેમાં એક મંદિરમાં 370 જેટલા સેવકો હોવાનું વર્ણન છે. આનુષ્ઠાનિક સેવાઓ માટે મંદિર સ્થાનિક સાજ-સામાન ખરીદતાં હતાં. આર્થિક હેતુઓ માટે તે વ્યક્તિઓ અને ગ્રામસભાઓને ઋણ આપતાં હતાં. આ ઋણ જમીનના બદલામાં આપવામાં આવતું હતું, જેની આવક મંદિરોને મળતી હતી. તિરુપતિ મંદિરને રાજ્ય તરફથી મળતા રોકડ ધર્મદાનોનું પુન: સિંચાઈ કાર્યોમાં રોકાણ થતું હતું. આના પરિણામે પ્રાપ્ત થનાર આવકનો ઉપયોગ ધાર્મિક કાર્યો માટે કરવામાં આવતો હતો. શ્રીરંગમ્ મંદિરમાં રોકડ અનુદાનોનો ઉપયોગ ત્રિચીનાપલ્લીના વ્યાપારી સંઘોને વ્યાવસાયિક ઋણ દેવા માટે કરવામાં આવતો હતો. મંદિરોને પોતાના વ્યાપારી સંઘો હતા, જે પોતાના ફંડનો ઉપયોગ વિભિન્ન ઉદ્દેશો માટે કરતા હતા. આ રીતે, મંદિરો લગભગ એક સ્વતંત્ર આર્થિક વ્યવસ્થાના રૂપમાં કાર્ય કરતાં હતાં, જેમાં વ્યક્તિ અને સંસ્થાઓ આર્થિક સંબંધો દ્વારા બંધાયેલાં હતાં.

### 27.5.3 વિદેશ વ્યાપાર (Foreign Trade)

વિદેશ વ્યાપાર અંગેની જાણકારી આપણને કૃષ્ણદેવ રાયના અમુક્તામાલ્યદા, 15મી અને 16મી સદીમાં વિજયનગરની મુલાકાત લેનાર પરદેશી મુસાફરો - નિકોલો કોન્ટી, અબ્દુર્રઝાક, ડોમેન્ગો પાએઝ, ડુઆર્ટે બાર્બોસા અને નૂનિઝ-દ્વારા મળે છે. તેમાં અશ્વવ્યાપારનું રોચક વર્ણન મળે છે. ભારતીયોની ભૂમિકા વિદેશી વ્યાપારમાં ઓછાંમાં ઓછી હતી. બાર્બોસાના વિવરણ મુજબ, ભારતના દરિયાઈ વ્યાપાર પર મુસ્લિમ સોદાગરોનું સંપૂર્ણપણે નિયંત્રણ હતું. વિજયનગરના શાસકો દ્વારા તેની સાથે સારો વ્યવહાર કરવામાં આવતો હતો. તે ઉપરાંત બાર્બોસા જણાવે છે કે રાતા સમુદ્ર તરફથી પરત આવતા સમ્રાટ તેઓને સ્થાનિક લેણદેણમાં સહાયતાના હેતુથી એક નાયર અંગરક્ષક, ચેટ્ટી-હિસાબનીશ અને એક દલાલ આપતા. તેની પ્રતિષ્ઠા એટલી હતી કે **કાયલ**માં મોતી ગોતવાના કાર્ય અંગે સમ્રાટના એકાધિકારને પણ એક મુસ્લિમ સોદાગરને આપી દેવામાં આવ્યો હતો. અશ્વવ્યાપાર ઉપર આરબો અને પાછળથી પોર્ટુગીઝોનું નિયંત્રણ હતું. ઘોડાઓને આરબ, સીરિયા અને તુર્કીના પશ્ચિમી સમુદ્રીય બંદરો પર લાવવામાં આવતા હતા. ગોવા દ્વારા વિજયનગર અને સાથોસાથ દખ્ખણી સલ્તનતોને ઘોડાની જરૂરિયાતો પૂરી પાડવામાં આવતી હતી. લશ્કરી દષ્ટિએ દક્ષિણનાં રાજ્યો માટે ઘોડાનું ખૂબ જ મહત્ત્વ હતું. કારણ કે ભારતમાં સારી ઓલાદના ઘોડા પેદા થતા ન હતા. તે સિવાય હાથીદાંત, મોતી, મસાલા, મૂલ્યવાન પથ્થર, નારિયેળ, તાડ-ગોળ, મીઠું વગેરે પણ આયાત કરવામાં આવતાં હતાં. મોતી ઈરાનની ખાડી અને લંકા તથા કીંમતી પથ્થરો પેગુથી મંગાવવામાં આવતા હતા. મક્કાથી મલમલ અને ચીનથી જાજમ, રેશમી, જરીદાર તેમ જ બુટ્ટાવાળા કાપડની આયાત કરવામાં આવતી હતી. સફેદ ચોખા, શેરડી અને લોખંડની મુખ્યત્વે નિકાસ કરવામાં આવતી હતી. વિજયનગરથી હીરાની આયાત થતી હતી. નૂનિઝ વર્ણન કરે છે કે તેની હીરાની ખાણો વિશ્વમાં સૌથી મોટી હતી. મુખ્ય ખાણો કૃષ્ણા નદીના કિનારા પર અને કુરનૂલ તથા અનંતપુરમાં આવેલી હતી. તેના પરિણામે વિજયનગર અને મલાબારમાં હીરા, નીલમ અને માણેક જેવા બહુ મૂલ્યવાન પથ્થરોને કાપવા તથા તેના ઘાટ ઘડવાના મોટા ઉદ્યોગો વિકાસ પામ્યા હતા.

વિદેશી પ્રવાસીઓના એકસરખા અહેવાલો ઉપરથી એટલું તો ચોક્કસપણે સિદ્ધ થાય છે કે વિજયનગરનું સામ્રાજ્ય આર્થિક દષ્ટિએ સમૃદ્ધ અને તેની પ્રજા સુખી અને આબાદ હતી. અહીંના શાસકોએ ખેતીને સારું ઉત્તેજન આપ્યું હતું. વણાટકામ, ધાતુકામ, વહાણ બાંધકામ, જર-ઝવેરાતનું કામ, હાથીદાંતની બનાવટો, અત્તરોનું ઉત્પાદન વગેરે ઉદ્યોગ-ધંધા વિકસેલા હતા. વેપાર-વાણિજ્યનો વિકાસ વિવિધ સંઘોને આભારી હતો. જમીન અને દરિયાઈ માર્ગે ધીકતો વેપાર ચાલતો. અબ્દુર્રઝાકના ઉલ્લેખ મુજબ વિજયનગર સામ્રાજ્યમાં 300 બંદરો હતાં. ટૂંકમાં વિજયનગરની પ્રજા આર્થિક દષ્ટિએ સમૃદ્ધ અને સુખી હતી.

### 27.5.4 આંતરિક વ્યાપાર અને શહેરી જીવન (Internal Trade and Urban Life)

સમકાલીન વિદેશી વૃત્તાંત નિવેદકો જણાવે છે કે વિજયનગરના શાસકોના સમયમાં સ્થાનિક લાંબા અંતરના વ્યાપારમાં વધારો થયો. નગરો વચ્ચે યાત્રિકો માટે રસ્તાઓ અને અન્ય સંબંધિત સુવિધાઓ ઉત્તમ પ્રકારની હતી. થોડા અંતર સુધી ખાદ્યસામગ્રીની હેરફેર માટે ગાડાંઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. નદી કિનારાના નૌકા પરિવહન ખાસ કરીને પશ્ચિમી કિનારા પર અપ્રવાહી પાણી વ્યવસ્થાનો સંદર્ભ પણ મળે છે. લાંબા અંતરના પરિવહન માટે ભારવહન કરતાં પશુઓનો ઉલ્લેખ મળે છે. સામ્રાજ્યના કેટલાક ભાગોમાં રસ્તાઓ પરના પરિવહન માટે સુરક્ષાના હેતુ માટે સશસ્ત્ર રક્ષકોનો ઉપયોગ કરવામાં આવતો હતો. પ્રભાવશાળી સ્થાનિક વ્યક્તિઓએ વ્યાપારનું મહત્ત્વ સમજીને શહેર આધારિત વ્યાપાર અને પૂરક વ્યાપારને નિયમિત અને ચોક્કસ સમયે મેળાઓમાં પ્રોત્સાહન પૂરું પાડ્યું. ઉત્સવના સમયે મંદિરો તરફ જતા માર્ગો પર નિયમિત અને ચોક્કસ સમયે મેળાઓનું આયોજન થતું હતું. આ પ્રકારના મેળાઓનું આયોજન નજીકના કસબાઓના વ્યાપારી સંઘો દ્વારા કરવામાં આવતું હતું અને તેની તમામ સારસંભાળ વ્યાપારી સંઘના અધ્યક્ષ દ્વારા લેવામાં આવતી હતી, જેને પટ્ટન સ્વામી કહેવામાં આવતો. સ્થાનિક પ્રભાવશાળી લોકો, જેવા કે ગૌડા યા નાડુના મુખિયાના આદેશો પર શહેરી વ્યાપારને પ્રોત્સાહન આપવા માટે મેળાઓનું આયોજન થતું હતું. 14મીથી 16મી સદીઓ વચ્ચેના સાહિત્યિક અને અભિલેખીય પ્રમાણો 80 મુખ્ય વ્યાપારી કેન્દ્રો હોવાનું જણાવે છે. કેટલાંક શહેરો ધાર્મિક હતાં તો અન્ય વ્યાપારી અને વહીવટી કેન્દ્રોના અસ્તિત્વને પ્રકટ કરે છે. આ નગરોમાં કેટલાંય બજાર હતાં. જ્યાં વ્યાપારીઓ દ્વારા ધંધો કરવામાં આવતો હતો. આ વ્યાપારીઓ શહેરોને ભાડું ચૂકવતા. ખાસ ચીજવસ્તુઓનાં બજાર પણ અલગ રહેતાં. કૃષિ સંબંધી અને ગેર-કૃષિ સંબંધી ઉત્પાદનોનાં બજાર જમણે અને ડાબી બાજુ જાતિ સંબંધોને અનુરૂપ અલગ-અલગ રહેતાં,

તીર્થયાત્રિકો માટે પવિત્ર આહારનો વ્યવસાય અને આનુષ્ઠાનિક કાર્યો અને પદોના અધિકારની ખરીદી મંદિર-સંબંધિત શહેરી વ્યાપારનાં મહત્ત્વપૂર્ણ અંગો હતાં.

ઈટાલિયન મુસાફર નિકોલો કૉન્ટી લખે છે કે ''બિઝેન્ગલિયા (વિજયનગર) શહેર રોમ જેટલું મોટું છે... દુનિયામાં એ સૌથી વધુ ભાદર્યું શહેર છે અને દરેક વસ્તુઓની અહીં રેલમછેલ છે.'' ઈરાનના બાદશાહ શાહરુખના એલચી તરીકે અબ્દુર્રઝાક ઈ.સ. 1442માં વિજયનગરની મુલાકાતે આવેલો. તે લખે છે કે ''આંખોએ કદી જોયેલું ન હોય અને આખી પૃથ્વી પર કદી સાંભળ્યું ન હોય એવું આ વિજયનગરનું શહેર છે.'' ઈ.સ. 1516માં આવેલો પોર્ટુગીઝ મુસાફર ડુઆર્ટ બાર્બોસા લખે છે કે ''વિજયનગર ગીચ વસ્તીવાળું શહેર હતું અને તે દેશી હીરા, પેગુનાં મોતી, ચીન અને એલેક્ઝાંડ્રિયાનું રેશમ તથા મલબારના રક્તપારદ, કપૂર, કસ્તૂરી, પીપર અને સુખડના ધીકતા વ્યાપારનું એક મોટું કેન્દ્ર હતું.'' એક અન્ય પોર્ટુગીઝ પ્રવાસી ડૉમિંગોઝ પાએઝ જણાવે છે કે ''...આ શહેરમાં વ્યાપાર કરવાને માટે ઘણા દેશો અને જાતિના લોકો વસવાટ કરે છે.''

આંધ્રના વ્યાપારીઓ અને કારીગરોનાં સંગઠનોએ કોઈ ખાસ નગર કે શહેર સાથે ઘનિષ્ઠ સંબંધ સ્થાપ્યો, જેમ કે તેલુગુના તેલિયો અને વ્યાપારીઓએ બેરવાડા (કૃષ્ણા જિલ્લામાં) સ્થાપિત કર્યા. આ શહેરોની આવક પરિવહન શુલ્ક, દુકાનો અને મકાનોનું ભાડું વગેરેમાંથી થતી હતી. મંદિર દસ્તાવેજો વ્યાપારીઓ અને કારીગરોની સંપન્નતા અને પ્રતિષ્ઠાની સાક્ષી પૂરે છે. વિજયનગર સામ્રાજ્યમાં એક એવી શહેરી વિશેષતા હતી, જે તે સમયના કોઈ અન્ય દક્ષિણ ભારતના રાજ્યમાં ન હતી. રાજધાનીનું શહેર પોતાના પરિવેશમાં બજારો, મહેલો, મંદિરો, મસ્જિદો વગેરેથી અંગીભૂત થયેલું હતું. તોપણ આ શહેરી વિશિષ્ટતા 16મી સદીના મધ્યકાળ સુધીમાં સંપૂર્ણપણે નાશ પામી હતી.

## 27.6 સામાજિક વ્યવસ્થા (Society)

વિદેશી મુસાફરોનાં વર્ણનોમાં, ઉત્તીર્ણ લેખોમાં અને તત્કાલીન સાહિત્યમાં આપણને વિજયનગર સામ્રાજ્ય સમયના સમાજજીવનનું સુંદર દર્શન જોવા મળે છે. વિજયનગર સામ્રાજ્યના દક્ષિણ ભારતીય વિશાળ ભાગમાં સામાજિક સંરચના ભારતીય સમાજની સામાન્ય સંરચના કરતાં અલગ છે. સામાજિક સંરચનાની આ વિલક્ષણતા ત્રણ પ્રકારે હતી : (i) દક્ષિણ ભારતીય બ્રાહ્મણોની ધર્મ-નિરપેક્ષ ભૂમિકા, (ii) નીચલા સામાજિક સમૂહોમાં બેવડું વિભાજન અને (iii) સમાજનું પ્રાદેશિક ખંડીકરણ.

બ્રાહ્મણ જે સ્થાનો પર રહેતા હતા, ત્યાં જમીન પર તેઓનો અધિકાર હતો તેમ જ તેની પ્રતિષ્ઠા અને સત્તા પણ જમીન પર આશ્રિત લોકોના નિયંત્રણથી હતી. પૂજારી વર્ગની હેસિયતથી પવિત્ર કાર્યોને કારણે પણ તેઓને પ્રતિષ્ઠા મળતી હતી. અસંખ્ય વૈદિક મંદિરોના આવિર્ભાવથી, જેને ગામડાં-(દેવદાન)નાં ધર્મદાન મળેલ હતાં, બ્રાહ્મણોને મંદિર-અધિકારીઓના રૂપમાં એટલી શક્તિ મળી હતી કે તેનું અન્ય જાતિઓ અને ધાર્મિક સંસ્થાઓ પર ધર્મ વિદ્યાત્મક નિયંત્રણ સ્થાપિત થઈ ગયું. આ ધાર્મિક કેન્દ્રોના વ્યવસ્થાપકોની હેસિયતથી બ્રાહ્મણોને ખૂબ જ વધારે ધર્મ-નિરપેક્ષ અધિકાર મળેલ હતો. ટૂંકમાં, સમાજમાં બ્રાહ્મણોનું ઘણું માન હતું અને તેને કારણે સામાજિક કે ધાર્મિક જ નહીં પણ રાજકીય બાબતોમાં પણ તેમનું ઘણું વર્ચસ્વ રહેતું.

સામાજિક સંસ્થાની એક અન્ય વિશિષ્ટતા નીચલા સામાજિક સમૂહોમાં બેવડું વિભાજન હતું, તે ગણાવી શકાય જે જમણા અને ડાબા હાથની પરિકલ્પના સાથે સંબંધિત હતું. (જમણા હાથ વિભાજનને અનુરૂપ વૈષ્ણવ અને ડાબા હાથની જાતિઓ શૈવ હતી.) મોટે ભાગે જમણા હાથની જાતિઓ ખેતઉત્પાદન તથા સ્થાનિક વ્યાપાર સાથે સંકળાયેલી હતી, જ્યારે ડાબા હાથની જાતિઓ બિનખેતઉત્પાદનોમાં, વ્યાપાર તથા હરતા-ફરતા શિલ્પ-કલા કારીગરીના ઉત્પાદન સાથે સંકળાયેલી હતી.

પ્રાદેશિક ખંડીકરણનું તાત્પર્ય એ છે કે તામિલ પ્રદેશમાં સામાજિક સમુદાયોનું કુદરતી ઉપ-ક્ષેત્ર અને તેનાથી સંબંધિત વ્યાવસાયિક માળખાના આધાર પર વિભાજન થયેલું હતું. દક્ષિણ ભારતના સામાજિક સમુદાયોને પોતાના સ્થાનથી દૂર આવેલા સમુદાયો સાથે ખૂબ ઓછો સંબંધ હતો. તેઓ પિત્રાઈઓ અને મામા-ભાણી વચ્ચેના લગ્નને પસંદ કરતા હતા.

મધ્ય યુગના જમાનામાં અહીં હજુ પણ પ્રાચીન ભારતીય પ્રણાલિકાઓ અને પરંપરા મુજબ સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઊંચું હતું. વિજયનગરમાં સ્ત્રીઓ રાજકારણમાં છૂટથી ભાગ લેતી તથા શૈક્ષણિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં કેટલીક વખત મોખરે રહેતી. સ્ત્રીઓને લશ્કરી તાલીમ આપવામાં આવતી, અને મલ્લયુદ્ધમાં પણ પ્રવીણ બનાવવામાં આવતી. આ ઉપરાંત સંગીત અને નૃત્ય જેવી લલિત કલાઓમાં પણ સ્ત્રીઓને તાલીમ આપી નિપુણ બનાવવામાં આવતી હતી. આ સંદર્ભમાં નૂનિઝનો

અભિપ્રાય નોંધવા જેવો છે. તે કહે છે કે ''વિજયનગરના રાજા પાસે એવી સ્ત્રીઓ છે કે જેઓ મલ્લકુસ્તીમાં ઉસ્તાદ છે અને બીજી કેટલીક સ્ત્રીઓ છે કે જે મહેલમાં થતા બધા જ ખર્ચનો હિસાબ રાખે છે અને બીજી સ્ત્રીઓ આખા રાજ્યના બનાવોની નોંધ કરે છે અને મહેલ બહારના આવા નોંધ કરનારાઓના લખાણ સાથે પોતાનું લખાણ સરખાવી જુએ છે; તેની પાસે એવી પણ સ્ત્રીઓ છે કે જે વાદ્યો સાથે ગાયન પણ કરી જાણે છે. ખુદ રાજાની રાણીઓ પણ સંગીત જાણે છે... એમ પણ કહેવાય છે કે તેની પાસેની સ્ત્રીઓ ન્યાય આપવાનું, જપ્તિનું તથા આખી રાત્રી સુધી મહેલનું રક્ષણ કરવાનું કામ કરે છે.''

આ સાથે એ પણ નોંધવું જોઈએ કે સમાજમાં, ખાસ કરીને ઉપલા વર્ગના શ્રીમંતોમાં, બહુપત્નીત્વનો રિવાજ હતો અને તે સાથે બાળલગ્નની પ્રથા પણ અમલમાં હતી. વળી, લગ્ન વખતે દાયજાની માગણી પણ સારા પ્રમાણમાં કરવામાં આવતી. સતી થવાનો ચાલ પ્રચલિત હતો. બ્રાહ્મણો તેનો પ્રચાર કરતા.

વિજયનગર સામ્રાજ્યના સમયમાં ખેડૂત સામાજિક વ્યવસ્થાના આધાર સમાન હતો, જેની પર સમાજના તમામ અન્ય વર્ગો નિર્ભર હતા. તામિલ કાવ્યશૈલી, સત્યકામ મુખ્ય ખેડૂત વર્ગને વિશુદ્ધ સત-શૂદ્ર માનતી હતી. તેણે પોતાના માટે આનુષ્ઠાનિક પવિત્રતા અને આદરણીય ધર્મનિરપેક્ષ દરજ્જો મેળવ્યો.

મંદિરો કોઈ વિશેષ દેવતાની પૂજા-અર્ચના કરવાવાળા વર્ગોના સામાજિક અંતરણની રૂપરેખા નિર્ધારિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવતાં હતાં. દક્ષિણ ભારતની રાજાશાહીમાં વંશપરંપરાની એક મુખ્ય વિશેષતા કુળદેવતાની સામૂહિક ભક્તિ હતી. ખેડૂતોના દેવતાનાં તીર્થો(જેમ કે અમ્માન)ના ગેર-બ્રાહ્મણ પૂજારી બ્રાહ્મણ પ્રભુત્વના વિશાળ શિવ અને વિષ્ણુ તીર્થસ્થાનોની વ્યવસ્થામાં પણ ભાગ લેતા હતા. વિશાળ તીર્થસ્થાનો પર આવેલ સંપ્રદાયી સંગઠનનાં અધિષ્ઠાનો(મઠો)માં બ્રાહ્મણ અને બ્રાહ્મણ સિવાયની પરંપરાવાળી વ્યક્તિઓ હતી. આ રીતે, આ યુગના સામાજિક સંગઠનમાં બ્રાહ્મણ જમણા હાથ અને ડાબા હાથની જાતિઓ(જેમાં આદરયોગ્ય ખેડૂત જાતિઓ વેલ્લાલ અને વણકર જેવી કમજોર જાતિઓ આવતી)નો સમાવેશ થતો હતો.

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. વિજયનગર સામ્રાજ્યમાં જમીનની ભાગીદારી(પટ્ટેદારી)ના સ્વરૂપ અંગે નોંધ લખો.

.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................

2. વિજયનગર શાસકોના શાસનકાળમાં વિદેશ વ્યાપારના વિશેષ સંદર્ભ સાથે વેપાર વાણિજ્યની પ્રગતિ વર્ણવો.

.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................

3. જમણા હાથ અને ડાબા હાથ જાતિઓની વ્યાખ્યા આપો.

.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................

## 27.7 સારાંશ

વિજયનગર સામ્રાજ્ય અંગેના અભ્યાસનો નિષ્કર્ષ કાઢતાં કહી શકાય કે દક્ષિણનાં બે મહાન સામ્રાજ્યો વિજયનગર અને બહમની વચ્ચે સંઘર્ષનાં મુખ્ય કેન્દ્રો તરીકે કૃષ્ણા-ગોદાવરીનો ડેલ્ટા, કાવેરી ઘાટી,

તુંગભદ્રા, દોઆબ અને કોંકણના પ્રદેશો મુખ્ય હતા. વિજયનગરની રાજાશાહી બાહ્ય દેખાવમાં પ્રતીકાત્મક હતી, જેમાં શાસક પોતાના અધિપતિઓ દ્વારા નિયંત્રણ રાખતા હતા. આ સમયના બ્રાહ્મણો ધાર્મિક મુખિયાઓ કરતાં વધારે તો રાજકીય અને ધર્મનિરપેક્ષ કર્મચારીઓ જેવા હતા. વિજયનગરની સત્તાનો આધાર બે મુખ્ય રાજકીય સંસ્થાઓ નાયનકાર અને આયગાર હતી. આ કાળનાં મંદિરો માત્ર ધાર્મિક કેન્દ્રો જ નહિ બલકે આર્થિક પ્રવૃત્તિઓનાં મહત્ત્વપૂર્ણ કેન્દ્રો પણ હતાં. તે બેન્કિંગ અને સિંચાઈનાં કાર્યો ચલાવતાં હતાં. વિજયનગર સામ્રાજ્યમાં વેપાર-વાણિજ્ય ઉન્નત સ્થિતિમાં હતાં. પરંતુ એક વાતની નોંધ લેવી રહી કે ભારતના વ્યાપારીઓની દરિયાઈ વ્યાપારમાં ભૂમિકા નગણ્ય હતી. જ્યારે મુસ્લિમ સોદાગરોનો તેના પર એકાધિકાર હતો.

## 27.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. જુઓ, પેટા વિભાગ 27.2.1
2. જુઓ, પેટા વિભાગ 27.2.2 અને 27.2.4
3. જુઓ, પેટા વિભાગ 27.2.6

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. જુઓ, પેટા વિભાગ, 27.3.2
2. જુઓ, પેટા વિભાગ. 27.3.2. 27.4.2
3. જુઓ, પેટા વિભાગ 27.4.1
4. જુઓ. પેટા વિભાગ. 27.4.2

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. જુઓ, પેટા વિભાગ. 27.5.1
2. જુઓ, પેટા વિભાગ. 27.5.3 અને 27.5.4
3. જુઓ, ભાગ 27.6

## 27.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આમરા :** સ્થાનિક સેનાનાયકને આપવામાં આવેલાં ગામ.

**ભંડારાવાડા :** ગામની શાહી જમીન

**દેવદાન :** મંદિરોને મળેલાં ગામ

**દસાવંદા અને કટ્ટુ-કોડગે :** સિંચાઈના રોકાણમાંથી મળતી આવક

**માન્યા :** ગામડાના સ્તરના કર્મચારીઓને આપવામાં આવેલ કરમુક્ત જમીન.

# એકમ 28 બહમની રાજ્ય (The Bahmanis)

**રૂપરેખા**


28.1 પ્રાસ્તાવિક

28.2 બહમની સત્તાનો ઉદય

28.3 વિજયો અને દઢીકરણ

28.3.1 પ્રથમ તબક્કો : 1347-1422

28.3.2 દ્વિતીય તબક્કો : 1422-1538

28.4 અફાકિયો અને દખ્ખણીયો વચ્ચે સંઘર્ષ

28.5 કેન્દ્રીય તથા પ્રાંતીય વહીવટ

28.6 સૈનિક સંગઠન

28.7 આર્થિક વ્યવસ્થા

28.8 સમાજ અને સંસ્કૃતિ

28.9 સારાંશ

28.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

28.11 ચાવીરૂપ શબ્દો


## 28.1 પ્રાસ્તાવિક

દક્ષિણમાં પ્રથમ આક્રમણ સુલતાન અલાઉદ્દીન ખિલજીના શાસનકાળમાં થયું. ત્યાર પછી તુઘલક વંશના શાસક મુહમ્મદ તુઘલકના સમયમાં દક્ષિણ ભારતમાં મહત્ત્વપૂર્ણ વિજયો કરવામાં સફળતા મળી. આ એકમમાં તુઘલક શાસનનો અંત અને તેના સ્થાને બહમની સલ્તનતની સ્થાપનાનો ઇતિહાસ આલેખિત કરીશું, જેમાં બહમની રાજ્યના વિજયો, રાજ્યનું દઢીકરણ, તેની વહીવટી વ્યવસ્થા અને સંસ્કૃતિ સંબંધી વિવિધ મુદ્દાઓને પણ આવરી લઈશું.

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે બહમની રાજ્યનો ઉદ્ભવ, જૂના દખ્ખણી ભદ્રવર્ગ અને નવા આવનારા અફાકી પરદેશી જૂથો વચ્ચે સંઘર્ષ અને કેવી રીતે તેણે અંતમાં બહમની સલ્તનતના પતનનો માર્ગ મોકળો કર્યો તથા બહમની રાજ્યનો વહીવટી ઢાંચો, સામાજિક અને આર્થિક વ્યવસ્થા તથા અન્ય સાંસ્કૃતિક પાસાંઓ અંગે વિસ્તૃત જાણકારી મેળવી શકશો.

## 28.2 બહમની સત્તાનો ઉદય (Rise of the Bahmani Power)

દખ્ખણના મોટા ભાગના વિજયો અને તેનું દિલ્હી સલ્તનતમાં અધિગ્રહણ સુલતાન મુહમ્મદ તુઘલકના શાસનકાળ દરમિયાન સંપન્ન થયું. તેણે દખ્ખણ પ્રદેશમાં વિસ્તૃત વહીવટી વ્યવસ્થાની સ્થાપના કરી. કુતલઘખાનને આ પ્રદેશના મુખ્ય સૂબા તરીકે નિયુક્ત કરવામાં આવ્યો. સમગ્ર પ્રદેશને 23 પ્રાંતો(ઈકલીમો)માં વહેંચી નાખવામાં આવ્યો. આ પૈકી જાજનગર (ઓરિસા) મરહટ (મહારાષ્ટ્ર), તેલંગાણા, બીદર, કામ્પિલી અને દ્વારસમુદ્ર સૌથી મહત્ત્વપૂર્ણ પ્રાંતો હતા. પછીથી માળવા પણ દખ્ખણના સૂબા તળે મૂકવામાં આવ્યું. પ્રત્યેક પ્રાંતને કેટલાયે ગ્રામ્ય જિલાઓ(શિક)માં વિભાજિત કરવામાં આવ્યા. જમીનમહેસૂલની વસૂલાત માટે પ્રત્યેક જિલા-ઓનું હજારી (એક હજાર) અને સદી(એક સો)માં વિભાજન કરવામાં આવ્યું. મુખ્ય અધિકારી શિકદાર, વલી, અમીર હજારાહ અને અમીર-એ-સાદાહ હતા. મહેસૂલી અધિકારી મુતસર્રિફ, કારકુન, ચૌધરી વગેરે હતા.

આ વ્યવસ્થામાં સૌથી શક્તિશાળી વ્યક્તિ દખ્ખણનો સૂબો હતો, જે હકીકતમાં 23 પ્રાંતોના બનેલા વિશાળ પ્રદેશનો સ્વામી હતો. અન્ય મહત્ત્વપૂર્ણ વ્યક્તિ જેની પાસે વિસ્તૃત અધિકારો હતા તેમાં અમીર-એ-સાદાહનો સમાવેશ થતો હતો જે એક સો ગામડાંઓ પર અધિકાર ભોગવતો હતો.

આવી વિસ્તૃત વહીવટી વ્યવસ્થા હોવા છતાં સુલતાનનું વાસ્તવિક નિયંત્રણ (1) દિલ્હીથી દૂર, (2) વિષમ ભૌગોલિક પરિસ્થિતિઓ અને (3) સૂબા તેમ જ અન્ય અધિકારીઓને મળેલા વિશાળ હક્કો વગેરે કારણોને લીધે નબળું સાબિત થયું. આ પરિસ્થિતિમાં દખ્ખણમાં નિયુક્ત અધિકારીઓના કેન્દ્રની સાથેના સંબંધો બગડવાનો હંમેશાં ખતરો રહેતો હતો.

દખ્ખણને તુઘલક શાસનમાંથી મુક્ત કરાવવામાં અમીર-એ-સાદાહની ભૂમિકા સૌથી મહત્ત્વપૂર્ણ રહી હતી. ઉચ્ચ ખાનદાનવાળા આ અધિકારીઓની સૈનિક અધિકારીઓ તેમ જ મહેસૂલ સંગ્રહકર્તાઓના રૂપમાં બેવડી કામગીરી હતી. પોતાના પ્રદેશના લોકો સાથે તેઓને સીધો જ સંબંધ હતો. દક્ષિણમાં વિદ્રોહો ફાટી નીકળ્યા ત્યારે સુલતાન મુહમ્મદ તુઘલકે આ માટે આ અમીરો દ્વારા હાંસલ થયેલા વિશાળ અધિકારોને જવાબદાર ગણ્યા હતા. આના પરિણામે તેણે તેને દબાવવાની નીતિનું અનુસરણ કર્યું, જેના બદલામાં દખ્ખણમાં તુઘલક વંશના પતનનો પ્રારંભ થયો. ખૂબ જ ટૂંકમાં આ કાળમાં થયેલા જુદા જુદા વિદ્રોહો અને તેની એક નવા રાજ્ય તેમ જ નવા વંશના ઉદયમાં ભૂમિકા અને ફાળા અંગે ચર્ચા કરીશું.

સુલતાન મુહમ્મદ તુઘલકનાં લગભગ 26 વરસો(ઈ.સ. 1325-1351)ના શાસનકાળ દરમિયાન આશરે 13 જેટલા નાના-મોટા બળવાઓ થયા. અત્રે દક્ષિણ ભારતમાં થયેલા બળવાઓ પર જ પ્રકાશ પાડીશું. સુલતાન મુહમ્મદ તુઘલકના શાસનની શરૂઆતમાં જે બળવા થયેલા તેમાં અમુક આગેવાન અને આગળ પડતા અમીરોની મહેચ્છા અને સત્તા પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા કામ કરતી હતી. કેન્દ્રની વિરુદ્ધ સૌથી પ્રથમ વિદ્રોહ ઈ.સ. 1327માં ગુલબર્ગાના સાગર ખાતે થયો. તેનું નેતૃત્વ સ્થાનીય સરદારો તથા અમીરોના સહયોગથી સુલતાનના પિતરાઈ ભાઈ બહાઉદ્દીન ગુરૂશસ્પે લીધું હતું. તે ગુલબર્ગા નજીક સાગરની જાગીરનો સૂબો હતો. તેણે સુલતાનની સત્તાનો અસ્વીકાર કરીને બળવો કર્યો, પરંતુ તેનો પરાજય થયો અને તેની હત્યા કરવામાં આવી. આમ બળવાનું શમન કરવામાં આવ્યું. પરંતુ આ બળવાએ રાજધાનીને દિલ્હી કરતાં વધુ કેન્દ્રિત સ્થાને સ્થાપિત કરવાની જરૂરિયાત માટેનો માર્ગ મોકળો કર્યો, જ્યાં દક્ષિણના પ્રાંતોને નિયંત્રિત કરી શકાય. આ રીતે સુલતાન મુહમ્મદ તુઘલકે ઈ.સ. 1328માં દક્ષિણમાં આવેલ દેવગિરિને સલ્તનતની બીજી રાજધાની બનાવી. પરંતુ આ યોજના ભવ્ય નિષ્ફળતાને વરી કારણ કે તે જ સરદારોએ, જેમને દક્ષિણમાં કેન્દ્રીય સત્તાને મજબૂત કરવાના હેતુથી મોકલ્યા હતા, તેમણે દિલ્હીના નિયંત્રણને નબળું પાડ્યું.

પ્રથમ મોટો સફળ વિદ્રોહ માબાર(મદુરા)માં થયો. માબારના સૂબા સૈયદ જલાલુદ્દીન અહસને દોલતાબાદના કેટલાક સરદારો સાથે સહયોગ સાધીને 1335માં બગાવતનો ઝંડો ઉઠાવ્યો. સુલતાન મુહમ્મદ તુઘલક જાતે લશ્કર લઈને ગયો. પરંતુ વારંગલ મુકામે તેના લશ્કરમાં રોગચાળો ફાટી નીકળતાં તેને પાછા ફરવું પડ્યું. માબાર સ્વતંત્ર રાજ્ય બન્યું. ઈ.સ. 1336-37માં બીદરના સૂબાએ પણ વિદ્રોહ કર્યો પરંતુ તેને નિષ્ફળ બનાવાયો.

સુલતાન મુહમ્મદ તુઘલકે આ બળવાઓ પછી એવો નિષ્કર્ષ કાઢ્યો કે દખ્ખણમાં તુઘલક શાસન માટે ખતરો એ પુરાણા ભદ્રવંશના લોકોથી પેદા થયો છે, જે લોકોને દિલ્હીથી દક્ષિણમાં મોકલવામાં આવ્યા હતા. પરિણામે તેણે તેમને નવા અમીરો દ્વારા બદલવાની નીતિ અપનાવી, જેનાથી તેઓ સુલતાન પ્રત્યે વફાદાર રહે. પરંતુ અમીર-એ-સાદાહના વિદ્રોહી વલણથી આ નીતિ સફળ ન થઈ શકી. જેણે અંતે દખ્ખણમાં એક સ્વતંત્ર રાજ્ય ઊભું કરવામાં સફળતા મેળવી.

ઈ.સ. 1344ની આસપાસ દખ્ખણમાંથી મળતા કુલ જમીનમહેસૂલમાં નોંધપાત્ર ઘટાડો થયો. મુહમ્મદ તુઘલકે દખ્ખણને 4 શિકોમાં વિભાજિત કરી તેને નવા મુસ્લિમોના નેતૃત્વમાં મૂક્યું, જેને ઝિયાઉદ્દીન બર્ની 'નવા અમીરો' તરીકે ઓળખાવે છે. આ વ્યવસ્થાને અમીર-એ-સાદાહ વર્ગ દ્વારા માન્ય કરવામાં આવી નહીં. ઈ.સ. 1345 માં ગુજરાતમાં નિયુક્ત સરદારોએ કાવતરામાં સામેલ થઈને દિલ્હી વિરુદ્ધ વિદ્રોહ કર્યો. મુહમ્મદ તુઘલકને ગુજરાતના આ વિદ્રોહમાં અમીર-એ-સાદાહનો હાથ હોવાની શંકા ગઈ. મુહમ્મદ તુઘલકે દખ્ખણના સૂબાંને રાયચૂર, ગુલબર્ગા, બીજાપુર વગેરેના અમીરોને ભરૂચ આવવા માટે નિર્દેશ કરવાનું કહેવામાં આવ્યું. અમીર-એ-સાદાહે મુહમ્મદ તુઘલકના શાસનને એક જોરદાર ફટકો મારતાં ખુદને દોલતાબાદમાં સ્વતંત્ર જાહેર કરી દેવગિરિના એક આગળ પડતા અમીર નાસિરઉદ્દીન ઇસ્માઈલ શાહને પોતાના સુલતાન તરીકે જાહેર કર્યો. દોલતાબાદમાં પોતાના શાસનની સ્થાપના કર્યા બાદ, સૌ પ્રથમ ગુલબર્ગાને પોતાના રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યું. દિલ્હી સલ્તનતનો વિરોધ કરનારાઓમાં રાજપૂત, દખ્ખણી ભદ્રવર્ગ, મંગોલ, ગુજરાતના અમીરો તથા તાંજોરના રાજા દ્વારા મોકલવામાં આવેલાં સૈનિક દળો હતાં. અંતમાં તેમની જીત થઈ. નાસિરઉદ્દીન ઇસ્માઈલ શાહ (ઇસ્માઈલ મખ) વૃદ્ધ અને બિનમહત્ત્વાકાંક્ષી હોવાથી તેણે અમીર-ઉમરાવોની મરજીથી હસન ગંગુ (કંગૂટ) ઉર્ફે ઝફરખાનને સત્તા સોંપી દીધી. ત્રીજી ઓગસ્ટ, 1347ના રોજ તેનો અબુલમુઝફ્ફર અલાઉદ્દીન બહમન શાહના ઉપનામ સાથે રાજ્યાભિષેક થયો અને તેની સાથે જ દખ્ખણમાં બહમની રાજ્યની સ્થાપના થઈ. તેને ડૉ. મજુમદાર દખ્ખણમાં સ્થપાયેલ બધી જ મુસ્લિમ રિયાસતોમાં સૌથી વધુ શક્તિશાળી ગણાવે છે. આ નવા રાજ્યની અધીનતામાં સંપૂર્ણ દખ્ખણ વિસ્તારનો સમાવેશ થતો હતો. આગલા 150 વર્ષો સુધી આ રાજાશાહીએ દક્ષિણની રાજકીય ગતિવિધિઓમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી.

## 28.3 વિજયો અને દ્રઢીકરણ (Conquests and Consolidation)

બહમની રાજ્યના રાજકીય વિકાસને બે તબક્કાઓમાં વહેંચી શકાય : પ્રથમ તબક્કા(1347-1422)માં ગતિવિધિઓનું મુખ્ય કેન્દ્ર ગુલબર્ગા હતું, જ્યારે બીજા તબક્કા (1422-1538)માં રાજધાની બીદર સ્થાનાંતરિત થઈ ગઈ જે વધુ કેન્દ્રીય અને વધુ ઉપજાઉ પ્રદેશ હતો. આ તબક્કામાં જૂના દખણી ભદ્ર વર્ગ અને અફાકિયો વચ્ચેનો સંઘર્ષ પોતાની ચરમ સીમાએ પહોંચ્યો હતો.

### 28.3.1 પ્રથમ તબક્કો : 1347-1422


હસન ગંગુ ઉર્ફે અબુલ મુજફ્ફર અલાઉદ્દીન બહમનશાહે ગાદીએ આવ્યા પછી દોલતાબાદને બદલે ગુલબર્ગાને પોતાની રાજધાની બનાવી અને તેને 'હસનાબાદ'નું નામ આપ્યું. ઈ.સ. 1347-1422 વચ્ચેના સમયમાં કેટલાંક મુખ્ય યુદ્ધોમાં વિજય મળ્યો. આંધ્ર પ્રદેશમાં કોટગીર, મહારાષ્ટ્રમાં કન્દહાર, કર્ણાટકમાં કલ્યાણી, તેલંગાણામાં ભોંગીર, ગુલબર્ગા(કર્ણાટક)માં સાગર, ખેમભવી, મલખેર અને સેરમ. મહારાષ્ટ્રમાં મનરમ, અક્કાલકોટ અને મહેન્દ્રી તથા માળવા(મધ્ય પ્રદેશ)માં માંડૂએ આ સમયમાં બહમનીઓની અધીનતા સ્વીકારવી પડી. બહમની રાજ્યનો ફેલાવો ઉત્તરમાં માંડૂથી દક્ષિણમાં રાયચૂર સુધી તથા પૂર્વમાં ભોંગીરથી પશ્ચિમમાં દભોલ તથા ગોવા સુધી હતો.

આ યુગમાં તેલંગાણા અને વિજયનગરના રાજાઓ સાથે બહમની રાજ્યની મુખ્ય હરીફાઈ ચાલતી હતી. તેલંગાણાના રાજા સાથે એક અથડામણ બાદ ગોલકોન્ડા બહમની રાજ્યને સોંપી દેવામા આવ્યું. પરંતુ, વિજયનગર સાથેનું યુદ્ધ નિર્ણાયક સિદ્ધ થયું નહીં અને તુંગભદ્રા દોઆબ વિસ્તાર પર બંને સત્તાઓનો સંયુક્ત અધિકાર ચાલુ રહ્યો.

14મી સદીના ઉત્તરાર્ધમાં જ બહમની શાસકોએ વિજયનગરની તરફેણમાં ગોવા જતું કરવું પડ્યું. ખેરલા(મધ્ય પ્રદેશ)ના રાજા, જેને બહમની રાજ્યની વિરુદ્ધ બળવો કરવા માટે વિજયનગર, માળવા અને ખાનદેશના શાસકો તરફથી સતત પ્રોત્સાહન મળતું હતું તેની વિરુદ્ધ બહમની શાસકના આક્રમણમાં રાજાને આત્મસમર્પણ કરવાની ફરજ પડી. તેલંગાણામાં બે પ્રતિસ્પર્ધીઓ વમા (રાજામુન્દ્રીના) અને વેલામા(આંધ્રજૂથ)ને ક્રમશ: વિજયનગર અને બહમની રાજ્યો દ્વારા સાથ, સહકાર અને સહયોગ મળતો હતો. બહમની શાસકોએ તેલંગાણામાં ઘૂસપેઠ કરવા પ્રયાસ કર્યો પરંતુ વેમાઓ દ્વારા તેમને હાંકી કાઢવામાં આવ્યા. પ્રાદેશિક હિતો માટે બહમની શાસકોએ આંધ્ર જૂથ વિરુદ્ધ બીજા જૂથને સમર્થન આપવાનું ચાલુ રાખ્યું. 15મી સદીના પૂર્વાર્ધમાં વિજયનગરની વિરુદ્ધ સંઘર્ષમાં બહમની શાસકોની નિષ્ફળતાનું એક મુખ્ય કારણ વેલામાઓ દ્વારા પૂર્વમાં આપવામાં આવેલ સમર્થન પાછું ખેંચી લઈ વિજયનગરની સાથે સહયોગ કરવા અંગેનું હતું.

### 28.3.2 દ્વિતીય તબક્કો : 1422-1538

ઈ.સ. 1422થી 1538ના વચ્ચેના સમયની એક વિશેષતા એ રહી કે બહમની સલ્તનતની રાજધાની ગુલબર્ગાથી બીદર ખાતે ફેરવવામાં આવી. બીદર કેન્દ્રમાં તેમ જ વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતું હતું. ત્રણ ભાષાનાં ક્ષેત્રો(મરાઠી, કન્નડ અને તેલુગુ)નો અહીંયા ત્રિવેણી સંગમ થતો હતો, જેની પર આધિપત્ય સ્થાપિત કરવા વિજયનગર અને બહમની શાસકો વચ્ચે સંઘર્ષ આ ગાળા દરમિયાન પણ ચાલુ રહ્યો. આ કાળમાં જ બહમની રાજ્યમાં વારંગલને ભેળવી દેવામાં આવ્યું હતું. માળવા અને ગુજરાતનાં સ્વતંત્ર રાજ્યોને પણ બહમની સત્તાનો આવેગ સહન કરવો પડ્યો હતો. ત્યાં એક તરફ માળવા કમજોર સાબિત થયું તો બીજી તરફ ગુજરાતની સલ્તનત સાથેની મુખ્ય લડાઈઓમાં બહમની શાસકોને સફળતા મળી ન હતી. આ સંઘર્ષનું એક મહત્ત્વપૂર્ણ પરિણામ એ આવ્યું કે ખાનદેશની સલ્તનત અને બહમની શાસકો વચ્ચે ગુજરાત તરફથી આવનાર ખતરાનો સામનો કરવા એક મોરચાનું નિર્માણ થયું. ઈ.સ. 1436-44 વચ્ચે વિજયનગર અને બહમની શાસકો વચ્ચે બે અથડામણો થઈ. પહેલી અથડામણમાં બહમની શાસકોએ હાર સહન કરવી પડી. તોપણ બીજી અથડામણ ફરિસ્તા નોંધે છે તે અનુસાર, અંતે બહમની માટે લાભકર્તા સિદ્ધ થઈ. સંગમેશ્વર અને ખાનદેશના રાજાઓએ પણ આધિપત્ય સ્વીકારી લીધું. ગુજરાત વિરુદ્ધના યુદ્ધમાં બહમની શાસકોની હારનું મુખ્ય કારણ અમીરોનાં બે જૂથો દખણી અને અફાકિ વચ્ચેના આંતરકલહ અંગેનું હતું. દખણી જૂથે બહમની શાસકો સાથે વિશ્વાસઘાત કર્યો જેના પરિણામે ખાનદેશ સામેના યુદ્ધમાં દખણી જૂથને સામેલ કરવામાં ન આવ્યું જેનાં ગંભીર પરિણામો આવ્યાં. ઈ.સ. 1446માં ખેરલા અને સંગમેશ્વર(કોંકણ)ના રાજાઓ પર પ્રતિબંધ લાદવા માટે દખણી અને અફાકિ જૂથના સભ્યોને મોકલવામાં આવ્યા. આ અભિયાનનાં




નકશો 6

જટિલ પરિણામો સામે આવ્યાં. દખણી જૂથ દ્વારા અફાકિ જૂથ પર દોષારોપણ કરવામાં આવ્યું જેના પરિણામે તેઓને શિક્ષા કરવામાં આવી. અફાકિ જૂથે રાજ-દરબારમાં પોતાના પક્ષની વકીલાત કરી પુનઃ પ્રભુત્વ પ્રાપ્ત કરી લીધું. આ પ્રકારના સંઘર્ષો સામ્રાજ્ય માટે નુકસાનકારક બની રહ્યા. આ યુગમાં મહમૂદ ગાવાંએ બહમની રાજ્યના મંત્રી તરીકે જબરી ખ્યાતિ મેળવી. ઓરિસ્સાના શાસકે તેલંગાણાના શાસકને સાથે રાખીને બહમની શાસક પર આક્રમણ કર્યું પરંતુ તેને મહમૂદ ગાવાં દ્વારા મારી હટાવવામાં આવ્યું. માળવાના શાસકે પણ બહમની સામ્રાજ્યના પ્રદેશો જેવા કે બીદરને મેળવવા પ્રયાસ કર્યો. પરંતુ, ગુજરાત દ્વારા બહમની શાસકને સમર્થન મળતાં તેણે પાછા ફરવું પડ્યું. માળવાનો એક અન્ય પ્રયાસ પણ નિષ્ફળ રહ્યો. મહમૂદ ગાવાંએ હુબલી, બેલગામ અને બાગલકોટ પર વિજય મેળવ્યો. મુંબઈ-કર્ણાટક વિસ્તાર બહમની સામ્રાજ્યના પ્રભાવ તળે આવ્યો. મહમૂદ ગાવાંના સબળ નેતૃત્વમાં ઓરિસ્સાથી ગોવા (કોંકણ) સુધી સામ્રાજ્યનો વિસ્તાર થયો. અંતમાં, મહમૂદ ગાંવા પણ જૂથબંધીનો ભોગ બન્યો અને દખણી જૂથ દ્વારા તેની હત્યા કરવામાં આવી. આ પછી બહમની સામ્રાજ્ય વિઘટન તરફ આગળ વધ્યું. વિજયનગર સામ્રાજ્ય વિરુદ્ધ કરેલાં યુદ્ધોનું સમાપન આપત્તિઓ સાથે થયું. અંતે 1538માં બહમની વંશ ખતમ થઈ ગયો. આ સામ્રાજ્ય બરાર, બીદર, અહમદનગર, બીજાપુર અને ગોલકોન્ડા-એમ પાંચ રાજ્યોમાં વિભાજિત થઈ ગયું.

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. તુઘલક શાસનથી દખ્ખણને મુક્ત કરવામાં અમીર-એ-સાદાહની ભૂમિકા વર્ણવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. ''14-15મી શતાબ્દી વચ્ચે દખ્ખણનો ઇતિહાસ. બહમની અને વિજયનગરના શાસકો વચ્ચે સર્વોપરિતા મેળવવા માટેના સંઘર્ષોનો ઇતિહાસ હતો'' - ચર્ચા કરો.

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

## 28.4 અફાકિયો અને દખ્ખણીયો વચ્ચે સંઘર્ષ (Conflict - between the Afagis and the Dakhkhanis)

સમગ્ર સલ્તનતકાળ દરમિયાન અમીરોની જ ભૂમિકા માત્ર સલ્તનતને ટકાવી રાખવા પૂરતી મર્યાદિત ન હતી બલ્કે રાજા-સુલતાન બનાવવા માટે પણ ખૂબ જ મહત્ત્વની હતી. પ્રત્યેક સુલતાનની ઇચ્છા અમીરોની વફાદારી મેળવવાની હતી. આ જ પરંપરા બહમની રાજ્યમાં ચાલુ રહી. અલાઉદ્દીન બહમનશાહના સમયમાં ત્રણ જૂથો બહમની રાજ્યમાં સક્રિય હતાં : એક એ જૂથ હતું જેણે દખ્ખણમાં એક સ્વતંત્ર રાજ્યની સ્થાપનામાં અલાઉદ્દીન બહમનશાહને સહાયતા કરી હતી: બીજું તુઘલક જૂથ અને ત્રીજા જૂથમાં સ્થાનિક સરદારો અને તેમના ગુલામો હતા, જેનો વ્યક્તિગત સ્વાર્થ હતો.

અલાઉદ્દીન મુજાહિદ શાહ(ઈ.સ. 1375-78)ના શાસનકાળ પછીના સમયમાં અમીરોના આ સંયોજનમાં એક નવું ઘટક પ્રવેશ્યું, જે અફાકિ હતું. તેનો અર્થ 'સર્વદેશીય', 'સાર્વત્રિક' કે 'વિશ્વ-વ્યાપક' થાય છે - એ લોકો જેને મૂળ સ્થાનેથી હાંકી કાઢવામાં આવ્યા છે અને તેઓ હવે કોઈ પ્રદેશ સાથે સંબંધિત નથી તેને 'ગરીબ-ઉધ-દયાર' એટલે કે 'અજનબી' પણ કહેવામાં આવતા હતા. આ અફાકિ કે પરદેશી અહીં મૂળ ઈરાન, તુર્કસ્તાન, અરબસ્તાન, મધ્ય એશિયા અને અફઘાનિસ્તાનમાંથી આવેલા મુસ્લિમો હતા. એમનો ભારત પ્રવેશ મોહમ્મદ ગઝનવી અને મહમૂદ ઘોરીના સમયથી શરૂ થયો હતો. એમાંના ઘણા ફોજી સૈનિકો હતા, વેપારીઓ હતા, સાહસિકો હતા.

પ્રારંભમાં બહમની રાજ્યમાં અમીરોના ત્રણ જૂથનો ઉલ્લેખ કર્યો એ જૂના ભદ્ર વર્ગના દખ્ખણીયો હતા. તેઓ ઘણાં વરસો થયાં આ દક્ષિણ પ્રદેશમાં આવીને વસ્યા હતા. સામાજિક સંસ્કારો, રીત-રિવાજોમાં તેઓ આ પ્રદેશના સંસ્કૃતિ અને સંસ્કારો સાથે ઓતપ્રોત બન્યા હતા. બહમની રાજ્યની સ્થાપના કરનાર હસનના દરબારમાં મુસ્લિમો તરીકે દાખલ થયા પછી તેઓ બધી રીતે 'દેશી' બની ગયા હતા. ઘણા તો હિંદુ સ્ત્રીઓ સાથે પરણ્યા હતા અને કેટલાક દખ્ખણમાં આવ્યા બાદ વટલાઈને મુસલમાન બન્યા હતા.

મોગલોના સમય પૂર્વે મુસ્લિમ શાસનકાળ દરમિયાન - ગમે તે વંશ સત્તામાં હોય - મુસ્લિમ શાસકોએ પોતાના લશ્કર, દરબાર અને વહીવટનાં મુખ્ય સ્થાનો પર 'પરદેશીઓ'ને મૂક્યા હતા. તેમને મન આ 'પરદેશીઓ' વધુ વફાદાર, વધુ વિશ્વાસુ હતા. એટલું જ નહીં પણ 'દેશીઓ'ની સરખામણીએ આ લોકો વધુ સારા અને કુશળ લડવૈયા તથા કારભારીઓ લાગતા હતા. અત્રે એક વાત નોંધવી જોઈએ કે આ 'પરદેશી'ઓ આરંભના આક્રમક શાસકોની સાથે જ ભારતમાં આવ્યા હતા એવું નથી. ઈ.સ. 1000થી 1500 સુધીના પાંચસો વરસ દરમિયાન એમની ટોળીઓ-જૂથોનો સતત પ્રવાહ આવ્યે ગયો હતો.

દક્ષિણ ભારતમાં બહમની રાજ્યની સ્થાપના પછી તેના કેટલાક રાજકર્તાઓ 'અફઘાન', 'ઈરાની' અને 'તુર્ક' મુસ્લિમોની ઈરાદાપૂર્વક પસંદગી કરતા હતા. ખુદ બહમનશાહ અને મુજાહિદશાહ (ઈ.સ. 1375-78) આ માટે ખાસ નોંધપાત્ર ગણાયા છે. જોકે આરંભનાં વરસોમાં 'પરદેશીઓ'ની સંખ્યા નાની હતી ત્યારે તેમને ગરજના માર્યા આંતર-કોમી લગ્નો કરવાં પડ્યાં હતાં. આથી પ્રદેશના મુખ્ય સામાજિક-સાંસ્કૃતિક પ્રવાહમાં તેઓ ખેંચાતા રહ્યા હતા. અમુક પેઢીઓ પછી ભિન્નતા નહીંવત્ બની જતી પરંતુ જેમ જેમ તેમની વણઝારો ભારત બહારથી આવતી રહી, તેમ તેમ એમનું રાષ્ટ્રીય પ્રવાહમાં ઓતપ્રોત થવાનું વલણ ઘટતું ગયું. ભિન્નતા વધવા લાગી, દૃઢ થવા લાગી.

રાજ્યશાસન, વહીવટી તંત્ર, લશ્કરી તંત્ર–આ બધાં જ મહત્ત્વનાં કડીરૂપ ક્ષેત્રે આ 'પરદેશીઓ' જાણે સાચા શાસક હોય, 'દેશીઓ' કરતાં ઊંચા, ભરોસાપાત્ર અને અતિ વફાદાર નાગરિકો હોય તે રીતે વર્તન કરવા લાગ્યા. પરિણામે અફાકિયો (પરદેશીઓ) અને દખ્ખણીયો (દેશીઓ) વચ્ચેનો સંઘર્ષ વધવા લાગ્યો.

અફાકિયો અને દખ્ખણીયો વચ્ચે વાસ્તવિક સંઘર્ષ ઈ.સ. 1397માં ગિયાસુદ્દીન તહમતાનના સમયમાં શરૂ થયો, જ્યારે તેણે કેટલાય અફાકિયોને રાજ્યમાં ઉચ્ચ પદોએ નિયુક્ત કર્યા. દા.ત., સલાબતખાનને બરારના સૂબા તરીકે, મુહમ્મદખાનને સર-એ-નૌબત અને અહમદ બેગ કજનીવીને પેશવા તરીકે નીમ્યા. આ ઉચ્ચ પદો પહેલાં દખ્ખણીયોના હસ્તક હતાં. અફાકિયોની નિયુક્તિએ જૂના અમીર વર્ગ અને તગબચિનના નેતૃત્વવાળા તુર્કી જૂથમાં એક મોટા અસંતોષને જન્મ આપ્યો. તગબચિનને ઈ.સ. 1397માં અફાકિયોના પ્રભાવને ઘટાડવામાં સફળતા મળી, જ્યારે તેણે એક સફળ ષડ્યંત્ર દ્વારા ગિયાસુદ્દીનને મરાવી નાખી શમ્સુદ્દીન દાઉદ બીજા(1397)ને એક 'કઠપૂતળી' સુલતાન બનાવ્યો અને પોતે 'મલિક નાએબ' અને 'મીર જુમલા'નો હોદ્દો મેળવી લીધો. સુલતાન અહમદ શાહ પહેલા(ઈ.સ. 1422-36)એ પ્રથમ વાર એક અફાકિ ખલફ હસન બસરી(જેની મદદથી સત્તારૂઢ થયેલ)ને વકીલ-એ-સલ્તનતના ઉચ્ચતમ પદે નિયુક્ત કરી તેને મલિક-ઉત-તુજ્જાર(વ્યાપારીઓનો શાહજાદો)ની ઊંચી પદવી એનાયત કરી. અફાકિયોની આ અદ્ભુત પ્રગતિ તેના દ્વારા દખ્ખણીયોની તુલનાએ સતત વફાદારી દર્શાવવાના કારણે શક્ય બની હતી. અફાકિ સૈયદ હુસેન બડખોહી તેમ જ સાથીઓએ જ સુલતાન અહમદ શાહ પહેલાને પોતાના શાસનકાળના શરૂઆતનાં વર્ષોમાં વિજયનગર સામેના આક્રમણ દરમિયાન ત્યાંથી સહીસલામત ભાગી જવામાં સહાયતા કરી હતી. આના પરિણામે સુલતાન અહમદ શાહ પહેલાએ અફાકિ તીરંદાજોની એક ખાસ ટુકડી તૈયાર કરી. તેને આ પ્રકારના બીજા અનેક લાભો પણ મળતા રહ્યા. આ પ્રકારની નીતિરીતિઓએ દખ્ખણીયોમાં ઘેરા અસંતોષને જન્મ આપ્યો. બંને જૂથો વચ્ચે પડેલ ભંગાણ અહમદ શાહ બીજાના શાસનકાળમાં વધારે તીવ્ર બન્યું. હુમાયુ શાહે (ઈ.સ. 1458-61) બંને જૂથો વચ્ચે સમજૂતી સાધવા માટેના પ્રયાસો કર્યા. સુલતાન અહમદ શાહ ત્રીજા(ઈ.સ. 1461-65)ના સમયમાં દખ્ખણીઓએ શાસનની ધૂરા ખ્વાજા-એ-જહાં તુર્ક, મલિક-ઉત-તુજ્જાર અને મહમૂદ ગાવાંના શક્તિશાળી હાથોમાં નિહાળી. તેઓને અનુભવ થયો કે રાજ્યની વાસ્તવિક સત્તા અફાકિયોના હાથમાં જ કેન્દ્રિત થયેલી છે. બીજી બાજુ અફાકિયો એટલા માટે અસંતુષ્ટ હતા કે અહમદ શાહ બીજાના શાસનકાળમાં તેમને મળેલ સત્તાઓમાં, તેના ઉત્તરાધિકારીના સમયમાં મોટો કાપ મૂકવામાં આવ્યો. સુલતાન મોહમંદ શાહ ત્રીજા(ઈ.સ. 1463-1482)ના મુખ્ય વજીર મહમૂદ ગાવાંએ પણ આ બંને જૂથો વચ્ચે એકતા સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો, જેના પરિણામ સ્વરૂપે, તેણે મલિક હસનને તેલંગાણાના સર-એ-લશ્કર અને ફતઉલ્લાહને બરારના સર-એ-લશ્કરના હોદ્દા પર નિયુક્ત કર્યા. પરંતુ મહમૂદ ગાવાં પોતે જ જરીફ-ઉલ-મુલ્ક દખ્ખણી અને મિફતાહ હબ્સીના ષડયંત્રોનો ભોગ બન્યો. સુલતાન મોહમદશાહ ત્રીજાએ વિરોધી દખ્ખણી ઉમરાવોના આક્ષેપોની ચકાસણી કર્યા વિના જ તેમનો આક્ષેપ માન્ય રાખીને વજીર મહમૂદ ગાવાંને મારી નાખવાનો હુકમ કર્યો- 5મી એપ્રિલ, 1481. આમ એક મહાન વજીર જેણે ત્રણ પેઢીઓ સુધી બહમની રાજ્યની સેવા કરી હતી, તેના અંતની સાથે, મેડોઝ ટેલર લખે છે તેમ ''બહમની રાજ્યમાં એકતા અને શક્તિનું જે પરિબળ હતું તેનો અસ્ત થયો.'' આ પછી જૂથોની એકતા વીખરાઈ ગઈ અને પાછળથી નબળા સુલતાન એક યા બીજા જૂથના હાથોમાં કઠપૂતળી બનતા રહ્યા. પરિણામે બહમની રાજ્યમાં અરાજકતા અને આંતરકલહ ચરમ સીમાએ પહોંચ્યાં અને તેના પતનનો પ્રારંભ થયો.

મહમૂદ ગાવાંના અંત પછી સુલતાન મોહમદ શાહ ત્રીજાને પોતાની ભૂલ સમજાઈ અને પસ્તાવો પણ થયો પરંતુ વ્યર્થ. આને કારણે જ માત્ર એક જ વર્ષમાં ઈ.સ. 1482માં તે અવસાન પામ્યો. તેના પછી તેનો પુત્ર શિહાબુદ્દીન મહમૂદશાહ (ઈ.સ. 1482-1518) ગાદીએ આવ્યો. પરંતુ તે નિર્બળ પુરવાર થયો અને તેનામાં ઉમરાવોને અંકુશમાં રાખવાની શક્તિ પણ ન હતી. સમય જતાં રાજકારભારમાંથી તેનો રસ જ ઊડી ગયો. તેના શાસનકાળમાં સંઘર્ષ ચરમોત્કર્ષે પહોંચ્યો. વિદેશી અફાકિ ઉમરાવો અને દેશી દખ્ખણી ઉમરાવો વચ્ચેનો આંતરવિગ્રહ વધુ ઉગ્ર બન્યો. સુલતાનનો અફાકિ ઉમરાવો પ્રત્યે સ્પષ્ટ ઝુકાવ હતો, દખ્ખણી ઉમરાવોએ હબ્સી (એબિસીનિયાવાસી) જૂથ સાથે દોસ્તીનો હાથ લંબાવ્યો. હબ્સી જૂથે 1487માં સુલતાનને ખતમ કરવા માટેનો એક દુઃસાહસ- ભર્યો પ્રયાસ કર્યો પરંતુ તે અસફળ રહ્યો. આ ઘટનાના પગલે મોટી સંખ્યામાં દખ્ખણી ઉમરાવોની કત્લેઆમ શરૂ થઈ, જે સતત ત્રણ દિવસ સુધી ચાલુ રહી. આ જૂથોના ઝઘડાઓએ

કેન્દ્રને બિલકુલ નબળું પાડી દીધું. બહમની સલ્તનતના પતનની ઘડીઓ ગણાવા લાગી. શિહાબુદ્દીનનો શાસનકાળ કાસિમ બરીદ, મલિક અહ્‌મદ, નિજાજ-ઉલ-મુલ્ક, બહાદુર ગિલાની વગેરેના વિદ્રોહો અને કાવતરાંઓથી ભરેલો રહ્યો. શિહાબુદ્દીન મહમૂદ શાહનું અવસાન (ઈ.સ. 1518) થતાંની સાથે બહમની રાજ્યના ભાગલા પડી ગયા. એમ તો, આ પછી ચાર સુલતાનો ગાદીએ આવ્યા હતા, પરંતુ સલ્તનતનો ખરેખરો કારભાર તો કાસિમ બરીદના દીકરા અમીર બરીદના હસ્તક જ રહ્યો હતો. બહમની વંશના છેલ્લા સુલતાન કલીમુલ્લાશાહે પોતાના વંશની પુનઃ સ્થાપના માટે મોગલ બાદશાહ બાબરની મદદ મેળવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. અંતમાં, બીજાપુરના ઈબ્રાહીમ આદિલ શાહે સર્વ પ્રથમ પોતાની સ્વતંત્રતાની 1537માં ઘોષણા કરી. આ રીતે બહમની સલ્તનતના પ્રાદેશિક વિઘટનની પ્રક્રિયાનો પ્રારંભ થયો. છેવટે ઈ.સ. 1538માં છેલ્લા બહમની સુલતાન કલીમુલ્લાહના અવસાન સાથે તે વંશના 180 વર્ષના શાસનનો અંત આવ્યો. બહમની સલ્તનતના ભાગલા પડ્યા અને પાંચ સ્વતંત્ર સુલતાનોને હસ્તક વહેંચાઈ ગઈ : (1) બીજાપુર : આદિલશાહી (2) ગોવલકોંડા : કુતુબશાહી (3) અહમદનગર : નિઝામશાહી (4) બીદર : બરીદશાહી અને (5) બરાર (વરાડ) : ઈમાદશાહી

## 28.5 કેન્દ્રીય તથા પ્રાંતીય વહીવટ (Central and Provincial Administration)

બહમની શાસકોએ દિલ્હી સલ્તનતની વહીવટી વ્યવસ્થાનું અનુકરણ કર્યું હતું. બહમની રાજ્યનું વહીવટી તંત્ર ઇસ્લામિક આદર્શ મુજબ ઘડાયેલું હતું. ભારતની અન્ય સલ્તનતો અને રાજ્યોની જેમ બહમની સુલતાન સર્વોપરી શાસક, સેનાપતિ, વહીવટકર્તા અને ન્યાયાધીશ ગણાતો. સુલતાનને સૈદ્ધાંતિક રીતે ભલે સર્વોપરી સત્તાઓ મળેલી હોય પરંતુ પ્રત્યક્ષ રીતે તેને પોતાના પ્રધાનોની સલાહ પ્રમાણે ચાલવું પડતું. આમ છતાં ડૉ. એસ. આર. શર્મા જણાવે છે તેમ ''પ્રત્યેક પ્રધાનની એ ફરજ ગણાતી કે તે સુલતાનની પ્રત્યેક ઇચ્છાને પૂરી કરવાનો પ્રયત્ન કરે.''

કેન્દ્રીય કક્ષાએ સુલતાનને વહીવટમાં મદદ માટે એક મંત્રીમંડળ રહેતું જેમાં વકીલ, વજીર, બક્ષી અને કાઝી મુખ્ય હતા. આ સિવાય દબીર, મુફતી, કોટવાળ અને મુહતસિબ હતા. મુનહિયાનો (જાસૂસો) માત્ર રાજ્યના દરેક વિસ્તારોમાં જ નહીં પરંતુ દિલ્હીમાં પણ નિયુક્તિ પામ્યા હતા. આ ઉપરાંત સુલતાનના અંગરક્ષકોનું પણ એક મોટું દળ હતું અને તેની વ્યવસ્થા માટે એક મંત્રી અને એક નાયબમંત્રીની નિમણૂક કરવામાં આવી હતી.

બહમની સામ્રાજ્યની પ્રાંતીય વ્યવસ્થાનો યશ તેના સ્થાપક અલાઉદ્દીન બહમનશાહને ફાળે જાય છે. મુહમ્મદ પહેલાના શાસનકાળમાં બહમની સામ્રાજ્યને ચાર પ્રાંતોમાં વિભાજિત કરવામાં આવ્યું. આ સમયમાં જ આ પ્રાંતોને 'તરફ' એવું નામ મળ્યું. દોલતાબાદ, બરાર, બીદર અને ગુલબર્ગા–આ ચાર મુખ્ય પ્રાંતો હતા. આ પ્રાંતોના - તરફોના-વહીવટી વડાને તરફદારો (સૂબા) કહેવામાં આવતા. આ તરફદારોને વિશાળ સત્તાઓ હતી. ગુલબર્ગાનું વ્યૂહાત્મક મહત્ત્વ ધ્યાનમાં લઈ ત્યાં અત્યંત વિશ્વાસુ એવી વ્યક્તિની જ તરફદાર તરીકે નિમણૂક કરવામાં આવતી જેને મીર નાયબ (વાયસરૉય) કહેવામાં આવતો હતો જે અન્ય પ્રાંતોના તરફદારો-સૂબાઓથી જુદો હતો. સમય જતાં સામ્રાજ્યની પ્રાદેશિક સરહદોનો વિસ્તાર થતાં વજીર મહમૂદ ગાવાંએ બહમની સામ્રાજ્યને કુલ આઠ પ્રાંતોમાં વિભાજિત કર્યું હતું. સામ્રાજ્યના કેટલાક પ્રદેશોને સુલતાન દ્વારા સીધા પોતાના નિયંત્રણમાં લઈ લેવામાં આવેલ જે ખાસા-એ-સુલતાની તરીકે ઓળખાતા.

પ્રાંત અથવા 'તરફ'ને સરલશ્કરીમાં અને તેને 'સરકાર'માં પણ વહેંચવામાં આવતું. 'સરકાર' એ આજના જિલ્લા જેટલું એકમ હતું. જિલ્લા-સરકારોનું પરગણાંઓમાં વિભાજન થતું. પરગણાને આજના તાલુકા સાથે સરખાવી શકાય, જ્યારે સ્થાનિક વહીવટના ક્ષેત્રે ગામડું એ સૌથી નાનું વહીવટી એકમ ગણાતું. અનેક ગામડાંઓ મળીને એક પરગણું બનતું.

સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ કાઢતાં કહી શકાય કે બહમની સલ્તનતનું વહીવટી તંત્ર પણ અન્ય સલ્તનતો, રાજ્યો કે સત્તાઓની જેમ સુવ્યવસ્થિત અને દઢ હતું.

## 28.6 સૈનિક સંગઠન (Army Organization)

લશ્કરનો સેનાપતિ અમીર-ઉલ-ઉમરા હતો. બહમની સામ્રાજ્યની સેનામાં મુખ્યત્વે પાયદળ સિપાઈઓ અને અશ્વદળનો સમાવેશ થતો હતો. હાથીઓ પણ રાખવામાં આવતા હતા. શાસક વર્ગ

એકમ મોટી સંખ્યામાં અંગરક્ષકોની ટુકડીઓ રાખતો, જે 'ખાસાખેલ' કહેવાતા હતા. એવું કહેવાય છે કે મુહમ્મદ પહેલા પાસે 4000 અંગરક્ષકો હતા. આ સિવાય સિલહદાર હતા જે સુલતાનના વ્યક્તિગત શસ્ત્રાગારની જાળવણીનું કાર્ય કરતા હતા. જરૂર પડ્યે બરબરદાનોને લશ્કરની ભરતી માટે કહેવામાં આવતું હતું. બહમની લશ્કરની મુખ્ય વિશેષતા દારૂગોળાનો ઉપયોગ હતો જે લશ્કર માટે ખૂબ જ ફાયદાકારક બની રહ્યો હતો.

15મી સદીમાં ભારતનો પ્રવાસ કરનાર ઈટાલીયન પ્રવાસી નિકોલો કોન્ટી લખે છે કે ''તેનું લશ્કર ભાલાઓ, તલવારો, વિભિન્ન પ્રકારનાં અન્ય હથિયારો, ધનુષ્યો અને બાણોનો ઉપયોગ કરતું હતું.'' આગળ ચાલતાં તે જણાવે છે કે ''પ્રાક્ષેપિક અને ગોળાબારીનાં મશીનો અને સાથે જ ઘેરાબંધીના હથિયારોનો પણ ઉપયોગ કરવામાં આવતો હતો.'' 1500-1517 દરમિયાન ભારતનો પ્રવાસ કરનાર બાર્બોસાએ પણ આવા જ વિચારો પ્રગટ કર્યા છે કે તેઓ ગદાઓ, ફરસીઓ, ધનુષ્યો અને બાણોનો ઉપયોગ કરતા હતા. બહમની રાજ્યના વજીર મહમૂદ ગાવાંએ લશ્કરના વહીવટી માળખાને વધારે ચેતનવંતું બનાવ્યું. અગાઉ તરફદારોને કિલ્લાના કિલ્લેદારો નીમવાનો સંપૂર્ણ અધિકાર હતો, જ્યારે હવે મહમૂદ ગાવાંએ એક કિલ્લાને એક તરફદારના ન્યાયાધિકાર તળે રાખીને બાકી અન્ય તમામ એક જ પ્રાંતના કિલ્લાઓને કેન્દ્ર સરકારના સીધા જ નિયંત્રણ તળે મૂક્યા. ભ્રષ્ટાચાર પર અંકુશ મૂકવા તેણે એક નિયમ બનાવ્યો કે પ્રત્યેક અધિકારીને તેના દ્વારા સંચાલિત પ્રત્યેક 500 સૈનિકોના હિસાબે એક ચોક્કસ રકમ આપવામાં આવશે. જ્યારે આ અધિકારીને રોકડ વેતનની જગ્યાએ એક પ્રદેશમાંથી મહેસૂલ વસૂલ કરવા માટેનો અધિકાર આપવામાં આવતો હતો ત્યારે તેને મહેસૂલ વસૂલ કરવામાં થનાર ખર્ચ રોકડ નાણાંના રૂપમાં અલગ આપવામાં આવતો હતો. જો તે ચોક્કસ સંખ્યામાં સૈનિકો રાખવામાં અસફળ રહેતો તો તેણે તે માત્રામાં રકમ રાજકોશમાં પરત કરવાની રહેતી હતી. ડૉ. આર. સી. મજુમદાર જણાવે છે કે ''અસાધારણ શક્તિઓ દ્વારા નિષ્કલંકિત પ્રમાણિકતા બતાવીને મહમૂદ ગાવાંએ બહમની સલ્તનતની સેવા કરી હતી અને પોતાની ચાણક્ય નીતિ દ્વારા અને સફળ લશ્કરી ગતિવિધિઓ દ્વારા તેની પૂર્વેના કોઈ પણ બહમની શાસક કરતાં તેણે સલ્તનતના સીમાડાઓ વિસ્તૃત કર્યા હતા.''

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. અફાકિયો અને દખ્ખણીયો વચ્ચેના સંઘર્ષનો અહેવાલ આપો.

..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................

2. વજીર મહમૂદ ગાવાં દ્વારા વહીવટ અને લશ્કર સંગઠનમાં કયાં કયાં પરિવર્તનો કરવામાં આવ્યાં ?

..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................

## 28.7 અર્થવ્યવસ્થા (Economy)

બહમની સુલતાન ફિરોઝશાહ અને વજીર મહમૂદ ગાવાંએ વેપાર-વાણિજ્યના વિકાસ ઉપર પૂરતું ધ્યાન આપ્યું હતું. સુલતાન ફિરોઝશાહે રાજ્યનાં બે મુખ્ય બંદરો, 'ચૌલ' અને 'દાભોલ'ના વિકાસના સંદર્ભે કેટલાંક પગલાંઓ ભર્યાં હતાં. આ બંદરોએ રાતા સમુદ્ર અને ઈરાની અખાતના માર્ગે ઈરાન,

અરબસ્તાન, આફ્રિકા અને યુરોપનાં વિવિધ બજારોમાંથી ચીજવસ્તુઓ આવતી. મહમૂદ ગાવાંએ સમગ્ર મુંબઈ-કર્ણાટક કિનારા વિસ્તાર બહમની સલ્તનત માટે જીતીને તથા ત્યાં યોગ્ય વહીવટી વ્યવસ્થા ઊભી કરીને અને છેવટે ગોવાને પણ કબજે કરીને બહમની સલ્તનતની આર્થિક સમૃદ્ધિમાં નોંધપાત્ર વધારો કર્યો હતો. આ પ્રકારના વિજયો દ્વારા સલ્તનત સમૃદ્ધ બનેલી અને એ જ સમૃદ્ધિ અને પ્રજાની સુખાકારીનું વર્ણન ઈ.સ. 1469-1474 દરમિયાન દક્ષિણમાં યાત્રા કરનાર રશિયન મુસાફર અથનેસિયસ નિકિતિને કર્યું છે. તે જણાવે છે કે મુખ્યત્વે ઘોડા, વસ્ત્રો, રેશમ અને મરચાં-(pepper)નો વેપાર થતો હતો. તે આગળ વિવરણ આપતાં કહે છે કે, શિખબાલુદ્દિન પેરાતિર અને અલાદિનાન્દનાં બજારોમાં મોટી સંખ્યામાં લોકો એકઠાં થતા હતા. અહીં વ્યાપાર દસ દિવસ સુધી ચાલુ રહેતો હતો. રશિયન મુસાફર બહમની સલ્તનતના દરિયાઈ બંદર મુસ્તફાબાદ - દભોલનું એક વાણિજ્ય કેન્દ્ર તરીકે વર્ણન કરે છે. દભોલ માત્ર ભારતનાં જ નહીં બલકે આફ્રિકાનાં બંદરો સાથે પણ સારી રીતે સંકળાયેલું હતું. અરબસ્તાન, ખુરાસાન અને તુર્કસ્તાનથી ઘોડા મોટા પાયા પર આયાત કરવામાં આવતા હતા. વેપાર-વાણિજ્ય મુખ્યત્વે હિન્દુ વ્યાપારીઓ હસ્તક હતો. કસ્તૂરી અને ફર-(fur)ની આયાત ચીનથી કરવામાં આવતી હતી.

આ ઉપરાંત વજીર મહમૂદ ગાવાંએ જમીનમહેસૂલમાં સુધારા કર્યા અને જમીનની માપણી કરાવી. ગામડાં અને કસ્બાની સીમાઓ માટે નિર્ધારણ કરવાના આદેશો બહાર પાડ્યા. આ રીતે, આ ક્ષેત્રમાં તેને રાજા ટોડરમલનો પુરોગામી ગણાવી શકાય. આ પ્રકારના પ્રયત્નોથી રાજકોશને મોટો લાભ થયો. એક તો, સલ્તનતની આવક નિશ્ચિત અને નિર્ધારિત બની. બીજું, તેણે અમીરોના ભ્રષ્ટાચારને પણ અમુક અંશે મર્યાદિત બનાવ્યો. પરિણામે સલ્તનતની આવકમાં નોંધપાત્ર વધારો થયો.

## 28.8 સમાજ અને સંસ્કૃતિ (Society & Culture)

બહમની સલ્તનતની સામાજિક સંરચના સર્વદેશીય હતી, જેમાં મુસ્લિમ, હિંદુ, ઈરાની, ટ્રાન્સ ઓક્સિયન, ઇરાકી અને એબિસીનિયન (હબસી) ભળેલા હતા. 16મી સદીના પ્રારંભે પોર્ટુગીઝોનું આગમન થયું. જો ભાષાકીય ઢાંચા પર ધ્યાન આપવામાં આવે તો આ વિષમ લાક્ષણિકતાઓનો વધારે સારી રીતે ખ્યાલ આવશે. ફારસી, મરાઠી, દખ્ખણી ઉર્દૂ (શરૂઆતની ઉર્દૂ), કન્નડ અને તેલુગુ ભાષાઓ સલ્તનતના વિવિધ ભાગોમાં વ્યાપક પ્રમાણમાં બોલવામાં આવતી હતી.

સામાન્ય રીતે સમાજમાં બે વર્ગો હતા. રશિયન મુસાફર અથનેસિયસ નિકિતિનના વિવરણ મુજબ સમાજમાં એક તરફ નિર્ધન અને બીજી તરફ અમીર વર્ગ હતો, જે અતિ સમૃદ્ધ હતો. તેનું કહેવું છે કે ''અમીરોને ચાંદીની પાલખીઓ પર બેસાડીને લાવવામાં આવતા હતા, જેની આગળ સોનાનાં આભૂષણોથી લદાયેલા 20 ઘોડા રહેતા હતા અને 300 ઘોડેસવાર તથા 500 પાયદળ સૈનિકો રહેતા. 10 મશાલચીઓ સાથે સાથે ચાલતા હતા.'' અથનેસિયસ નિકિતિન બહમની સલ્તનતના વજીર મહમૂદ ગાવાંના વૈભવનું પણ જીવંત વર્ણન કરે છે. તે લખે છે કે દરરોજ તેની સાથે 500 માણસ ભોજન લેતા હતા. તેના ઘરની સુરક્ષા માટે દરરોજ 100 સશસ્ત્ર સૈનિકો દેખરેખ દ્વારા ચોકીપહેરો ભરતા હતા. આથી બિલકુલ ઊલટું આમપ્રજા નિર્ધન હતી. જોકે નિકિતિન બે જ વર્ગોનું વર્ણન કરે છે. પરંતુ એક અન્ય વર્ગ - વ્યાપારી વર્ગ (કહેવાતો મધ્યમ વર્ગ)-પણ આ સમયમાં અસ્તિત્વમાં હતો.

દિલ્હી સલ્તનતની જેમ અને મધ્યયુગીન વાતાવરણની અસર તળે બહમની સુલતાનોએ પણ અસહિષ્ણુતાભરી ધાર્મિક નીતિનો ઘણે અંશે અમલ કર્યો હતો. જોકે એ યુગના મુસ્લિમ તવારિખકારો મુસ્લિમ શાસકોના પરાક્રમો અને જેહાદનું અતિશયોક્તિપૂર્ણ વર્ણન કરવા માટે અયોગ્યપણે અમુક શાસકે આટલાં મંદિરો અને અમુક મૂર્તિઓનું ખંડન કર્યું તેનાં વર્ણનો કરતા. પરિણામે ધાર્મિક નીતિ સંદર્ભે ભારે ગેરસમજ પણ ઊભી થવા પામી છે.

સૂફી-સંતોનું બહમની શાસકો દ્વારા ભારે માન-સન્માન કરવામાં આવતું. પ્રારંભમાં બહમની રાજ્યને પોતાની સત્તા માટે જનતાની માન્યતા પ્રાપ્ત કરવાના હેતુથી સૂફીઓના સહયોગની જરૂરિયાત ઊભી થઈ. બહમની રાજ્યમાં આવેલ સૂફીઓમાંથી મુખ્યત્વે ચિશ્તી, કાદિરી અને શત્તારી સૂફી સંપ્રદાયના હતા. બીદર કાદિરી સમ્પ્રદાયના મહત્ત્વપૂર્ણ કેન્દ્રોમાંનું એક હતું. શેખ સિરાજઉદ્દીન પ્રથમ સૂફી હતા જેણે સુલતાનની કૃપાદષ્ટિ પ્રાપ્ત કરી હતી. ચિશ્તી સંતોને સૌથી વધારે આદર મળતો હતો. દિલ્હીના પ્રસિદ્ધ ચિશ્તી સંત સૈયદ મૌહમ્મદ ગેસૂ દરાઝ ઈ.સ. 1402-1403માં ગુલબર્ગા ખાતે આવીને રહ્યા. સુલતાન ફિરોઝશાહે તેની ખાનકાહની સારસંભાળ અને ખર્ચ માટે મોટી સંખ્યામાં ગામો અનુદાનમાં

આપ્યાં હતાં. પરંતુ તેના શાસનના અંત ભાગમાં બંને વચ્ચે મનદુઃખ પેદા થયું કેમ કે ગેસૂ દરાઝે સુલતાનના ભાઈ અહમદનો તેના ઉત્તરાધિકાર માટે પક્ષ લીધો. આ કારણે અંતમાં ગેસૂ દરાઝને ગુલબર્ગામાંથી હાંકી કાઢવામાં આવેલ.

અફાકિઓ દ્વારા ભારે મોટી સંખ્યામાં બહમની રાજ્યમાં આવવાથી શિયા મુસ્લિમોને પણ ફઝલુલ્લાહના પ્રભાવમાં ખાસ સ્થાન મળ્યું. અહમદશાહ પ્રથમ દ્વારા 30,000 ચાંદીના ટંકા કર્બલા-(ઇરાક)ના સૈયદો વચ્ચે વિતરણ માટે મોકલવા એ તેના શિયા તરફી વલણને પ્રદર્શિત કરે છે. સુલતાન અહમદ શાહ ત્રીજાનો સૌથી પ્રભાવશાળી વજીર પણ એક શિયાપંથી હતો.

હિંદુ પરંપરાઓ અને સંસ્કૃતિનો પણ બહમની દરબારમાં પ્રભાવ હતો. સુલતાન ફિરોઝશાહ (1397-1422) દ્વારા વિજયનગરના શાહી પરિવારની એક કન્યા સાથે લગ્ન કરવાથી હિંદુ-મુસ્લિમ સાંસ્કૃતિક સૌહાર્દતાને પ્રોત્સાહન મળ્યું. એક દંતકથા મુજબ ફિરોઝશાહ એક વાર હિંદુ ફકીરના વેશમાં વિજયનગર પણ ગયો હતો. ઉર્સ જેવા મહત્ત્વપૂર્ણ સમારોહમાં પણ હિંદુ પ્રભાવ જોઈ શકાય છે. ઉર્સ સમારોહમાં, જંગમ સમારોહને વિશિષ્ટ હિંદુ રીત - શંખનાદ, ફૂલ ચડાવવાં વગેરે - દ્વારા સંપન્ન કરવામાં આવતો હતો.

ડૉ. આર. સી. મજુમદાર જણાવે છે કે ''લગભગ બધા જ બહમની સુલતાનો પોતે વિદ્વાન હતા અને તેઓ વિદ્વાનોના મહાન પુરસ્કર્તા હતા.'' આગળ ચાલતાં આ જ લેખક નોંધે છે કે ''બહમની સુલતાનોના ઇતિહાસમાં મુખ્યત્વે વિગ્રહો અને આંતરિક યુદ્ધો જોવા મળે છે. તેમ છતાં તેમણે વિદ્યાભ્યાસ અને વિદ્વાનોને જે ઉત્તેજન આપેલું, તેમણે જે કિલ્લાઓ અને ભવ્ય ઇમારતોનું બાંધકામ કરાવેલું, તેને માટે તેઓ યશના અધિકારી બને છે.''

બહમની સલ્તનતના અન્ય સાંસ્કૃતિક પાસાંઓની જેવા કે સ્થાપત્ય, કલા, શિક્ષા વગેરે અંગે વિભાગ 8માં વિસ્તૃત અભ્યાસ કરીશું.

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. બહમની સામ્રાજ્યમાં 'વેપાર-વાણિજ્ય'એ અંગે નોંધ લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2. બહમની સલ્તનતની સામાજિક સંરચના વર્ણવી રશિયન પ્રવાસી નિકિતિનના તે અંગેના વિચારો વર્ણવો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

3. બહમની સલ્તનત પર 'સૂફી સંતોનો પ્રભાવ' એ વિશે ટૂંકી નોંધ લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

## 28.9 સારાંશ

સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ કાઢતાં જોઈ શકાય છે કે કેવી રીતે અમીર-એ-સાદાહ એક સ્વતંત્ર બહમની સલ્તનત સ્થાપિત કરવામાં સફળ થયા. બહમની સલ્તનતના પ્રારંભિક વિકાસકાળમાં તેનો વિજયનગર, માળવા અને તેલંગાણાના શાસકો સાથે નિરંતર સંઘર્ષ ચાલતો રહ્યો. આપણે એ પણ જોઈ ગયા કે કેવી રીતે અફાકિયો અને દખ્ખણીયો વચ્ચેના વિવાદે બહમની સલ્તનતના વિભાજનનો માર્ગ મોકળો કર્યો. જ્યાં સુધી વહીવટી વ્યવસ્થાનો પ્રશ્ન છે, તે પદવીઓ,

નામાભિધાન અને મહમૂદ ગાવાંના જમીન માપણીના સુધારાને બાદ કરતાં, (દિલ્હી) સલ્તનતથી વધુ જુદી ન હતી.

## 28.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. જુઓ, ભાગ, 28.2
2. જુઓ, પેટા વિભાગ, 28.3.1 અને 28.3.2

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. જુઓ, ભાગ, 28.4
2. જુઓ, ભાગ, 28.5 અને 28.6

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. જુઓ, ભાગ, 28.7
2. જુઓ, ભાગ, 28.8
3. જુઓ, ભાગ, 28.8

## 28.11 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અફાકિ :** શાબ્દિક અર્થ સર્વદેશીય; અફાકથી, નવો કુલીન વર્ગ (ઈરાન, ઇરાક અને ટ્રાન્સઓકિસાયાથી)
**અમીર હજારાહ :** એક હજારી અમીર
**દખ્ખણી :** જૂનો દખ્ખણી ભદ્ર વર્ગ
**દરવેશ :** મુસ્લિમ સંત
**ઈકલીમ :** પ્રાંત
**ઇનામ :** મહેસૂલ મુક્ત અનુદાન
**જંગમ :** લિંગાયત પંથનો વડો
**મુહતસિબ :** લોકાચરણ પર દેખરેખ રાખનાર
**મુનહિયાનો :** જાસૂસો
**દબીર :** સચિવ
**મુફતી :** કાયદાનું અર્થઘટન કરનાર
**ખાનકાહ :** સૂફી સંતોને રહેવાની જગ્યા
**ખાસા ખેલ :** સુલતાનના અંગરક્ષકો
**નાયબ :** સૂબો - વાયસરૉય
**શિક :** જિલ્લા જેવું વહીવટી એકમ
**શિકદાર :** જિલ્લા-અધિકારી
**સિહલદાર :** શસ્ત્રાગારનો રખેવાળ
**તરફદાર :** પ્રાંતનો વડો

# કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. Mahammad Habbi and K.A. Nizami : *Delhi Sultante* Vol I & II
2. A. B. Pandey : *Early Medieval India & Later Medieval India*
3. Dr. Ishwari Prasad : *Medieval India.*
4. T. V. Mahalingm : *Administration and Society under Vijaynagar.*
5. Nilakantha Sastri : *A History of South India*
6. बी. अेन. भुणिया : *पूर्व मध्यकालीन भारत का राजनैतिक एवं सांस्कृतिक इतिहास*
7. डॉ. मथुरालाल शर्मा : *दिल्ली सल्तनत*
8. डॉ. वी. एस. भार्गव : *मध्यकालीन भारतीय इतिहास एवं संस्थाएँ*
9. ડૉ. છોટુભાઇ નાયક : મધ્યયુગીન ભારત-ખંડ *2*
10. ભારત દર્શન - *2* (મધ્યકાલીન ઇતિહાસ, જ્ઞાનગંગોત્રી ગ્રંથ - શ્રેણી - 21.)
11. પ્રા. દેવેન્દ્ર પૂ. ભટ્ટ : ભારત ઈતિહાસ દર્શન
12. Dr. R. C. Majumdar : *Delhi Sultanate Ed,* Vol VI
Bharatiya Vidya Bhavan, Bombay.

નોંધ

નોંધ